કુમાર

૫૪૮
સંસ્થાપક : રવિશંકર રાવળ · તંત્રી
બચુભાઈ રાવત · વર્ષ ૪૬ · અંક ૮
ઑગસ્ટ ૧૯૬૯ · સળંગ અંક ૫૪૮



ચિત્રોની સમજ માટે જુઓ: આ અંકની વચ્ચેના મોટા ચિત્રપટ


કુમાર

ઑગસ્ટ ૧૯૬૯ • અંક ૫૪૮

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૬-૨૦ પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૫૦.




તાજમહાલ : આમ તો સંખ્યાબંધ ચિત્રો દ્વારા આ જગવિખ્યાત મકબરો ખૂબ જાણીતો થઈ ચૂક્યો છે, પણ આવા ધુમ્મસમય આછા પ્રકાશમાં એની જે પહલુ રજૂ થઈ છે એ અનોખી છે, અને એ બતાવવામાં જ ફોટો-કલાકાર આબિદભાઇ સૈયદની ખૂબી છે. લગભગ ત્રીસ વર્ષથી 'કુમાર' અવારનવાર એમનાં ફોટોચિત્રો આપતું રહ્યું હોઈ મોટાભાગના વાચકો એમની કળાથી સુપરિચિત છે. વચ્ચે ૧૯૪૦–'૪૧માં ઊગતા ફોટોગ્રાફરોને માર્ગદર્શન આપતા એમના નાનાનાના લેખો પણ 'કુમાર'માં પ્રકટ થયા હતા. એમના વડીલ બંધુ જૂના પાલનપુર રાજ્યના રાજ-ફોટોગ્રાફર હોઈ, ત્યાંથી આરંભી અનેક રજવાડાંઓમાં એમણે પોતાની ખ્યાતિ જમાવી હતી. દેશ-પરદેશનાં ફોટો-પ્રદર્શનોમાં પણ એમણે સંખ્યાબંધ ઈનામો મેળવ્યાં છે અને આજે ૬૫ વર્ષની વયે પણ તેઓ એવા જ રસથી આ કલા-વ્યવસાયમાં સક્રિયતા દાખવે છે. મુંબાઈ પછી આ માસમાં અમદાવાદમાં એમનાં ફોટોચિત્રોનું એક પ્રદર્શન યોજાયું છે, જેમાંની એક કૃતિ ઉપર આપી છે.





(જમણી બાજુ આબિદભાઈ : ૧૯૩૨માં અને આજે.)



સૂરદાસની સેવા(ચિત્રકાર: જગુભાઈ શાહ) પ્રેમને પારખવા આંખની જરૂર નથી; માત્ર સ્પર્શ વડે પણ એ વ્યક્ત થાય છે. સૂરદાસને યે વાછરડીઓ ભલે દેખાતી નથી પણ એના પ્રેમને એ આંખ વિના યે કેવો માણે છે એ સંવેદનને ચિત્રકારે તાદશ કર્યું છે. વાછરડીઓ ને સૂરદાસના ચહેરાથી રચાતી સંયોજનરેખા પણ ચિત્રવિસ્તારમાં ઘૂમી એ જ ભાવને કેન્દ્રસ્થ કરે છે.



પૂર્વ ભારતની, ૧૯મી સદીના આરંભકાળની **હાથીદાંતની શોભનમંડિત પાદુકા:** આ અંકમાં જેનો પરિચય આપ્યો છે એ ભારતના રાષ્ટ્રીય સંગ્રહસ્થાનમાં કલાકૌશલના આવા તો સંખ્યાબંધ નમૂનાઓ છે. એમાં કાશ્મીરી શાલ, ચંબાના રૂમાલ, ને કચ્છ સૌરાષ્ટ્રના આભલાંવાળા ભરતના નમૂના, રૂપેરી બિદરી કામવાળા હોકા, રકાબીઓ ને રાચરચીલું, ચશબનાં રત્નમંડિત પાત્રો; કાચ, શંખ-છીપ ને હાથીદાંતની શોભનસુંદર રોજિંદા વપરાશની કલામય ચીજો, અનેકવિધ આભૂષણો વગેરે વિવિધ સમય ને પ્રકારોનો મોટો સંગ્રહ છે.

(ફોટોગ્રાફ • નૅશનલ મ્યૂઝિયમના સૌજન્યથી)

આંગળીના વેઢામાં / મનોહર ત્રિવેદી[1]

• ગાન •

આંગળીના વેઢામાં સુરઝાતા દિવસો, સાવનમાં કેમ કરી ફોળશે?
મારા ફળિયામાં કાગ ક્યેં બોલશે?

શેરીના નાકામાં પડઘાતા સાંભળું એડીના બોલ એ જૂના,
ભુખરાતી સાંજની વેળા એ સાંકળમાં ના છલક્યા કલરવ કે'દુના;
ખડકીમાં ઝાંકીને જોતું એકાન્ત ક્યેં હળવેથી આગળિયો ખોલશે?
મારા ફળિયામાં કાગ ક્યેં બોલશે?

ઓશરીની કોર પર ઝૂરે સવાર અને બુઝાતી રાત રોજ ટોડલે,
મોગરાનાં ફૂલની ઝહેકઝહેક ફરફરશે ક્યારે તે પાછી અંબોડલે?
કે'દિ', કમખાની ભાત્યના રૂઠેલા મોર એના હોઠોનાં ગીતે હિલ્લોળશે?
આંગળીના વેઢામાં સુરઝાતા દિવસો, સાવનમાં કેમ કરી ફોળશે?
મારા ફળિયામાં કાગ ક્યેં બોલશે?

ઊંઘ / માધવ રામાનુજ[2]

• મનહર •

ચાડિયાની આંખ તળે ચકલીનો રાતવાસો,
સીમનું રખોપું કરે રેઢિયાળ ઊંઘ.

અંધકાર ખેડી રહ્યું તમરાંનું તીણું હળ,
કુણાંકુણાં ચાસમાં ઓરાય મીઠી ઊંઘ.

ગાતડીની ગાંઠ વાળી, શિયાળની લાળી ભેળી
રાતરાણી તણી ગંધ લણી રહી ઊંઘ.

ચાકડે ચડીને કૈંક સોણલાં ઉતાર્યાં કરે,
નિભાડામાં ધીરે ધીરે ઠરી જાય ઊંઘ.

ઘોડિયામાં ઘર આખું ઢબૂરીને મેડે ચડી,
..............મૂંગીમૂંગી શરમાય ઊંઘ.

ગૂંગળાતું ઘર / મૌન બલોલી[3]

• કટાવ-લાવણી •

તમસ મૌનનું
ઘંટીના બે હોઠ વચાળે
ઘેરું થીજ્યું.

ગમાણિયે બાંધેલ વસૂક્યાં ઢોર;
લટકતો ઑસ ભીંતપે
ઊધઈ કોરતી ન્યાળી,
કરોળિયાના જાળે
કાળજ ગોળીનું કોરાય.

ચૂલામાં આળોટે છે રાખ,
લીતરે ભડભડ બળતી આગ.
છાજલી ભરે વિહગકલશોર,
રિક્તતા ટોળે વળતી ઓર.

બારીએ બાંધેલા ફૂંડે
છેતરાઇને પાછાં પંખી
તરસ્યાં ઊડી જાય.

ઢોલિયો પડ્યો પડ્યો પીડાય,
હેલનું તરસે ગળું સૂકાય,
વળગણી ચૂંદડી શોધે, વળી
પટારે પાનેતર રૂંધાય.
ઉઘાડાં દ્વારે ઘર ગૂંગળાય...

કાંટો / ધીરુ પરીખ[4]

• ગાન •

શોકય, મારી ઝાંખરે ભરાણી ઝીમી
કે કાંટો બટક દઇને બટક્યો;
ગોત્ય કરું આભલાંને અંજવાસ
કે કાંટો કઈ કોર જઇને અટક્યો!
અર્યં, ત્યાં તો ટેરવે ટશિયો ફૂટ્યો
કે કાંટો ચટક દઇને ચટક્યો;
અર્યં, મેં તો મોંમાં આંગળી મેલી
કે કાંટો તઈ ચોર થઇને છટક્યો!
હાય, ઈ તો રુદિયા હોંહરો નહર્યો
કે કાંટો ખટક દઇને ખટક્યો;
લાહ્ય મેલી લીલા જીવતર માંહ્ય
કે કાંટો કઈ મોર થઇને ભટક્યો!
શોકય, તારી જીભની ચંદન-ડાળે
કે કાંટો સરપ થઈને લટક્યો;
શોકય, મારી ઝાંખરે ભરાણી ઝીમી
કે કાંટો બટક દઇને બટક્યો!

કાં? / રમણ સોની[5]

• મિશ્ર •

પ્રભાતમાં ઝાકળની કીકીમાં
જોઉં તમારું સ્મિત શ્વેત-શુભ્ર,
અશબ્દ એ આ નભલાલિમામાં
ઝહોરી ઊઠે ઓષ્ઠ–શું લાલલાલ.

બપોરના આતપમાં વિલોકું
રોષે ભરેલી તવ આંખને, પ્રિયે!
વ્યાપી રહે કંપન વાયુમાં, તવ
કંપી રહે અંગુલિ-ઓષ્ઠ જાણે.

રિસાઇને તેં લીધ ફેરવી મુખ,
સમીપ આવી સ્પરશું કપોલ...ને
ચૂઈ પડે આંખ...રતાશ ચૂમી લૈં
જાણે, વિલોકું જવ આર્દ્ર સંધ્યા!

તમે બધે આમ વસી રહો કાં?
વિયોગની તો તક એક દો, પ્રિયે!

ઘર / મનહર તળપદા[6]

• ગઝલ •

લીલેરી લીમડીની ટોચ પરથી ભાંભરે છે ઘર,
હવે પારેવડાંનો નીડ થઇને સાંભરે છે ઘર.

ચડીને ચાકડાના ગોળ ચકરાવે, નજર માંહી
પવનસંગે પડોશે ફેરફૂદરડી ફરે છે ઘર.

કમાડે કોક ઓછીઓછી થાતી કીકીઓમાંથી
ટપકતાં બે'ક આંસુએ વિરહમાં નીતરે છે ઘર.

અગાસીમાં ગવનની લાલ કોરે જાગતા બેઠા
સૂના આવાસનાં સપનાં મહીં કોઈ તરે છે ઘર.

સવારે આંગણાના મોગરે બાથોડિયાં ભરતું,
ઘડી કિલ્લોલમાં ગાજી ઊઠીને પાંગરે છે ઘર.
બપોરે ગામ આખાનું ભરીને મૌન સાંભેલે
ગગનની રિક્તતા ચારે તરફથી આવરે છે ઘર.

૧) વિરહે આળા થઈ ગએલા હૃદયની અધીરાઈ: કમખાના રૂઠેલા મોર એના ગીતથી મનાઈ જવાના છે—પણ ક્યારે? ૨) ઘર આખાને ઘોડિયામાં ઢબૂરી દઈને મેડે ચડ્યા પછી મૂંગુંમૂંગું શરમાતી ઊંઘને જુદાંજુદાં ચિત્રો દ્વારા બહેકાવી છે. ૩) પટારે પીડાતા પાનેતરની પહેરનારીના વિરહમાં ગૂંગળાઈ રહેલા ઘરનું વેધક ચિત્ર. ૪) ઝાંખરે ઝીમી ભરાય અને એને કાઢવા જતાં કાંટો ન બટકે એવું બને કાંઈ? ને કાંટો ય તે કેવો, કે કેડો જ ન મૂકે? ૫) દિવસનાં વિવિધ સ્વરૂપોમાં અનુપસ્થિત પ્રિયતમાની લાક્ષણિકતાઓનું દર્શન: વિયોગ છતાં વિયોગની તક ન મળવા દેવાની ફરિયાદ! ૬) ઘર સાથે સંકળાએલાં ખટમીઠાં સ્મરણોના આલેખનમાં ઢળતું ઘર.

જીવન ગાથા ૪

હૃદયકમળ

ફાધર વાલેસ



એક વાર્તામાં એ પ્રસંગ આવે છે. એક સ્ત્રી રોજ દરિયાકિનારે જઈને એક ઊંચા ખડક ઉપર ચડે છે અને ક્ષિતિજ સામે મીટ માંડીને જોયા કરે છે. તેનો પતિ દરિયો ખેડીને દેશાવર ગયો છે તેની પ્રતીક્ષા એ કરે છે. ક્યાંક દરિયાની વક્ર ક્ષિતિજરેખા ઉપર કોઈ સઢ દેખાય, વહાણનો કૂવાથંભ દેખાય, અને એમાં એ આવે તો જીવમાં જીવ આવે...આમ એ સ્ત્રી ત્યાં ઊભી છે એવામાં પાછળથી કોઈનો પગરવ સંભળાય છે, એના ખભા ઉપર એક હાથ ધીરેથી આવે છે અને એક પરિચિત અવાજ એનું નામ પ્રેમથી બોલે છે. એનો પતિ બીજે રસ્તે પાછો આવ્યો હતો! ને એ પ્રતીક્ષાના ખડક ઉપર બંનેનું શુભ મિલન થાય છે.

રૂપક છે. માણસ ક્ષિતિજ સામે જુએ છે, દૂર જુએ છે, તારાઓની આરાધના કરે છે, બ્રહ્માંડની સીમાઓ તપાસે છે. ને એમાં એ સારું કરે છે. એનો ધર્મ છે, એનું સતીત્વ છે. પણ એટલામાં પાછળથી પગલાં સંભળાય છે, હૃદયના ધબકારા પડે છે. તે પાસે છે, નજીક છે, અંદર છે, ને આત્માની એકાંતમાં ભક્ત ને ભગવાનનું મિલન થાય છે.

જડ સૃષ્ટિ તો રેતીપટ છે. એમાં ફક્ત એનાં પગલાં પડે છે. પણ માનવહૃદય એ દર્પણ છે. એમાં એનું પ્રતિબિંબ પડે છે. બહાર જોવા કરતાં અંદર જોવાથી એનો વધારે પરિચય થશે. દૂરબીન વડે જોવા કરતાં આંખ બંધ કરવાથી એનાં સાચાં દર્શન થશે.

એક કલાકાર એક ચિત્ર બનાવતો હતો. એમાં બીજી આકૃતિઓ સાથે ભગવાનના બે હાથ ચીતરવાના હતા. હવે કોના હાથ જોઈને એ હાથ ચીતરવા એ પ્રશ્ન એને માટે ઊભો થયો. ભગવાનના હાથ! એ માટે કોના હાથ લેવાય? એણે બહુ અખતરા કર્યા. એક યુવાનના હાથ લીધા, એક વૃદ્ધના હાથ લીધા, એક ભિખારીના હાથ લીધા, એક સાધુના હાથ લીધા. છેવટે ખરો વિચાર સૂઝ્યો: એણે નિર્ણય લીધો અને પોતાના જ હાથની સામે જોઈને ચિત્રમાં ભગવાનના હાથ દોરી કાઢ્યા.

એ નિર્ણયમાં શ્રદ્ધા હતી, હિંમત હતી, ભક્તિ હતી. કલાકારના હાથ એ ભગવાનના હાથ. મારા હાથ એ તેના હાથ. મારું હૃદય એ તેનું હૃદય. એમાં એનો ખરો પરિચય શોધવાનો છે.

નાની ઉંમરે માથી વિખૂટો પડેલો છોકરો વર્ષો પછી માની શોધ કરવા જાય છે. તે એ વિશ્વાસથી ઊપડે છે કે આખરે એનું મોં મારા જેવું હશે એટલે હું એને જોઈશ કે તરત ઓળખી કાઢીશ. ને તેની આશા સાચી પડે છે. આપણે પણ એ વિશ્વાસથી ઊપડીએ કે આખરે એનું મોં આપણા જેવું છે, એનું દિલ આપણા જેવું છે. લોહીની સગાઈ છે, પ્રેમનું મળતાપણું છે. આપણા અંતરમાં જોઈને એના શ્રીમુખની દિવ્ય રેખાઓ દોરતા જવાની સાધના છે. આપણા હાથ જોઈને એવાં હસ્તકમલ ચીતરવાનો પ્રયત્ન છે.

તો અંદર જોતાં શું દેખાય છે?

મારા હૃદયમાં અનેક ભાવો છે. સારા પણ છે અને ખરાબ પણ છે. શરમ આવે એવો વિકાર છે. બહાર ન કહેવાય એવી અધમતા છે. પણ ઊંડેઊંડે સાત્ત્વિક, સૌમ્ય, શુભ ભાવો પણ છે. કોઈ વાર ખરેખર સારા થવાનો, બધાને સુખ આપવાનો, બધા ઉપર પ્રેમ કરવાનો સંકલ્પ દિલમાં આપોઆપ ઊઠે છે, જાણે હુમલો લઈને ઊઠે છે. અને એ ઊઠે છે ત્યારે મન ઉપર દિવ્ય પ્રસન્નતાની લાગણી છવાય છે. એ જ મારું ખરું સ્વરૂપ છે એની પ્રતીતિ થાય છે. કોઈને દુઃખ આપ્યું, પણ પછી માફી માગું; કોઈનું કામ કરી આપું; કોઈની ખરી વખતે મદદ કરું ત્યારે દિલને અનેરો સંતોષ થાય છે. લાગે છે કે એમાં જ ધન્યતા છે. કોઈ ઊગતા યુવાનને જોઉં છું ત્યારે વાત્સલ્યનો ઊભરો આવે છે અને મનમાં એને આશીર્વાદ દેવાઈ જાય છે; કોઈ માતાને બાળકને તેડતી જોઉં છું ત્યારે એકદમ પવિત્રતાની અનુભૂતિ થાય છે અને શુદ્ધ જીવન જીવવાની ઇચ્છા જાગે છે. સંતોનું જીવન જોઉં છું ત્યારે એમના જેવો થવા માગું છું. બલિદાનની કથાઓ વાંચું છું ત્યારે હું પણ ધ્યેયની ખાતર કુરબાન થવા તલસું છું. હા, ખામીઓ અનેક છે, ભૂલો અસંખ્ય થાય છે, નાલાયકી પૂરેપૂરી છે; પણ એની વચ્ચે પણ એ મહત્તાના સંકલ્પો, એ દિવ્યતાનાં બીજ પણ મારા હૃદયમાં છે, ઊંડેઊંડે છે. ને હવે હું સમજું છું કે એ ક્યાંથી છે ને શું કહેવા માગે છે. એ તેની રૂપરેખાઓ છે, તેનો વારસો છે, તેના ધબકારા છે. મારા દિલમાં પડેલું ભગવાનનું પ્રતિબિંબ છે. ઝાંખું છે કારણ કે દર્પણ હલકું છે, પણ એનું જ છે નહિતર મારામાંથી એ કેમ આવે?

માનવહૃદયમાં જે ઉત્કૃષ્ટ ભાવો છે, માનવજીવનનાં જે સાચાં ઉમદા મૂલ્યો છે એમાં એનું પ્રતિબિંબ છે, એનો સ્પર્શ છે. માતાનો પ્રેમ ને બાળકનું હાસ્ય, યુવાનનો ઉમંગ ને શૂરવીરનું પરાક્રમ, પ્રેમીની મસ્તી ને વૈરાગીનો ત્યાગ–બધાંમાં એનો પડઘો છે, એની છાયા છે.

ગરુડ ઊંચે ઊડે છે, પર્વતશિખર પર માળો બાંધે છે, પણ તેનું એકાદ પીછું નીચે પડે ને માણસના હાથમાં આવે એ પરથી એ કલ્પના કરે છે કે એ પક્ષી કેવું ભવ્ય ને બળવાન હશે.

સહસ્રદલ કમળ માનસરોવરમાં ઊગે છે, જળની વચ્ચે ખીલે છે; પણ એની એકાદ પાંખડી કિનારા સુધી તણાઈ આવે ને માણસને હાથ પડે એ ઉપરથી તે અનુમાન કાઢે છે કે એ કમળ કેવું કોમળ ને કમનીય હશે.

ભગવાન પણ દૂર રહે, ઊંચે રહે; માણસની આંખ ન પહોંચે ત્યાં ઊડે, તેનો હાથ ન પહોંચે ત્યાં વસે. પણ એનું એકાદ લક્ષણ, એકાદ ગુણ, એક શ્વેત પાંખડી, એક પંચરંગી પીછું, માણસના હાથમાં આવે–હૃદયમાં આવે–ને તે પરથી એ ખયાલ મેળવે છે કે ભગવાન કેવો હશે.

માતા જેવો પ્રેમાળ ને બાળક જેવો નિર્મળ. જ્ઞાની જેવો મગ્ન ને ત્યાગી જેવો અલિપ્ત. નવવધૂ જેવો મોહક ને રણવીર જેવો સશક્ત. જે કંઇ જેનામાં શ્રેષ્ઠ છે એ રંગ લઈને, એ મરોડ લઈને એનું મંગળ ચિત્ર ઉપસાવવાનું છે.

શહેનશાહ શાહજહાંએ જ્યારે તાજમહાલ બંધાવવાની તૈયારી કરી ત્યારે દુનિયામાં મળતા ઉત્તમ માલ મંગાવ્યા ને ઉત્તમ કારીગરોને બોલાવ્યા. દૂરદૂરથી બોલાવ્યા, દેશપરદેશથી મંગાવ્યા. શ્રેષ્ઠ આરસપહાણ ને કીમતી પથ્થરો, શ્રેષ્ઠ સ્થપતિઓ ને અગ્રગણ્ય કલાકારો. જ્યાં જે ઉત્તમ વસ્તુ, સાધન કે માણસ મળે તે ત્યાંથી મંગાવે. ઈરાનથી ને મિસરથી, તુર્કીથી ને ઠેઠ ઇટલીમાંથી માલ ને માણસો આવ્યા. ઉત્તમ વસ્તુઓનો મેળો થયો. પછી ઉત્તમ રચના રચાઈ, ઉત્તમ નકશો દોરાયો, ઉત્તમ બાંધણી થઈ, ઉત્તમ કલા રેડાઈ—અને દુનિયાનું શ્રેષ્ઠ ઈમારત-રત્ન ઊભું થયું.

એ જ ભક્તિની રીત છે. તે અહીંથી ત્યાંથી ઉત્તમ વસ્તુઓ લાવે છે, માનવહૃદયના શ્રેષ્ઠ ભાવો એકઠા કરે છે, સૃષ્ટિનાં હીરા-માણેક વીણે છે—અને એ લઈને સૃષ્ટિનાથની મૂર્તિ ઊભી કરે છે. માનવીમાં જે કંઈ શ્રેષ્ઠ હોય એ જ તેના સર્જકનો ખયાલ આપી શકે ને!

એમ કરી કરીને મોતીએ મોતીએ ને રેખાએ રેખાએ એ દિવ્ય મુખારવિંદ મનની નજર સામે આકાર પામતું જશે. અને એના દર્શનથી દિલમાં નવી શ્રદ્ધા ને નવી આશા આવશે. દુનિયામાં જે જે સારું જોયું તે ભગવાનમાં છે, ને શુદ્ધ સ્વરૂપમાં છે, ને હજારગણા પ્રમાણમાં છે એ જાણીને ઉગારો મળશે, ધન્યતા લાગશે. મેં ક્યાંક દયા તો જોઈ છે, સાચા માણસોનાં દિલમાં કોઈ વાર સાચી દયા જોઈ જ છે; અરે મારા પોતાના રેઢિયાળ હૃદયમાં પણ કોઈ વાર સાચી દયા અનુભવી છે, માટે ભગવાન પણ દયાળુ હશે, પરમ દયાળુ હશે. મેં ઉદારતા જોઈ છે એટલે એ ઉદાર હશે, મેં ક્ષમા જોઈ છે એટલે એ ક્ષમાશીલ હશે, મેં વફાદારી જોઈ છે એટલે એ વફાદાર હશે. દુનિયામાં મેં પ્રેમ જોયો છે, કંઈ નહિ તો કેટલાક સાચા દિલના માણસોનાં જીવનમાં પ્રેમ જોયો છે, સાચો પ્રેમ જોયો છે, આદર્શ પ્રેમ જોયો છે—માટે મારા એ ભગવાન પણ પ્રેમાળ હશે, પ્રેમસ્વરૂપ જ હશે.

એના એ ગુણ છે માટે જ એ કંઈક અંશે આપણામાં આવ્યા ને!

એ જ્ઞાનમાં—એ શોધમાં શ્રદ્ધા, ભક્તિ ને સાચા આનંદનાં મૂળ છે. ∅



યુવાનીમાં

બંગાળની મુક્તિચળવળમાં સરફરોશીનો રંગ અને ઉમંગ આણનાર કાવ્યો અને ગીતોનું ઉમદા નજરાણું અર્પણ કરનાર 'અગ્નિવીણા'નો

કવિ નઝરુલ ઇસ્લામ

બંગાળમાં રાષ્ટ્રીય ચેતનાની સંજીવની ફૂંકનાર અને નવજાગૃતિનો જુવાળ જગાડનાર કવિ કાઝી નઝરુલ ઈસ્લામનો એક વખત પરિચય પામનાર કોઈ પણ ભારતીય એમને કદી વિસરી શકવાનો નહિ. રવીન્દ્રનાથ પછી બંગાળી સાહિત્યને રાષ્ટ્રભાવનાનો જ્વલંત પુટ આપનાર અને 'લોકલાડીલા' બનનાર કવિ નઝરુલનાં ગીતો પશ્ચિમ બંગાળ અને પૂર્વ પાકિસ્તાન બંને સ્થળે એક સમાન ઉમળકાથી આજે પણ ગવાય છે. એની યશચ્છવિ હિંદુ-મુસ્લિમ ભેદથી છોવાઈ નથી. પૂર્વ પાકિસ્તાનના ખયાલના જનક અલ્લામા કવિ 'ઈકબાલ' કરતાં યે કાઝી નઝરુલ વધુ આદરણીય મનાય છે. હિન્દુ-મુસલમાન ઐક્યનો સંદેશ એમનાં સર્જનોમાં સદાય મહેકતો રહ્યો છે. કોમ-ફિરકા અને જાત-પાંતના ભેદભાવ વિસારીને માનવ ને માનવ તરીકે ઓળખવામાં જ તેઓએ ગૌરવ અનુભવ્યું છે.

માત્ર બે જ દસકામાં પોતાના સર્જનનો શ્રેષ્ઠ ફાલ આપનાર આ મૂર્ધન્ય કવિએ યુગધર્મને વાચા આપી છે. દંભ, લાગણીશીલતા અને ચોખલિયાવેડાને સ્થાને એમણે સત્યને અંજલિ આપી તૃષ્ણાની પુકાર કરી અને ખુમાર પ્રકટાવ્યો....ટાગોરનાં ગીતો સરોવરનાં શાન્ત નીતર્યાં નીર જેવાં છે, તો નઝરુલનાં ગીતો ધસમસતા જલપ્રવાહ જેવાં છે. બંગાળના યુવાનોએ ટાગોરની પૂજા કરી છે, પણ નઝરુલને તો હૃદયમાં સ્થાપિત કર્યા છે.

આજે પશ્ચિમ બંગાળમાં આવેલા બર્દવાન જિલ્લામાં અજય નદીને કાંઠે ચુરુલિયા ગામમાં એક અકિંચન કાઝી કુટુંબમાં ૨૫મી મે ૧૮૯૯ના રોજ એમનો જન્મ. બચપણમાં જ પિતૃછાયા ગુમાવી હોવાથી આર્થિક અવદશાને કારણે ભણતરની તક પણ પામ્યા વિના એને એક ફરતી નાટક કંપનીમાં થોડો સમય કામ લેવું પડયું. પછી રેલવે ગાર્ડના ક્વાર્ટરમાં રામા તરીકે અને ત્યાર બાદ એક ભઠિયારખાનામાં નોકરી કરી. એ વખતે એમની બુદ્ધિપ્રભા ને ચાતુરીથી પ્રભાવિત થઈ કોઇ પરમાર્થીએ એમને નિશાળે બેસાડયા. અભ્યાસકાળ દરમ્યાન એમના સંવેદનશીલ માનસનો વિકાસ થયો પણ મૅટ્રિકની પરીક્ષા વખતે પ્રથમ વિશ્વયુદ્ધનાં નગારાં સાંભળી એમણે વિદ્યાલય છોડયું ને લશ્કરમાં ભરતી થઈ ૪૯મી બૅંગાલ રેજિમેન્ટમાં જોડાઈ ગયા. જ્યાં કરાચીમાં એમને હવાલદારના દરજ્જા સુધી બઢતી મળી. લશ્કરમાં ભરતી થવા પાછળ એમની નેમ તો લડવાની તાલીમ લેવાની હતી જેનો ઉપયોગ દેશના સ્વાતંત્ર્ય માટે કરવા ઇચ્છતા હતા.

સમરાંગણના કઠોર જીવન વચ્ચે એમનું કવિત્વ સ્ફુરિત થઈ ઊઠયું. સૈન્યમાંથી છૂટા થયા બાદ પણ તેઓ 'હવાલદાર નઝરુલ ઇસ્લામ' તરીકે ઓળખાતા અને એમની એ કાળની કૃતિઓ એ નામથી જ પ્રકટ થઈ છે. કરાચીમાં એમણે અરેબિક અને ફારસી ભાષા શીખી લીધી આગળ જતાં એમણે અસલ ફારસીમાંથી 'દીવાને હાફિજ' અને 'રુબા-



આજ વાચાહીન, સંવેદનાહીન અને ગતિહીન વૃદ્ધ મૂક કવિ લાગણીશૂન્ય નજરથી આમ તાકી રહેવા સિવાય આજે કશું જ કરી શકતા નથી.

યાતે ઉમર ખય્યામ'ને બંગાળીમાં ઉતારેલાં. સંસ્કૃતનું જ્ઞાન પણ એમને હતું. આથી ઈસ્લામ અને હિન્દુ તત્ત્વજ્ઞાનનું એમનું અધ્યયન ઊંડું હતું.

સમજણા થયા ત્યારથી જ એમને બંધનની પીડા કઠવા માંડી હતી. છેક નાના હતા ત્યારે પણ આકાશ સામે અનિમેષપણે તાકી રહીને એમને આંસુ સારતા જોઇ કોઈ કારણ પૂછતું ત્યારે એ જવાબ આપતા: 'ઉપરનું આકાશ એક ટોપલી જેવું છે. હું એક પક્ષી જેવો છું. હું એ ટોપલી નીચે પુરાઈ ગયો લાગું છું. અને ગૂંગળામણ અનુભવું છું.'

'બંગીય મુસલમાન સાહિત્ય સમિતિ' નામે એક બિન કોમવાદી સંસ્થાના પત્ર 'બંગીય મુસલમાન સાહિત્યપત્રિકા'માં ૧૯૧૯માં આ ઊગતા કવિની પ્રથમ કવિતા 'મુક્તિ' પ્રગટ થઇ જેમાં એના ઉજ્જ્વલ ભાવિનાં દર્શન થતાં હતાં. આ સાહિત્યપત્રિકાના સહતંત્રી મુઝફર અહમદે આરંભમાં કવિ નઝરૂલની કૃતિઓ પ્રકટ કરીને જે પ્રોત્સાહન આપેલું એનાથી જ પ્રેરાઇને કદાચ કવિ વધુ ને વધુ લખતા થએલા. પરંતુ એ સમયે પણ પોતાની શક્તિ વિષે એમને તો પૂરું ભાન હતું.

ઈ. ૧૯૨૦માં સરકારે બંગાળી રેજિમેન્ટ વિખેરી નાખી ને કવિ કલકત્તા આવ્યા ત્યારે એમની આર્થિક સ્થિતિ જરા યે સારી નહોતી. સરકારી નોકરીમાં જોડાવાનું વિચારતા હતા, પણ મિત્રોના આગ્રહથી અંતે સાહિત્ય અને સંગીતના ક્ષેત્રમાં જ ઝુકાવ્યું અને થોડા જ સમયમાં કલકત્તાના યુવાનવર્ગમાં સારી પેઠે જાણીતા થઇ ગયા. એમની આ ખ્યાતિનું એક કારણ એ પણ હતું કે તેઓ કવિવર ટાગોરનાં ગીતો બહુ સરસ રીતે ગાઈ શકતા એટલું જ નહિ કવિવરની એટલી બધી કૃતિઓ એમને કંઠસ્થ હતી કે એ ટાગોરનાં ગીતોના 'હાફિઝ' કહેવાતા. (આખું કુરાન જેને મોઢે હોય તે 'હાફિઝ' કહેવાય છે.)

આ જ અરસામાં કેટલાક મિત્રો સાથે મળીને એમણે 'નબજુગ' (નવયુગ) નામે એક સાંજનું દૈનિક અખબાર પ્રકટ કરવા માંડેલું. એમાં પ્રકટ થતા લખાણોએ એમને વધુ ખ્યાતિ અપાવી. એમના જેવા આઝાદમિજાજ માનવી સ્વાતંત્ર્યની ચળવળોથી તો અળગા કેમ રહી શકે? એમના હૃદયમાં સાહિત્યપ્રેમનું સ્થાન વધુ ઊંચું હતું, છતાં તેઓ પોતાની ઊછળતી શક્તિને ખાળી શકે તેમ નહોતા જ. ઇ. ૧૯૨૧-માં બંગાળી સાપ્તાહિક 'બીજલી'માં નઝરુલની 'વિદ્રોહી' નામની નઝમ પ્રગટ થઇ. ક્રાંતિની અગ્નિશિખા સમી આવી કૃતિ હજી કોઈએ લખી નહોતી. 'બીજલી'ના તે અંકનું પુનર્મુદ્રણ કરવું પડયું એટલી એની માગ થએલી. એ અંકની કુલ ૨૯,૦૦૦ જેટલી નકલો ખપી ગએલી. કવિવર ટાગોરને પણ એમણે એ કૃતિ જાતે જઇને સંભળાવેલી અને એ પછી ટાગોરને એમના પ્રત્યે ઘણું માન વધ્યું હતું. કવિને શાંતિનિકેતનમાં જોડી દેવાનો વિચાર પણ એમણે કરેલો.

ત્યાર પછી તો શોલા વરસાવનારાં બાગી ગીતો લખીને એમણે આઝાદીની ચળવળની આગ સમગ્ર બંગાળમાં ફેલાવી દીધી અને ક્રાંતિકારી કવિ તરીકે જાણીતા થઈ ગયા. બંગાળના યુવાનગર્ગમાં અને સાહિત્યવર્તુળમાં એની બોલબાલા થઈ ગઇ. એના નામ પરથી એક 'નઝરુલ ઈસ્લામ સ્કૂલ' પણ ઊભી થઈ. ટાગોરે એમને તલવારથી દાઢી મૂંડવા મથતા 'જુવાનિયા' તરીકે ઓળખાવ્યા.

એમનું પ્રથમ પુસ્તક પ્રકટ તો ઈ. ૧૯૨૨માં થયું. પણ એમની કીર્તિદા તો બની એ પછીની એમની કૃતિ 'અગ્નિવીણા'. આજ સુધીમાં એની ઓગણીસ જેટલી આવૃત્તિ થઇ ચૂકી છે. બંગાળના નવયુવાનોમાં આ કૃતિએ દેશભક્તિનું રક્ત સીંચ્યું છે. 'જુગબાની' (યુગવાણી)ના એમના નિબંધોને પણ એ જ અરસામાં અને એવી જ લોકપ્રિયતા મળી હતી. 'વિષેર બાંશી', 'ભાંગાર ગાન', 'ચંદ્રબિંદુ', પ્રલયશિખા', વગેરે કાવ્યકૃતિઓ અને 'બાંધન હારા' ને 'શિઉલીમાલા' વગેરે ગદ્ય લેખોમાં એમણે વેરેલી આગથી દાઝીને સરકારે આ બધી કૃતિઓ પર જપ્તી બેસાડી હતી. એ જ સમયમાં એમના તંત્રીપદ નીચે 'ધૂમકેતુ' નામનું એક પખવાડિક પત્ર શરૂ થયું, જે દ્વારા નઝરુલે હિન્દના પૂર્ણ સ્વાતંત્ર્યની માગણી કરીને પદ્યબદ્ધ લેખો દ્વારા બ્રિટિશ શાસન વિરુદ્ધની જેહાદ જગાવી! અંતે ૧૯૨૩ના જાન્યુઆરી અંકમાં પ્રકટ થએલી એમની એક કૃતિ બદલ એમની ધરપકડ થઈ.

કોર્ટમાં એમણે પોતાનો બચાવ ન કરતાં એક નિવેદન આપેલું, જે પાછળથી 'રાજબન્દીર જબાનબન્દી' શીર્ષક હેઠળ અનેક પત્રોમાં પ્રકટ થએલું. આજે યે બંગાળી સાહિત્યના એક ઉત્તમ લખાણ સમા ગણાતા એ નિવેદનમાં એમણે કહ્યું: 'હું તો કવિ છું, જે સત્યને મુખરિત કરે છે. કોઈ આસુરી બળો મારી એ શક્તિ કેદ કરશે કે એનો નાશ કરશે, પણ એના પ્રેરક બળને કોણ નાથી શકશે? મારા પૂર્વજોની માફક હું પણ એક દિવસ મરી જઇશ, પણ સત્યના એ અવાજને કોઈ પણ યુગ કે માનવી કચડી શકતો નથી. એ અવાજ તો નિભૃત છે!'

અદાલતે એમને એક વર્ષની આકરી કેદની સજા કરી. કારાગારમાં પણ એમણે ત્યાં પ્રવર્તતી સ્થિતિ સામે વિરોધ ઉઠાવ્યો અને ઉપવાસ પર ઊતર્યા. બહાર તો બધે આથી ખળભળાટ મચી ગયો. ટાગોરે પણ વ્યથિત થઇને સાહિત્યક્ષેત્રે એમની ઘણી જરૂર હોઈ આ ઉપવાસ ત્યાગવા તાર કરેલો. પણ દેશબંધુ દાસના પ્રમુખપદે મળીને એક ખાસ સભામાં સુભાષચંદ્ર બોઝ જેવા વક્તાઓ સહિત અનેક સાથીઓએ કરેલી વિનંતીને પણ વિનયસહ પાછી ઠેલી ને એમણે તો ન્યાય ન મળ્યો ત્યાં સુધી ઉપવાસ ચાલુ જ રાખ્યા અને અંતે ૪૧ ઉપવાસ બાદ જીત મેળવી. અત્યાર સુધી નઝરુલને માત્ર એક ઉદ્યમાતિયો યુવાન માનનારા અનેક લોકો એમની આ ધૈર્ય શક્તિથી આશ્ચર્ય પામ્યા. એ કાળે કવિ નઝરુલની વય માત્ર ચોવીસ જ વર્ષની હતી!

ઈ. ૧૯૨૫માં સાપ્તાહિક 'લાન્ગલ' (હળ)માં એમનું એક કાવ્ય 'સામ્યવાદી' પ્રસિદ્ધ થયું. રશિયનમાં પણ એ અનુવાદિત થયું. રશિયન ક્રાંતિને બિરદાવનાર એ પ્રથમ ભારતીય લેખક હતા. એમના વિચારો-

કુમિલા (હાલ પૂ. પાકિસ્તાન)માં ઇ. ૧૯૨૨માં કવિ નઝરુલ પ્રમીલા સેનગુપ્તાના પરિચયમાં આવ્યા. પ્રથમ પરિચયે જ બંને એકબીજા પ્રત્યે આકર્ષાયાં અને અંતે એમણે લગ્ન કરવાનું નક્કી કર્યું. પણ પ્રમીલા હિંદુ અને નઝરુલ મુસલમાન હતા. લગ્ન ખાતર એકબીજાને ધર્માંતર કરાવવાની એમની ઇચ્છા નહોતી જ. સમાજમાં ઉહાપોહ મચી ગયો પણ બંનેએ દઢતા જાળવી રાખી અને અંતે ઈ. ૧૯૨૪ની ૨૪ એપ્રિલે કલકત્તામાં એમનાં લગ્ન થયાં. ૧૯૩૯માં પક્ષાઘાતને કારણે તદ્દન પથારીવશ બની ગએલી આ પ્રેરણામૂર્તિ પત્નીની સારવાર માટે કવિએ પોતાના કૉપીરાઇટના હક્કો પણ વેચી નાખેલા. ઈ. ૧૯૬૨ની ૩૦ જૂને પ્રમીલાનું અવસાન થયું. (વચ્ચે) કવિ નઝરુલ. ૧૯૨૦માં કરાચીમાં હવાલદાર હતા ત્યારે. એમની ઘણી કૃતિઓ એમણે હવાલદાર ઈસ્લામના નામથી લખેલી છે. (જમણી બાજુ) કવિ નઝરુલ પોતાના કુટુંબ સાથે.

નો અભિગમ સામ્યવાદી હતો. એમનો એક સંગ્રહ રશિયામાં પ્રકાશિત થયો અને વતન બહાર પણ એના પર પ્રશંસાનાં ફૂલો વરસ્યાં!

એ કુમિલા (હાલ પૂર્વ પાકિસ્તાન)માં હતા ત્યારે પ્રમીલા સેનગુપ્તા સાથે એમને પરિચય થયો. આરંભથી જ એકબીજા પ્રત્યે આકર્ષાઈ એમણે લગ્ન કરવા વિચાર્યું ત્યારે એ હિંદુ-મુસ્લિમ લગ્ન વિષે ઘણો ખળભળાટ થયો. પણ એ સામે હિંમત દાખવીને અને બેમાંથી એકેએ ધર્માંતર પણ કર્યા વિના ૧૯૨૪ની ૨૪ એપ્રિલે લગ્ન કરી લીધાં. પોતાની કારકિર્દીની અનેક સફળતામાં એમનાં પત્નીની ઊંડી પ્રેરણા હતી. ઈ. ૧૯૩૯થી પત્નીને પક્ષાઘાત થયો, ને અર્ધું અંગ ખોટું પડી ગયું, ત્યારે પોતાના કૉપીરાઈટના હક્કો વેચીને યે એમણે વર્ષો સુધી પત્નીની શુશ્રૂષા કરી. ઈ. ૧૯૬૨ની ૩૦ જૂને પ્રમીલાનું અવસાન થયું.

અલબત્ત, પ્રેમાળ અને પ્રેરણાદાયી પત્ની ગુમાવ્યાનું એમને અનહદ દુઃખ તો થયું જ, પણ એથી યે પહેલાં ૧૯૩૦માં એમના પ્રથમ પુત્ર બુલબુલનું ૪ વર્ષની વયે અવસાન થયું એનો આઘાત એમને ઘણો જ ઊંડો લાગેલો. એ પછી તેઓ ઘણી વાર અલિપ્ત અને એકાકી રહેવા લાગ્યા અને મૃત પુત્રને જોવા તેઓ રહસ્યમાર્ગ તરફ ફંટાઈ ગયા. એ પુત્રનાં કોઈ અગમ્ય શક્તિથી એમને દર્શન થયાં કે નહિ એ તો કહી ન શકાય, પણ ઘણા માને છે તેમ એમની પાછલી જિંદગી પર છાઈ ગએલી કરુણતાનાં બીજ એને માટેની આત્યંતિક આધ્યાત્મિક સાધનામાંથી નખાયાં હતાં. ધીરેધીરે એમની વાચા પાછી પડવા લાગી. એમના નાની પુત્ર સવ્યસાચીના કહેવા પ્રમાણે આરંભમાં જ જો એમણે ઔષધોપચાર લીધા હોત તો સંભવ છે કે તેઓ એટલા વહેલા પોતાની વાચા ગુમાવી બેઠા ન હોત. પણ તેમણે તો અગમ્ય શક્તિઓમાં જ શ્રદ્ધા રાખી. બીજી બાજુ ચિંતા અને કામના વધુપડતા બોજને લીધે પણ તેઓ વહેલા ભાંગી પડ્યા.

ઈ. ૧૯૪૨ની ૯મી જુલાઈએ એમને રેડિયો પર એક વાર્તાલાપ આપવાનો હતો. પથારીવશ પત્ની અને સાસુ ગિરિબાલાદેવી રેડિયો પાસે એમને સાંભળવા બેઠાં હતાં, ત્યાં એમના વાર્તાલાપને બદલે જાહેરાત થઈ કે કવિ કંઈ જ બોલી શકે તેવી તેમની સ્થિતિ રહી નથી. તુરત એમને ઘેર લાવવામાં આવ્યા. એમની વાચાશક્તિ અને કેટલીક શારીરિક લાગણીઓ તદ્દન જતી રહી હતી. ડૉ. વિધાનચંદ્ર રૉય જેવાએ ઉપચારો કર્યા પણ કંઈ કારી ફાવી નહિ.

આ પછી ચારેક માસ રાંચીમાં ઉપચારો આપ્યા પછી ૧૯૫૩માં એમને લંડન મોકલ્યા. ત્યાં પણ ડૉ. રસેલ બ્રેઈન, ડૉ. વિલિયમ સાર્જંટ ને ડૉ. મૅક્ફિક્ન જેવા નિષ્ણાતોએ ઉપચાર કરી જોયા પણ કોઇને સફળતા મળી નહિ. એ પછી વીએનામાં પણ નિષ્ફળ સારવાર લીધી ને તે બાદ રશિયામાં પણ ઉપચારો કરાવી જોયા પરંતુ ક્યાંયે કંઈ ફેર પડયો નહિ. અને નિર્વાકતાથી વ્યથિત સંવેદનાલુપ્ત એક વિની સર્જનશક્તિ એકાએક અટકી ગઈ.

પ્રકૃતિએ સ્વૈર, સ્વમાની, આનંદી, નિખાલસ અને કર્મઠ એવા નઝરુલ પ્રેમાળ પણ ઘણા. એમણે અનેક રાજકીય, સામાજિક સંમેલનોમાં ભાગ લીધેલો. કલકત્તાની (૨. નલિની સરકાર રોડ પરની) એક ગ્રામોફોન કંપની સંયોજક–'કંપોઝર' તરીકે કામ કરતા હતા એ અરસામાં ૧૯૪૧માં બૅાગાંવમાં સાહિત્યપરિષદના ૪થા વાર્ષિક સંમેલનમાં એમને પ્રમુખસ્થાન અપાયું હતું. એ સમયે કવિએ લખી આપેલા પ્રવચનનું સ્મરણ ટાંકતાં મિઝાનુર રહમાન જણાવે છે કે નઝરુલના આધ્યાત્મિક તલસાટનું પ્રતિબિંબ એમાં પ્રકટ થએલું: 'મને આપવામાં આવેલું માન મારે માટે ગૌરવનો તાજ નથી, પણ શરમ રૂપ છે. સાહિત્યના લતામંડપને હું આંબી શકતો નથી. હું એક પક્ષી છું જે (સાહિત્યના) નીડમાંથી પૂર્વવત્ ઊડી ગયું છે. મને ખબર નથી કે સાહિત્યનું શરણ છોડીને મજારની મનહૂસ શાંતિમાં હું ક્યારે પ્રવેશ્યો! ભરી મહેફિલમાંથી ચુપકીદીથી બહાર નીકળીને હું અણદીઠાં શિખરો પર પહોંચ્યો છું, જ્યાં કોઈ ધ્વનિ નથી, કોઇ સ્વર નથી; ત્યાં તો છે માત્ર ચિતિ અને ઇંગિત! પાર્થિવ (અનુસંધાન પૃ. ૨૮૬)

બકુલ બક્ષીની
ટૂંકી વાર્તા
★

ડૅડી

રાનીખેતના બસ-સ્ટૉપથી નંદાદેવી, ત્રિશૂળ અને બીજાં ઘણાં હિમાલયના શિખરો દેખાય છે. રાત પડી ગઈ હતી એટલે કંઈ જ દેખાતું ન હતું. થોડા કુલીઓ બીડીઓ ફૂંકતા બેઠા હતા. અને પાસેની હોટેલની બત્તીની આસપાસ ધુમ્મસ હતું. ડૅડીનું કૉટેજ કુમાઊ રેજિમેન્ટલ સેન્ટરની પાસે જ હતું—બસ-સ્ટૉપથી લગભગ બે ફર્લાંગ. મેં ઍટેચી લઈને ચાલવા માંડયું.

કૉટેજના ગાર્ડનનો નાનો દરવાજો અંદરથી બંધ કરી રહ્યો હતો ત્યાં જ છેદીલાલે બહાર આવી ઍટેચી લઈ લીધી: 'છોટે સાબ, આજ બસ લેટ હો ગઈ ક્યા?' 'હાં. કૈસે હો?'

'બસ સાબ, આપ લોગોં કી દુવા હૈ'. છેદીલાલે કૉટેજનું બારણું ખોલતાં કહ્યું ઘણાં વર્ષોથી ડૅડી સાથે હતો. મૂળ બલિયા જિલ્લાનો વતની અને બહુ જ પ્રામાણિક.

ડૅડી ભેટી પડ્યા. અમે સોફા પર બેઠા. 'તારો પત્ર ગઈ કાલે જ મળ્યો.' ડૅડીએ કહ્યું પછી 'નૈનીતાલથી બસ છૂટી ગઈ એટલે છેલ્લી બસમાં આવવું પડયું'; 'આજકાલ બસના સમયનાં ખાસ ઠેકાણાં નથી'; 'દિલ્હી કરતાં અહીં વધારે ઠંડી છે' વગેરે વાતો થઈ.

મારા વાળમાં ધૂળ ભરેલી હતી ને ચહેરા પર સફરની થકાવટ.

'કેટલા દિવસની રજા લીધી છે?'

'સોમવારે સવારે તો પાછા જવું જ છે. આ તો ત્રણ દિવસની રજાઓ હતી એટલે આવી ગયો.'

'થોડો વધારે સમય લઈને આવવું હતું ને? આમ દોડાદોડી કરવાથી શો ફાયદો?'

'આવતા અઠવાડિયાથી મહિનાની રજા લઉં છું. ત્યારે અહીં આવીને આરામથી રહીશ.'

'જરૂર. હું તો કહું છું અત્યારે જ થોડા દિવસો વધુ રોકાઈ જા.'

'ના ડૅડી, આ વખતે તો મારે પાછા જવું જ પડશે. ઘણું કામ બાકી રાખીને આવ્યો છું.'

છેદીલાલ એક બાલદી ગરમ પાણી મૂકી ગયો. મેં હાથમોઢું ધોયાં અને પછી ડૅડી સાથે ડિનર ખાધું. બહુ જ ઔપચારિક વાતો થઈ.

'મને આજે બહુ જ સખત ઊંઘ આવે છે.' મેં કહ્યું.

'સૂઈ જા. વધારે વાતો કાલે કરીશું.' અને ડૅડી એમના સ્ટડી રૂમમાં ચાલ્યા ગયા.

લશ્કરમાંથી રિટાયર થઈને છેલ્લાં ત્રણ વર્ષથી ડૅડી રાનીખેતમાં આ કૉટેજ ખરીદીને તેમાં રહેતા હતા. લશ્કરમાં મેજર હતા. બીજા વિશ્વયુદ્ધમાં ઘણા જ ઓછા દિવસો એમને મેં ઘેર જોયા છે. રજાઓમાં ઘેર આવતા ત્યારે પણ બિલકુલ લશ્કરી શિસ્ત જાળવતા. નાનપણમાં લડાઈની વાતો સાંભળવાની બહુ જ મજા આવતી. છતાં હું મોટો થઈ લશ્કરમાં ન જઈ શકયો. મોટા થયા પછી લશ્કરી જીવન પ્રત્યે એક જાતનો તિરસ્કાર થઈ આવ્યો. મારાથી બે વર્ષ નાની બહેન આશા એક એર ફોર્સના ઑફિસરને પરણી હતી. ત્યારે ડૅડી સરહદ પર જ હતા—ઍક્ટિવ ડયૂટીમાં. લગ્નમાં પણ આવી શકયા ન હતા. આશાએ સિવિલ મૅરેજ કર્યાં હતાં. સાક્ષી તરીકે કોર્ટમાં સહી મેં કરી હતી. છેલ્લાં દસ વર્ષોથી—માના મૃત્યુ પછીથી ડૅડી એકાકી જીવન ગાળતા. બહુ જ ઓછાબોલા હતા. અને રિટાયર થયા પછી તો ફક્ત અભ્યાસમાં જ વ્યસ્ત રહેતા. ભાગ્યે જ રાનીખેતથી બહાર જતા. એમણે ઘણાં વર્ષો કુમાઊ રેજિમેન્ટમાં ગાળ્યાં હતાં એટલે અત્યારે લશ્કરી વિજ્ઞાન પર અભ્યાસ કરીને એક પુસ્તક લખી રહ્યા હતા.

ઊંઘ એકાએક જ ઊડી ગઈ અને મેં અંધારામાં ચળકતા ઘડિયાળના રેડિયમનાં ટપકાંમાં સમય જોયો. બે વાગ્યા હતા, છતાં ડૅડીની રૂમમાં હજી પણ પ્રકાશ હતો. આટલે મોડે સુધી શો અભ્યાસ કરતા હશે? એમના રૂમમાં જઈને જોવાનું મન થયું. પણ પાછો સૂઈ ગયો.

સવારે આંખો ખૂલી ત્યારે છેદીલાલ 'છોટે સાબ, છોટે સાબ' કહીને ઉઠાડી રહ્યો હતો. એ બેડ-ટી મૂકી ગયો. ડૅડી મૉર્નિંગ વૉક પર ગયા હતા. મેં ધીરે ધીરે ચા પીધી. પછી હું તૈયાર થઈને બ્રેકફાસ્ટ ટેબલ પર ગયો ત્યારે ડૅડી આવી ગયા હતા. 'કેમ, બરાબર ઊંઘ આવી કે?'

'ખરેખર, ઘણા દિવસો બાદ આટલા આરામથી સૂઈ રહ્યો. એક વાર, લગભગ બે વાગ્યે, ઊંઘ ઊડી ગઈ ત્યારે તમારા રૂમમાં લાઈટ બળતી હતી. એટલું મોડે સુધી શું વાંચો છો?'

'એટલા મોડે સુધી તો નથી વાંચતો, પણ કોઈકોઈ વાર વાંચતાં વાંચતાં જ સૂઈ જવાય છે અને લાઈટ બંધ કરવી રહી જાય છે. ઉંમર થઈ ને હવે?' ડૅડીએ બ્રેડની સ્લાઈસ પર માખણ લગાવતાં કહ્યું.

ડૅડીએ કહ્યું કે દિલ્હીથી અગિયાર વાગ્યાની બસમાં છાપું આવશે. છાપા વિનાનું અને પાઈપ વિનાનું બ્રેકફાસ્ટ ટેબલ આજે કંઈ વિચિત્ર લાગી રહ્યું હતું. ડૅડી માટે દિલ્હીથી પાઈપના તમાકુનો ડબ્બો લાવ્યો હતો. એ આપ્યો અને એમણે બ્રેકફાસ્ટ પર નવું તમાકુ પીધું. પાઈપ પીવાનું બહુ જ મન થયું; પણ ડૅડીની સામે હું સ્મોક કરતો નહિ.

મિલિટરી કલબમાં ડૅડીએ મેજર ભલ્લાથી ઓળખાણ કરાવી: 'માઈ સન—દિલ્લીમાં પત્રકાર છે.' ઘણા દિવસે હું ડૅડી સાથે ચેસ રમ્યો. કલબમાં હું બહુ જ ખુશ રહ્યો. ખૂબ લોકોથી પરિચય થયો. મને લાગ્યું કે હું અકારણ ખુશ થઈ રહ્યો છું, કંઈક નાદાનિયત કરી રહ્યો છું. જાણે ખુશ હોવાનો એક ચહેરો પહેરીને અભિનય કરતો ન હોઉં.

ડૅડી ને હું લગભગ છ મહિને મળ્યા હતા, પણ ઔપચારિક વાતો જ થતી રહી. સાંજે ફરવા નીકળ્યા. ડૅડીએ મફલર વીંટાળ્યું ને લાકડી લીધી. દૂર ક્ષિતિજ પર હિમાલયની શ્વેત દીવાલ ઊભી હતી.

એક કબ્રસ્તાન પાસેથી અમે પસાર થઈ રહ્યા હતા. કબરો પર આછું સફેદ ધુમ્મસ હતું, જાણે લાશો પર પ્રકૃતિએ કફન ઓઢાડયું હોય તેવું. 'દિલ્લીમાં ફાવે છે?' ડૅડીએ પાઈપ સળગાવતાં પૂછ્યું.

'હા. મારે બહુ જ સારી કંપની છે. ઘણા લોકોને ઓળખું છું. અને મારી નોકરી પણ મજાની છે, એટલે બહુ જ ફાવે છે.'

ફરીને ઘેર પાછા આવી ફાયરપ્લેસ પાસે બેઠા અને છેદીલાલ ચાની ટ્રે મૂકી ગયો. ડૅડી ફાયરપ્લેસમાં ધીરેધીરે લાકડાં નાખ્યે જતા હતા. ચા પીવાઈ ગયા પછી વાતાવરણ પર જાણે એક અજબ ભાર આવી ગયો. લાકડાં બળવાનો અવાજ અને ગંધ આવી રહ્યાં હતાં.

'ઈના વિષે કંઈ જ નહિ કહે?' ડૅડીએ ફાયરપ્લેસમાં લાકડાં નાખતાંનાખતાં જ પૂછ્યું. હું આ સવાલ માટે તૈયાર ન હતો.

'શું કહું? તમને તો બધી ખબર જ છે.'

'તારા પત્ર સિવાય મને કંઈ જ ખબર નથી.'

કોર્ટમાં ચુકાદો અપાઈ ગયા બાદ જ મેં ડૅડીને એક ટૂંકો પત્ર લખ્યો હતો. એક જ લીટી લખી હતી કે આજે મને ઈના સાથે 'ડાઈ-

વૉર્સ નાચ સાચ' મળી ગયો છે. લગભગ અઠવાડિયું થયું હતું એ વાતને.

'આ બધું શું એકાએક જ થઈ ગયું?' ફરી ડૅડીએ પૂછ્યું.

'હા, લગભગ એકાએક જ—જોકે ઝગડો ઘણા વખતથી હતો.'

'પણ મને એની કંઈ જ ગંધ ન હતી.'

'કોઈને ન હતી. અમારા ઝગડાનો ખાસ કોઈને ખયાલ ન હતો.'

'બીજો કોઈ જ રસ્તો ન હતો?' ડૅડીએ પાઈપ સાફ કરતાં પૂછ્યું.

'ના.'

'જો; આ તારો વ્યક્તિગત પ્રશ્ન છે; અને તું સમજુ છે. છતાં પણ થોડું જાણવા માગું છું.' 'ખુશીથી પૂછો ડૅડી.'

'ડાઇવૉર્સ પછી ઈનાને મળ્યો છે?'

'મારે શા માટે મળવું જોઇએ?'

'જો, દલીલ નહિ કર. હજી પણ કાંઈ બગડયું નથી. સુધરી શકે તો સુધારી લે.' અમે બન્ને થોડી વાર ચૂપ રહ્યા. પછી ડૅડીએ ફરીથી પૂછ્યું: 'ઈના તારા સાથે રહેવા રાજી છે?' 'ના.'

'તેં એને એ વિષે પૂછ્યું છે?' 'ના.'

'તો પછી કેવી રીતે કહી શકે કે એ રાજી નથી?'

'મને એમ લાગે છે. અને હવે કોઈ પણ સંજોગોમાં અમે સાથે નહિ રહી શકીએ. સંબંધોને થીગડાં મારીને સાંધવામાં હું નથી માનતો.'

થોડી વાર શાંતિ રહી.

'હૅવ એ પાઈપ' ડૅડીએ એમની પાઇપોમાંની એક મારી સામે મૂકી—અને મેં જ લાવેલો તમાકુનો ડબ્બો. હું એક પળ અવાક થઈ રહ્યો. અમે બન્ને એકબીજાની આંખોમાં જોયું.

'શરમાય છે શું? ઉઠાવ પાઇપ. મને ખબર છે તું પીએ છે. ઈના કહેતી હતી તને બ્રેકફાસ્ટ ટેબલ પર રોજ પાઈપ પીવા જોઇએ છે.'

ઈનાએ બીજું ઘણું કહ્યું હશે. ઈનાએ મારા વ્યક્તિગત જીવનને જાહેર બનાવી દીધું છે. હું ડાઈવૉર્સ લઉં તેથી કોઈને શું? મને બધાંની આંખોમાં એક વ્યંગનો ભાસ થાય છે. મેં પાઈપ સળગાવી.

'તને કેટલાં—તેત્રીસ થયાં?' 'ના, બત્રીસ.'

'હજી ઘણી લાંબી જિન્દગી છે. આમ એકલું કેટલા દિવસ ચાલશે? ફરી પરણવા કરતાં, હું તો માનું છું કે, જો ઈના સાથે જ જીવી શકાય તો વધારે સારું. આ તો મારો વ્યક્તિગત અભિપ્રાય છે; બાકી પછી તો તને જે યોગ્ય લાગે તે જ બરાબર.' ઊભા થઈને સ્કૉચની એક બૉટલ લઈ આવ્યા. થોડાં વર્ષો પહેલાં એક લશ્કરી પાર્ટીમાં ડૅડીને મેં પીતા જોયા હતા. લશ્કરમાં હોવા છતાં પણ ડૅડી ઘેર પીતા ન હતા.

'મેજર લલ્લાએ મોકલાવી છે.' ડૅડીએ બૉટલ ખોલતાં કહ્યું.

છદીલાલ બે ડ્રિંક-ગ્લાસ મૂકી ગયો અને મૂંઝવણથી જોઇ રહ્યો. એક પિતા-પુત્રને સાથે ડ્રિંક કરતા જોઈ એના સંસ્કાર ડોલી ઊઠયા હશે. કદાચ વિચારતો હશે કે લશ્કરી સાહેબોના સંસ્કારો આવા જ હોય.

ડૅડીએ ગ્લાસમાં ડ્રિંક રેડયું. મને બહુ જ નવુંનવું અને અકળાવે તેવું લાગી રહ્યું હતું. થયું કે કહી દઉં હું પીતો નથી. પણ કદાચ ઈનાએ પીવા વિષે પણ કહ્યું હશે.

'કમ ઑન; ચીઅર્સ.' ડૅડીએ લશ્કરી ઑર્ડરની જેમ હુકમ કર્યો. મેં ગ્લાસ ઉપાડીને ધીરેથી 'ચીઅર્સ' કહ્યું.

પરંપરાગત મૂલ્યોનું ખંડન થઈ રહ્યું હતું. વંશાવળીઓ ધ્રૂજી ઊઠી હતી. ડૅડીની અને મારી આંખોની વચ્ચે ઝૂલતા શૂન્યમાં પેઢીઓનું અંતર ઓગળતું હતું. દીવાલ પર ફ્રેમોમાં જડેલા પ્રપિતાઓના ચહેરાઓ વર્ષોની ગાઢ નિદ્રામાંથી ઝબકીને જાગી ગયા હોય તેવું લાગ્યું.

'ડાઇવૉર્સ નાયસાય એટલે હજી તને પૂર્ણ રીતે ડાઇવૉર્સ મળતાં બએક વર્ષ નીકળી જશે, નહિ?' 'હા.'

'હજી પણ ઘણો સમય છે, જો સમાધાન કરવા માગે તો.'

'ડૅડી, તમે ઈના માટે આટલો બધો આગ્રહ શા માટે રાખો છો?'

'કારણ કે મને ઈનામાં વિશ્વાસ છે. મને લાગે છે કે હું એને સમજાવી શકીશ.' ડૅડીએ જરા કડક થઈને કહ્યું.

'એને પણ તમારા પ્રત્યે બહુ જ માન છે.'

'જો બની શકે તો હું એને એક વાર મળવા માગું છું.'

'ખુશીથી મળી શકો છો; પણ એને મનાવવા જવાની મને કંઈ જરૂરત નથી લાગતી.'

'હું કાંઈ તારા પ્રતિનિધિ તરીકે નથી જતો. મારી પોતાની રીતે મળવા માગું છું.' 'મળી શકો છો. એ દિલ્લીમાં જ છે.'

'હૅવ અનધર ડ્રિંક.' ડૅડીએ મારો ગ્લાસ ફરી ભરી દીધો. મને લાગ્યું કે આજે એકાએક ડ્રિંક બહુ જ જલદી અસર કરી રહ્યું હતું. કદાચ ગંભીર વિષય પર વિચાર કરતા હતા તેથી, અથવા ડૅડી સામે પહેલી વાર પીતાં કંઈક રૂઢિચુસ્ત મૂલ્યોનું ખંડન કરી રહ્યો હતો તેથી. માથું ભારે થવા લાગ્યું હતું અને ફાયરપ્લેસમાં બળતી આગ એક પીળા ધબ્બા જેવી લાગતી હતી.

'ગયા મહિને આશા આવી હતી.' ડૅડીએ કહ્યું.

'હા, મને પણ દિલ્લીમાં મળી હતી.'

'એને આ બાબત કંઈ ખબર હતી?' 'ના.'

'તારો અંગત પ્રશ્ન છે એટલે હું બહુ દખલ કરવા માગતો નથી; પણ તને સુખી જોવાનો આગ્રહ એક પિતા તરીકે તો રાખી જ શકું છું.' ડૅડી બહુ જ ગંભીર લાગતા હતા.

'ઈના વગર પણ હું સુખી થઈ શકું છું.'

'તું એવું ધારે છે;–કદાચ એવો દેખાવ કરે છે. એક ગૃહસ્થીમાંથી, એક પરિસ્થિતિમાંથી પાછા એકલા થઈ જવું બહુ જ દુઃખદ હોય છે. કદાચ અત્યારે તું એ માનવા તૈયાર નહિ પણ હોય. હું અનુભવથી કહી રહ્યો છું. મને ખબર નથી પડતી ઈનાથી તું આટલો બધો દૂર કેવી રીતે થઈ ગયો છે?'

અમે બન્ને એક પળ ચૂપ રહ્યા. શું કહેવું એ કોઈને પણ સૂઝતું ન હતું. અંતે મેં ધીરેથી કહ્યું: 'ડૅડી, મને ઈનાના ચારિત્ર વિષે શંકા છે.'

ડૅડીએ મારી સામે ઉગ્ર આંખોથી જોયું. વાતાવરણમાં એક બહુ જ વિચિત્ર ઘટ્ટતા જામતી જતી હતી.

'હા; મને ખબર છે. એનો એક પ્રેમી છે.' મેં તૂટતા અવાજે કહ્યું.

ડૅડી યંત્રવત્ જોઈ રહ્યા. મેં મારી હથેળીઓમાં મોઢું છુપાવીને ગોઠણો પર મૂકી દીધું. મને લાગ્યું હું બહુ જ થાકી ગયો હતો અને ડ્રિંકની પણ અસર મગજ પર બહુ જ ભારે હતી. એકાએક મારા વાળમાં અને પીઠ પર ડૅડીએ હાથ ફેરવ્યો. મેં આંખો ખોલી અને ડૅડીની આંખોમાં રહેલા વિષાદને જોઇ રહ્યો.

'હૅવ અ ડ્રિંક,' એમણે ધીમેથી કહ્યું: 'મન નાનું નહિ કર. તારે પરિસ્થિતિઓ સાથે જીવતાં શીખવું જ પડશે.' એમણે દિલાસો દીધો.

ડૅડીએ ઘડિયાળ તરફ જોયું. દસ વાગી રહ્યા હતા. મને બહુ જ સખત ઊંઘ આવી રહી હતી. 'ચાલ સૂઈ જા. સવારે છ વાગ્યે નૈનીતાલની બસ મળશે. હું સવારે ઉઠાડી દઇશ ને સ્ટૅન્ડ સુધી મૂકી જઈશ.'

'વહેલી સવારે તમે ક્યાં તકલીફ લેશો?'

'તકલીફ કેવી? મારો એ ફરવા જવાનો સમય હોય છે. થોડા દિવસો રજા લઇને અહીં આવી જા. તને આરામની જરૂરત છે.'

'આવતે અઠવાડિયે રજા લઇને અહીં થોડા દિવસ રહી જઈશ.'

'ઓ કે, ગુડ નાઇટ.' 'ગુડ નાઇટ, ડૅડી.'

ઘણા વિચારો આવ્યા. ડૅડીને બધું કહ્યુ એ બરાબર કર્યું કે કેમ? બીજો રસ્તો પણ શો હતો? જો ડૅડીએ મને પીવા માટે મજબૂર ન કર્યો હોત તો કદાચ આટલી બધી ખુલ્લેથી વાત ન કરી શકત. વિચારો ને વિચારોમાં જ ઊંઘ પણ આવી ગઈ. સવારે સૂર્યોદય પહેલાં ડૅડીએ જ્યારે ઉઠાડચો ત્યારે જ ખરી ઊંઘ આવી રહી હતી. ઝડપથી તૈયાર થઈ ઍટેચી લઇને ડૅડીની સાથે બહાર રસ્તા પર આવી ગયો. ડૅડી હૅન્ડ ગ્લવ્ઝ અને ટૉપકોટ પહેરીને ચૂપચાપ ચાલી રહ્યા હતા. એમના શ્વાસોચ્છ્વાસની સાથે નીકળતી વરાળને હું અકારણ જોઈ રહ્યો હતો.

બસ-સ્ટૅન્ડ પર આવીને મેં નૈનિતાલની ટિકિટ લીધી. મારી સીટ પર ઍટેચી મૂકી. અમે બાજુની એક છાપરાની હોટેલમાં ચા પીવા ગયા. ચૂલા પર ચાનું મોટું વાસણ હતું ને એની વરાળની પાછળ ચા-વાળો પાઈન વૃક્ષોની જેમ શાંત ઊભો હતો. હોટેલના પાછલા ભાગમાંથી દૂર હિમાલયના શ્વેત શિખરો પર સોનેરી સૂર્યોદય થતો અમે જોયો.

બસને ઊપડવાનો સમય થયો. 'આવતે અઠવાડિયે જરૂર આવજે, થોડા દિવસ રહી શકાય એમ.' ને બસ ઊપડી. ડૅડીએ હાથ હલાવ્યો. ધીરેધીરે રાનીખેતનાં બેઠા ઘાટનાં મકાનો પસાર થવા લાગ્યાં. બસ પહાડી રસ્તાઓ પર થઈને ખીણમાં ઊતરી રહી હતી. ખીણમાં સફેદ ધુમ્મસ ભરેલું હતું અને ઠંડીનો સખત ચમકારો હવામાં હતો.

ડૅડીએ બહુ જ સમજદારીથી, ધૈર્યથી અને શાંતિથી કામ લીધું હતું. એક દિવસ સુધી તો એમણે ઈના વિષે કંઈ પૂછ્યું જ ન હતું.

કોઈએ ખાંસી ખાધી. બસની બારીની બહાર એક ભૂરો અવકાશ હતો. ધુમ્મસના આવરણમાં બધું જ અદૃશ્ય થઈ ગયું હતું. ધીરે ધીરે ધુમ્મસ ખૂલતું ગયું અને આકારો સ્પષ્ટ થતા ગયા. પહાડોની આસપાસ વીંટળાએલા સર્પાકાર રસ્તાઓ પરથી બસ જઇ રહી હતી.

ઈના વિષે વિચાર આવી જ ગયો. ડૅડીની સલાહો યાદ આવી. એકલા જિંદગી વીતાવવી મુશ્કેલ છે. પણ કોઇના સાથે વીતાવવી એ મુશ્કેલ જ છે. કદાચ ડૅડી એને પણ એ જ સલાહ આપશે જે મને આપી હતી. સલાહથી શો ફરક પડે છે? મેં મારો નિર્ણય લઈ લીધો છે.

બસ ખીણમાંથી ઉપર આવી રહી હતી ને ડ્રાઇવર ગીઅર બદલી રહ્યો હતો. ઉપર ચડતાં એન્જિનનો અવાજ પણ બદલાતો હતો. પહાડના શિખર પર તડકો હતો: બસ સારી ઊંચાઈએ આવી ગઇ હતી.

ગઇ કાલનું ડૅડીનું વર્તન કંઈક વિચિત્ર લાગી રહ્યું હતું: મને પાઈપ ઑફર કરવી અને સ્કૉચ પીવડાવવો. અમારી વચ્ચે રહેલી પરંપરા અને વર્ષોની સીમાઓને એમણે તોડી નાખી હતી.

એકાએક બસે વળાંક લીધો અને ડ્રાઇવરની સામેના કાચમાંથી તડકો આવ્યો. સારો લાગ્યો. તડકાની સાથે સાથે એક વિચાર પણ આવ્યો. જો ડૅડી મારા સમવયસ્ક હોત તો કદાચ અમે બન્ને બહુ જ સારા મિત્રો બની શક્યા હોત. કદાચ...

અનુસંધાન] નઝરુલ ઇસ્લામ [પૃષ્ઠ ૨૮૩ થી

આવશ્યકતાઓએ મને મહામૌની અવસ્થામાંથી બહાર કાઢીને જંજીરોમાં જકડચો. હું એ જંજીરને તોડી નાખીને પેલીમૌની અવસ્થામાં ફરી પ્રવેશવા મથું છું.'

એક સ્થળે કહે છે: 'હું કવિ થવા કે કીર્તિ રળવા જન્મ્યો નથી. હું તો મારાં અસ્તિત્વ ને વિસાતને શોધવા આવ્યો છું. જો આ શાશ્વત સૌંદર્ય મારાં દૃષ્ટવ્યને અભિવ્યક્તિ આપશે તો આ જગત પર જે પ્રેમવરદાન વરસશે તેના વડે કવિતા અને ગીતોથી નવવૃંદાવન સર્જાશે. મારાં કાવ્યો અને ગીતોમાં જો આ શાશ્વત સૌંદર્ય એના કિંચિત્ અંશમાં પણ આકાર પામશે તો હું મારી જાતને ધન્ય માનીશ.'

ઉર્દૂ અને ફારસી શબ્દો ધરાવતાં નઝરુલનાં કાવ્યો અને ગીતોમાં તળપદી બંગાળી બાની છે. એમની કૃતિઓમાં મુખ્યત્વે દોલનચંપા, છાયાનટ, ફણિમનસા, સિંધુ-હિલ્લોલ, ચિત્તનામા, ઝિંગેફૂલ, બુલબુલ, જિંજર, ચક્રવાક, ચોખેર ચાતક, ચંદ્રબિંદુ, સર્વહારા, સંધ્યા, વિદ્રોહી અને અગ્નિવીણા વગેરેને ગણાવી શકાય.

માત્ર સુશિક્ષિત જનસમાજ સુધી જ એમનો સર્જન-વ્યાપાર સીમિત નથી. એમનાં ગીતો અને કાવ્યો છેક ગામડાંનાં કિસાનો અને કામદારો સુધી પહોંચ્યાં છે. માત્ર બે દસકામાં જ પોતાનાં સર્જનનો શ્રેષ્ઠ ફાલ આપનાર આ મૂર્ધન્ય કવિએ યુગધર્મને વાચા આપી છે. દંભ, લાગણીશીલતા અને ચોખલિયાવેડાના સ્થાને એમણે સત્યને અંજલિ આપી, તૃષ્ણાની પુકાર કરી અને ખુમાર પ્રગટાવ્યો. ટાગોરનાં ગીતો સરોવરનાં શાંત નીતર્યાં નીર જેવાં છે, તો નઝરુલનાં ગીતો ધસમસતા જલપ્રવાહ જેવાં છે. બંગાળના યુવાનોએ ટાગોરની પૂજા કરી છે પણ નઝરુલને તો હૃદયમાં સ્થાપિત કર્યા છે. કવિના સમકાલીન સુભાષચંદ્ર બોઝે કલકત્તાના આલ્બર્ટ હૉલમાં કહ્યું હતું: 'સમરાંગણના પથ પર આગેકૂચ કરતા જવાનો નઝરુલનાં ગીતોના તાલ સાથે કદમ મિલાવશે, અને કારાગારના માર્ગે જતા જવાનો પણ એ ગીતોમાંથી ઉત્સાહ મેળવશે. નઝરુલ એક જીવંત વ્યક્તિ છે.' ખરેખર! બંગાળી સાહિત્યને કાવ્યો ને ગીતોનું અદકેરું નજરાણું અર્પણ કરનાર નઝરુલ વિના બંગાળની મુક્તિચળવળમાં રંગ કે સરફરોશી ઉમંગ ન આવ્યો હોત!

છેલ્લાં ૨૬ વર્ષથી ચિત્તભ્રમ અવસ્થામાં રહેલા કવિ નઝરુલ એક પણ પંક્તિ લખી શક્યા નથી. એની નસોમાં રિક્ત સમયનું રક્ત અવ્યક્ત રીતે વહે છે. આઝાદી બાદ પાકિસ્તાન અને પશ્ચિમ બંગાળ એમ બંને સરકાર તરફથી સાહિત્યિક પેન્શનની સદ્ભાવના મેળવનાર આ એક જ બડભાગી કવિ છે. ભારત સરકારે પદ્મભૂષણ પદક આપીને એમની શક્તિને બિરદાવી છે અને કલકત્તા યુનિવર્સિટીએ 'જગત્તારિણિ સુવર્ણચંદ્રક'થી. સ્વ. પંડિત જવાહરલાલ નેહરુએ પણ અનેક વાર આર્થિક મદદ કરી હતી. એમને નિવાસસ્થાન માટે જમીન આપવાનો લેવાએલો નિર્ણય પણ હવે તો અમલમાં આવી ગયો છે. એમની જાણીતી કૃતિ 'અગ્નિવીણા'ની વરણી જ્ઞાનપીઠ ઍવોર્ડ માટે થએલી, પણ કોઈ અકળ કારણોસર એ નિર્ણય પાછો ખેંચાયો હતો!

ગયા વર્ષે ૨૫મી મેએ કવિની ૭૦મી વર્ષગાંઠે, પરિવારજનો અને અગણિત ચાહકોએ કવિને સન્માનવા કલકત્તાના ક્રિસ્ટોફર રોડ પરની એની નાનકડી મઢૂલી પર જઇને હારતોરા કર્યા હતા, અને એમની રચનાઓનું ગાન કર્યું હતું. પણ વાચાહીન, સંવેદનાહીન અને ગતિહીન આ વૃદ્ધ મૂક કવિ લાગણીશૂન્ય નજરથી આવું બધું તાકયા કરવા સિવાય કંઈ કરી શકે તેમ નથી. કદાચ કાગળનો એકાદ ટુકડો લઈ ફાડ્યા કરે યા કદાચ શિશુસહજ ભાવથી આંસુ સારે. આ છે કવિની વૈચિત્ર્ય અને વિષાદછાયી લીલા! કવિ શા માટે રડે છે, શું વિચારે છે, તાકીને શું જુએ છે—વગેરેનો જવાબ કોઈ આપી શકે તેમ નથી—ખુદ કવિ નઝરુલ ઇસ્લામ પોતે પણ નહિ!

નૅશનલ જ્યોગ્રાફિક

લેખક·ડૉ. વિપિન એન. શાહ

કોઈ પણ પ્રકારના આર્થિક લાભ વિના, એકમાત્ર ભૌગોલિક જ્ઞાનના વિકાસ અને પ્રસારના ઉદ્દેશથી ઈ. ૧૮૯૦માં સ્થપાએલી સંસ્થા 'ધ નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી'નું વિખ્યાત માસિક પત્ર તે 'નૅશનલ જ્યોગ્રાફિક' (અગાઉનું 'ધી નૅશનલ જ્યોગ્રાફિક મૅગૅઝિન'). કોઈની યે અંગત માલિકી વિનાના આ માસિક પત્રે માત્ર એના લવાજમની જ કમાણીમાંથી આ સંસ્થાને ટકાવી રાખીને એના કાર્યક્ષેત્રનો ઘણો બહોળો વિસ્તાર કરી દીધો છે. દર વર્ષે ૨૪૦ લાખ જેટલા નકશાઓ ઉપરાંત, પુસ્તકો, ચલચિત્રો, વર્ષે ૩૦ જેટલાં રંગીન 'સ્કૂલ બુલેટિનો,' ટેકનિકલ અહેવાલો, રેડિયો અને રાષ્ટ્રવ્યાપી ટેલિવિઝન કાર્યક્રમો વગેરે દ્વારા એ વિશાળ અર્થમાં ભૌગોલિક જ્ઞાનનો ફેલાવો કરે છે. અત્યાર સુધીમાં ૪૭૫ જેટલી શોધસફરો અને સંશોધન-યોજનાઓને પણ એણે લાખો ડૉલરની મદદ આપી છે. —સં.

પીઅરીનું ઉત્તરધ્રુવ પરનું ઉતરાણ, બાયર્ડનો 'લિટલ અમેરિકા' (ઍન્ટાર્કૅટિકા)નો ભૂમિસ્પર્શ, બિબેનું સાગરતલમાં અવગાહન, 'ઍક્સપ્લોરર-૨'નું સમાનવ અવકાશગમન, એમ વ્યોમ વસુધા અને સાગરી સંશોધનની ૮૦ વર્ષની તવારીખો જેના પાને પાને અંકાઈ છે; હિમાલયનાં હિમાચ્છાદિત શિખરોથી માંડી વિષુવવૃત્તનાં રણોને ખુરશીમાં બેઠાંબેઠાં જેના દ્વારા નિહાળી શકીએ છીએ તે, વિશ્વના ખૂણેખૂણાના લોકો અને જીવો વિષેની અવનવી અજાયબીભરી માહિતી આપતા, પીળી કિનારથી અત્યંત પરિચિત બની ચૂકેલા પૂઠાવાળા 'ધ નૅશનલ જ્યોગ્રાફિક મૅગૅઝિન'થી ભાગ્યે જ કોઈ શિક્ષિત અજાણ હોય. આજે એ માત્ર 'નૅશનલ જ્યોગ્રાફિક'ના નામે ઓળખાય છે. અમેરિકાની 'ધ નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી'નું એ માસિક પત્ર છે. ઈ. ૧૮૮૮થી શરૂ થએલા આ સામયિકની પોતાની આગવી એવી ઉચ્ચ પરંપરા છે. એ સંસ્થાએ પા પા પગલીથી માંડીને અત્યાર સુધીમાં સાધેલી વૈજ્ઞાનિક ને શૈક્ષણિક ક્ષેત્રની પ્રગતિના પ્રતીક સમા ઓકનાં પલ્લવો ને ફળોની ભાતવાળી કિનાર સોસાએટીનાં જ નહિ પણ દેશદેશના લોકોનાં પુરુષાર્થ, સંશોધન અને શોધખોળની જે તવારીખો સામયિકના પાનેપાને નોંધાઈ છે તેની સૂચક બની રહી છે.

૬૦,૦૦,૦૦૦ સભ્યો ધરાવતા આ સામયિકના એક જ માસના અંકોની થપ્પી કરવામાં આવે તો તે ૨૫ માઈલ ઊંચી થાય. ગ્રાહકોનાં નામ અને સરનામાં છાપવાનો શરૂઆતનો રિવાજ જો આજે પાળવામાં આવે તો ૫૦ નામ એક પાના ઉપર ઝીણા અક્ષરે છાપતાં લગભગ એક લાખ કરતાં પણ વધુ પૃષ્ઠો રોકાય, એટલું જ નહિ, લગભગ સિત્તેર વર્ષ સુધી બીજો એક પણ અક્ષર કે ચિત્ર છાપવાનું બંધ રાખવું પડે. ઈ. ૧૯૫૦માં એનો માત્ર એક અંક છાપવા માટે વપરાતી શાહીનું વજન જ ૧૪ ટન થતું હતું કે જે ઊંચકવા માટે પણ ૧૮૪ માણસો જોઈએ. આટલો વિશાળ ફેલાવો ધરાવતા સામયિક વિષે જાણતાં પહેલાં 'ધ નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી' અને તેની પ્રવૃત્તિ વિષે જાણવાથી એના ધ્યેય અને કાર્યને સમજવાં સરળ બનશે.



દુનિયાની આજની મોટામાં મોટી વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સંસ્થા 'ધ નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી'નો ઈ. ૧૮૯૦માં જ્યારે આરંભ થયો ત્યારે તો એનું દફતર માત્ર ભાગીદારીમાં ભાડે રાખેલા એક અર્ધા ખંડમાં જ ચાલતું. ઈ. ૧૯૦૩માં સંસ્થાના પ્રથમ પ્રમુખનાં પત્ની શ્રીમતી હબ્બર્ડે એક મકાન ભેટ આપ્યું, જ્યાં આજે સંસ્થાનો ગ્રંથસંગ્રહ છે. ઈ. ૧૯૬૮થી સંસ્થા આ (ડાબી બાજુના) શ્વેત સંગેમરમરના આલીશાન મહાલયમાં કામ કરે છે. અહીં માત્ર 'નૅશનલ જ્યોગ્રાફી'નું સંપાદન જ નહિ પણ બહોળા અર્થમાં ભૌગોલિક જ્ઞાન વધારે એવાં સંસ્થાનાં બધાં જ કાર્યોનું મુખ્ય કેન્દ્ર છે. એને પહેલે માળે, ભૌગોલિક સૌન્દર્ય અને અજાયબીઓ બતાવતાં ચિત્રો અને નમૂનાઓ પ્રદર્શિત થતાં રહે છે. (ફોટો·રૉબર્ટ એસ. ઓક્સ, નૅ. જ્યો. સો.)—સં૦



'નૅશનલ જ્યોગ્રાફિક'ના ઘડવૈયા (ડાબી બાજુથી અનુક્રમે) (૧) સંસ્થાના પ્રમુખ **ગાર્ડિનર ગ્રીન હબ્બર્ડ.** 'સ્મિથસોનીઅન ઇન્સ્ટિટ્યૂશન'ના નિયામક અને પ્રતિષ્ઠિત વકીલ. બહેરાંઓને શિક્ષણ આપવાની દિશામાં એમણે પહેલ કરી અને ટેલિફોનની શોધમાં પણ સહાય કરી હતી. સંસ્થાના ધ્યેયને સિદ્ધ કરતાં મહાન સાહસોને બિરદાવવા એમના નામનો સોનાનો 'હબ્બર્ડ મેડલ' આપવામાં આવે છે. (૨) **ઍલેક્ઝાંડર ગ્રેહામ બેલ.** ટેલિફોનના શોધક અને સંસ્થાના બીજા પ્રમુખ. ગાર્ડિનર હબ્બર્ડના એ જમાઈ હતા. આ સદીના આરંભમાં તેઓ બેઈન બ્રેઘ મુકામે અવનવા આકારના વિશાળ પતંગો દ્વારા ઉડ્ડયન સારુ પ્રયોગો કરતા હતા. લગભગ ભાંગી પડવા જેવી નબળી આર્થિક સ્થિતિમાં એમણે જ પોતાની અંગત આર્થિક સહાયથી સંસ્થાને ઉગારી લીધી હતી. સંસ્થાના માસિક પત્રને જીવાડવા તેઓ ૮૭,૦૦૦ ડૉલર આપવા તૈયાર થઈ ગયા હતા. (૩) **ગિલ્બર્ટ હૉવ ગ્રૉવનર** જાણીતા લેખક અને ઈતિહાસવિદ ડૉ. એડવિન એ. ગ્રૉવનરના આ પુત્રે ઍલેક્ઝાંડર બેલના સૂચનથી ૨૩ વર્ષની વયે 'નૅશનલ જ્યોગ્રાફિક'નું સંપાદન સ્વીકારેલું તે પછી સતત દાયકાઓ સુધી એના તંત્રીપદે રહી એમણે ૬૬૦ અંકો અને ૩૩૦૦થી યે વધુ લેખોનું સંપાદન કર્યું. આરંભમાં ભાગે રાખેલા એક ખંડમાં, અને ઘેર બાળકોથી ને મુલાકાતીઓથી બચવા દૂર તંબૂમાં ટેબલ માંડી રાતદિવસ મહેનત કરીને ૧૯૫૪માં તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધીમાં એમણે માસિકની ગ્રાહક-સંખ્યા ૨૦,૪૧,૦૦૦ જેટલે પહોંચાડેલી. એમના તંત્રીપદ નીચે 'નૅશનલ જ્યોગ્રાફિક' આજનું સ્વરૂપ પામ્યું. માસિકમાં મબલખ ચિત્રો આપવાની એમણે પહેલ કરેલી. રંગીન ફોટોગ્રાફીના આરંભથી જ જે જે પ્રકારો વિકસ્યા એ બધા એમણે અજમાવ્યા. દુનિયાભરમાં ખ્યાતિ પામેલા આ માસિકના બહુરંગી નકશાઓ આપવાની પ્રથા અને એ માટે ખાસ ખાતું એમણે જ ચાલુ કરેલાં. 'સંસ્થા માસિકને નહિ પણ માસિક સંસ્થાને નિભાવે' એવું ડૉ. બેલનું સ્વપ્ન એમણે સિદ્ધ કરી બતાવ્યું ડૉ. બેલનાં પુત્રી એલ્સિ મે બેલ સાથે એમણે લગ્ન કરેલાં. એમનાં પત્નીએ જ આ સંસ્થાના ધ્વજનું આયોજન કરેલું છે. સંસ્થા સાથેની પોતાની કારકિર્દી દરમિયાન તેઓ એના મંત્રી અને પ્રમુખપદે પણ રહી ચૂક્યા છે. (૪) ડૉ. **મેલવિલ બેલ ગ્રૉવનર** પિતાની પછી ૧૯૫૭માં 'નૅશનલ જ્યોગ્રાફિક'ના તંત્રી બનેલા. આજે તેઓ સંસ્થાના બોર્ડના ચેરમૅન અને માસિકના મુખ્ય તંત્રી છે. (૫) ડૉ. **મેલવિન એમ. પેન** 'નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી'ના આજના પ્રમુખ. —સં.

દુનિયાના ઇતિહાસમાં એવી એકે ય બીજી વિજ્ઞાનસંસ્થા નથી જેની કાર્યદક્ષતા અને પ્રસિદ્ધિ આ સંસ્થા જેટલાં હોય. ઈ. ૧૮૮૮માં ભૌગોલિક જ્ઞાનના ઉત્કર્ષ, ઉત્તેજન અને પ્રસારના ધ્યેય સાથે અમેરિકામાં આ 'ધી નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી' સ્થપાઈ જેના પહેલા પ્રમુખ મિ. હબ્બર્ડ હતા. જે વિશ્વમાં આપણે જીવીએ છીએ તે વિષેના અભ્યાસને ઉત્તેજન આપવાનું ભગીરથ કાર્ય એ નાનકડી સંસ્થાએ હાથ ધર્યું હતું. જ્ઞાનવિજ્ઞાનક્ષેત્રે આ એક દુઃસાહસ જ હતું, ભૂગોળવેત્તાઓને જ સભ્ય બનાવતી આ સંસ્થામાં શરૂમાં બસો ને પાંચ સભ્યો અને ભંડોળમાં માત્ર એમની ફી સિવાય કંઇ હતું નહિ. અનંત આકાશમાં રહેલી અનેકવિધ શક્યતાઓને સાબિત કરવા, સાગરતલનાં પાતાળપાણી ભેદી અંદરનાં સૌંદર્ય અને સંપત્તિની જગતને જાણ કરવા, પૃથ્વીની કેટલી ય અજાણ ધરતીનો પરિચય પામવા સંશોધકોને મોકલવા; એમ આકાશ, પૃથ્વી અને જળનાં સત્યોની શોધ કરાવવા માટેની વિરાટ પ્રવૃત્તિ કેટલા મૂઠીભર સાધનોથી કરવાની હતી? છતાં સોસાએટીએ કોઈ કુબેર પાસે પોતાની ટોપી ઉતારી નહિ. માત્ર સ્વપુરુષાર્થથી ભંડોળ ઊભું કરવાનું હતું. બસોમાં પાંચથી વધીને સભ્યોની સંખ્યા એક હજારની થઈ ત્યારે માંડ બે પાસાં ભેગાં થઈ શકે તેવી આર્થિક વિટંબણા દૂર કરવા માટે બીજી વિજ્ઞાન-સંસ્થાની જેમ આ સંસ્થાનું પણ એક વિશિષ્ટ તંત્ર ઘડી કાઢવામાં આવ્યું. સોસાએટીએ એક મૂલ્યવાન ટેકનિકલ જર્નલ 'ધી નૅશનલ જ્યોગ્રાફિક મૅગૅઝિન' શરૂ કર્યું. ઈ. ૧૮૮૮ના ઑક્ટોબરના એ પહેલા અંકના લાલ ગેરુઆ જેવા રંગીન પૂઠા ઉપર તારીખ પણ ન હતી. એકે ય ચિત્ર પણ નહિ. એ આખો જ અંક કેવળ ભૂગોળ વિષેના ટેકનિકલ લેખોનો જ હતો. ઈ. ૧૮૯૯ સુધી સામયિકનો દેહ આમ જ દુર્બળ રહ્યો. ત્યાર પછી રંગીન નકશા સાથે દરિયાઈ તોફાન વિષે પૃથક્કરણ છપાયું. એ પછીના શરૂઆતના અંકોમાં ભૌગોલિક પરિસ્થિતિના સંદર્ભમાં બોઅર યુદ્ધના દાવપેચ, ૧૯૦૦ની ચીનની રાષ્ટ્રીય ચળવળ, ઝારનું રશિયા વગેરે જેવા માહિતીપ્રદ લેખો પ્રકટ થયા.

પરંતુ સામયિક પ્રકટ કર્યા પછી યે સંસ્થાના આર્થિક તંત્રમાં કંઈ રાહત ન થઈ. સોસાએટીના ઉપક્રમે વ્યાખ્યાનો યોજાય તેમાં વક્તાને માત્ર ગાડીભાડું જ અપાતું, બોર્ડના સભ્યો, મૅનેજર, કર્મચારી, તંત્રી અવૈતનિક કામ કરતા. આ સામયિકના છપામણી ખર્ચ અને વ્યાખ્યાનખંડના ભાડા માટે પણ સભ્યોની ફી સિવાય બીજું કોઈ મુખ્ય સાધન ન હતું. સર્વ રીતે સક્રિય અને મૂલ્યવાન એવી સંસ્થા અને તેનું આ સામયિક ચલાવવા ભાડૂતી મકાનનો એક અરધો ખંડ વપરાતો. સોસાએટીના પહેલા પ્રમુખ મિ. હબ્બર્ડની યાદમાં જ્યારે સંસ્થા ને 'હબ્બર્ડ મેમૉરિયલ હૉલ' એનાયત થયો ત્યારે પહેલી જ વાર સ્થાયી નિવાસની હાશ અનુભવાઈ. પણ એ યે હતાશામાં પરિણમી જ્યારે સફેદ હાથી સમાન નીવડેલા એ મકાનમાં પ્રકાશ કે મરામત માટે પણ સંસ્થા પૂરતી સગવડ કરી શકે તેમ નહોતી. સભ્યોની સંખ્યા વધારવા



'ધી નૅશનલ જ્યોગ્રાફિક મૅગૅઝિન'નો પહેલો અંક (ડાબી બાજુ). લાલ ગેરુઆ રંગના એના પૂઠા ઉપર પ્રકટ થયાના માસનો પણ ઉલ્લેખ નહોતો. નાનકડી પુસ્તિકા જેવા એ અંકમાં 'જ્યોગ્રાફિક મેથડ્સ ઈન જીઓલૉજિક ઈન્વેસ્ટિગેશન' – ભૂસ્તરસંશોધનની ભૌગોલિક રીત વિષે મુખ્ય લેખ હતો. અને એની માત્ર ૨૫૦ નકલ જ છપાએલી. ઈ. ૧૮૯૬થી એ માસિક બન્યું હતું છતાં ઈ. ૧૮૯૯ના એપ્રિલ સુધી આ પત્ર આ જ રીતે એક પણ ચિત્ર વિના અને અનિયમિત પ્રકટ થતું રહેલું. આજે એના જેટલાં મબલખ અને રંગીન ચિત્રો ભાગ્યે જ કોઈ માસિકમાં આવતાં હશે ૧૮૯૯માં માત્ર એક હજાર ગ્રાહકોવાળું આ માસિક આજે લગભગ ૬૦ લાખ નકલો પ્રકટ કરે છે. આ બધી



નકલોની એક થપ્પી કરી હોય તો દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ કરતાં પણ એ ચારથી યે વધુ ગણી ઊંચી થાય. પોણી સદી ઉપરની એની કારકિર્દી સિલસિલાબંધ સાચવતા આ માસિકના પૂરા માત્ર ૧૫૦ સેટ જ આજે દુનિયામાં હસ્તિ ધરાવે છે. અને એ માટે યે પહેલાં ત્રીસ વર્ષના અંકો તો ફરી છાપવા પડેલા. જમણી બાજુ સંસ્થાના આજના પ્રમુખ ડૉ. મેલવિન એમ. પેન 'નૅશનલ જ્યોગ્રાફિક'ના અંકોની પૂરી ફાઈલો વચ્ચે બેઠેલા છે. ખુદ સંસ્થાએ પોતે પણ ૧૮,૦૦૦ ડૉલર આપીને પોતાના જ માસિકનો પૂરો સેટ ખરીદવો પડેલો.–સં.

સિવાય બીજી કોઈ બારી ન રહી. બોર્ડ ઑવ મૅનેજર્સે જે નવી નીતિ અપનાવી તે વિજ્ઞાનક્ષેત્રે લગભગ અજોડ હતી. જે સભ્યપદ માત્ર ભૂગોળવેત્તાઓ પૂરતું મર્યાદિત હતું તેને બદલે ભૌગોલિક જ્ઞાનના ઉત્કર્ષમાં રસ હોય તેવા સૌ કોઈને દાખલ કરવામાં આવ્યા. કોલંબિયા જિલ્લામાં એક હજાર સભ્ય હતા. નવ કરોડ માણસો કોલંબિયાની બહાર વસતા હતા તેમની સમક્ષ સોસાએટીના સભ્ય બની સામયિકના ગ્રાહક બનવા માટે ધા નાખવામાં આવી. આ પ્રચાર કરવા માટેનો એકમાત્ર આધાર તે આ સામયિક હતું. વૉશિંગ્ટનના સભ્યો તો વ્યાખ્યાનોનો લાભ પણ પામી શકતા, પણ બહારના સભ્યોનો સંસ્થા સાથેનો સંપર્ક માત્ર સામયિક દ્વારા જ જળવાઈ રહેતો. હજારો માણસોને માત્ર ભૂગોળ વિષયક સામયિકમાં રસ હોય એવી આશા પણ શી રીતે રખાય? એટલે સામાન્ય માણસોને પણ રસ પડે તેવું વાચન પીરસવાનું અનિવાર્ય બન્યું. પણ સામયિક દ્વારા સંસ્થાને મદદ કરવાનો ખ્યાલ છેક અંધ ન હતો. એનું વૈજ્ઞાનિક ધોરણ નીચું ઉતારવું કે સસ્તો પ્રચાર દાખલ ન કરતાં એની રૂપરેખામાં જ એવાં તત્ત્વો ઉમેરવાં કે જેથી સૌ રસ લઈ શકે એવો દૃઢ આગ્રહ હતો. સામાન્ય રીતે કોઇ પણ સામયિકનો ભાર સંસ્થા ઉપાડતી હોય ત્યારે અહીં તો સંસ્થાનો બોજ ઉપાડવા સામયિક નભાવવાની ઊલટી ગંગા વહેતી હતી.

એ કામ કોણ કરે? યોગ્ય સંચાલક ન મળે તો સમગ્ર યોજના નિષ્ફળ નીવડે એમ હતું, માણસની પસંદગી અને સમગ્ર યોજના અંગે બોર્ડે જ્યારે ચર્ચા-વિચારણા કરી ત્યારે સંસ્થાના જ્યારે ત્યારે પણ ૧૦,૦૦૦ સભ્યો થાય એ વિચાર પણ કેટલો હાસ્યાસ્પદ લાગ્યો હતો! નિશાળમાં પણ કંટાળાજનક વિષય ગણાય એવા ભૂગોળના વિષયને ચર્ચતા સામયિકના માત્ર અમેરિકામાં ૧૦,૦૦૦ સભ્યો? કેટલો વધુ પડતો આશાવાદ અને કેવો હાંસીપાત્ર વિચાર!

પણ એ સંજોગોમાં એક લાયક માણસ મળી ગયો. એમહર્સ્ટ કૉલેજમાં ઝળકતી કારકિર્દી બતાવનારો નવયુવાન. આ નવી યોજનાને વેગ આપે અને સામયિકને નવી જિંદગી બક્ષે એવો એ યુવાન આસિસ્ટંટ એડિટર તરીકે જોડાયો. પરંતુ તેને આપવાના પગારના પૈસા ક્યાં હતા? તેના પગાર માટે રસ ધરાવતા સભ્યોમાંથી સ્વૈચ્છિક ભંડોળ ભેગું કરવામાં આવ્યું. એ યુવાન તે સોસાએટીના પ્રમુખ ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલના જમાઈ મિ. ગિલબર્ટ એચ. ગ્રોવનર. (આગળ જતાં જે 'મિ. જ્યોગ્રોફી'ના લાડકવાયા નામે ઓળખાયા.) ૨૩ વર્ષના ઊછરતા થનગનતા એ યુવાને આવતાંવેંત શું જોયું? ન્યૂઝપેપર અને બુકસ્ટૉલના એજંટોએ પાછાં વાળેલાં સામયિકોની છ મોટી પેટીઓ! ધીરજથી તેમણે પોતાનું કામ આરંભ્યું. તે વેળા સોસાએટીને માથે ૨૦૦૦ ડૉલરનું કરજ હતું. દેવાળું ફુંકાવાની અણી હતી. ઈ. ૧૯૦૦થી તેઓ એડિટર થયા. ૧૯૦૩થી સોસાએટીના ડિરેક્ટર બન્યા, અને લાગલાગટ ૬૭ વર્ષ સુધી આ સામયિકની સેવા કરી. ટેલિફોનની શોધ પહેલાંથી માંડીને ઍપોલો અવકાશયાનના સાહસ સુધીના તેઓ સાક્ષી રહ્યા. તેમની કાર્યદક્ષતા, બોર્ડના સભ્યોની અસામાન્ય બુદ્ધિશક્તિ, સભ્યોના ઉમળકાભર્યા સહકારથી સભ્ય-સંખ્યા લાખો ઉપર પહોંચી ગઈ (આજે લગભગ સાઠ લાખ સુધી એ આંક પહોંચ્યો છે.) અને સામયિક દુનિયાનું સૌથી શ્રેષ્ઠ શૈક્ષણિક પત્ર બની ગયું. હજારો વિદ્યાધામોમાં એ પહોંચવા માંડ્યું. સ્વપુરુષાર્થથી સોસાએટી પોતે પોતાનું ભંડોળ ઊભું કરી શકી. એટલું જ નહિ, પણ વિજ્ઞાન અને ભૂગોળનાં સંશોધન અને શોધખોળોમાં પોતાના વધારાના ભંડોળમાંથી લાખો ડૉલરની આર્થિક સહાય આપી શકે એટલી તે સધ્ધર બની.

કોઈ પણ સામયિકે ધડો લેવા જેવી એની સિદ્ધિદા નીતિનું માળખું પહેલેથી આ પ્રમાણેનું રહ્યું. સંપૂર્ણ ચોકસાઈ એ પહેલો સિદ્ધાંત. સત્ય હકીકતથી વેગળું હોય તે ન જ છપાવું જોઈએ. (વરસો સુધીના અંકો જોતાં જણાય છે કે જેમાં સંપૂર્ણ ચોકસાઈ ન હોય એવો એક પણ લેખ છપાયો નથી.) સુંદર, સૂચક અને કલાત્મક ચિત્રોની વિપુલતા. જે કંઈ છપાય તેનું ચિરંજીવ મૂલ્ય હોવું જોઈએ. તેનું આયોજન એવું હોવું જોઇએ કે જે દિવસે છપાયું હોય એ દિવસે એનું જેટલું ઔચિત્ય અને મૂલ્ય હોય તેટલું જ બે, પાંચ કે દસ વર્ષ પછી પણ ગણાય. (એ નીતિને કારણે હજારો જૂના અંકો નિશાળો, કૉલેજો, લાયબ્રેરીઓ અને ઘરોમાં વંચાતા જોવા મળે છે). સામાન્ય વ્યક્તિઓ





અત્યાર સુધીમાં 'ધ નૅશનલ જ્યૉગ્રાફિક સોસાએટી'એ ૪૭૫ જેટલાં સંશોધનો અને શોધસફરોમાં પોતાની સહાય આપી છે. (ઉપર) એવા જ એક સંશોધનમાં ગ્વાટેમાલામાંથી મળી આવેલું ૨૩૦૦ થી ૨૭૦૦ વર્ષ જૂનું પથ્થરનું વિશાળ મસ્તક. મેક્સિકોની ઑલમેક પ્રજાની રહસ્યમયી સંસ્કૃતિ પર એનાથી પ્રકાશ પડશે એમ મનાય છે. (ફોટો · નૅ. જ્યો. સો.) જમણી બાજુ : સંસ્થાની સહાયથી ફ્રેંચ કૅપ્ટન જેક્સ-યેસ કોસ્તોએ રાતા સમુદ્રમાં મરજીવાઓની જાણે એક વસાહત જ ઊભી કરી છે. અહીં થતી વિવિધ માછલીઓના અભ્યાસ માટે તથા મૉનાકોના ઍક્વૅરિયમ માટે તેઓ રોજ અવનવી માછલીઓને જીવતી પકડી લાવે છે. અહીં ચિત્રમાં પાણીમાં જ પોતાનાં સાધનો રાખવા ઊભી કરેલી છાપરી નજીક બે મરજીવા તરી રહ્યા છે. એમાંના ડાબી તરફના માણસની પ્લાસ્ટિકની થેલીમાં 'બટરફ્લાઈ' માછલી પકડાએલી દેખાય છે. આ બંને સંશોધનપ્રવૃત્તિમાં ધ નૅશનલ જ્યૉગ્રાફિક સોસાએટીએ સહાય આપેલી છે. (ફોટો : રૉબર્ટબી.ગુડમૅન, નૅ. જ્યો. સો.)–સં૦

કે તેમને વિષેની ક્ષુદ્ર બાબતોનો ત્યાગ, પક્ષવાદી કે વિવાદાસ્પદ વ્યક્તિ વિષે કંઇ જ ન છાપવું. દોષદર્શી કે અરુચિકર હોય તે ટાળવું. સામગ્રી પણ એટલી જ રાખવી કે બધું સમયસર છાપી શકાય. દુનિયાના કોઈ પણ ભાગમાં યુદ્ધ, ભૂકંપ, જ્વાળામુખી ફાટવાનો બનાવ વગેરે ધ્યાનપાત્ર હકીકતો અંગે આગામી અંકમાં તે પ્રદેશની ભૌગોલિક, ઐતિહાસિક અને આર્થિક બાબતોની તાજી જ સત્ય હકીકતો કોઈ પણ પ્રકારના ભેદભાવ, પૂર્વગ્રહ કે અફવાઓને ધ્યાનમાં લીધા વિના છાપવી અને સુંદરતા તથા સંખ્યાની દૃષ્ટિએ સર્વોત્કૃષ્ટ ગણાય તેવાં પૂર્ણરંગી ચિત્રો પણ સાથે પ્રકટ કરવાં.

સોસાએટીએ નવાંનવાં જે સાહસોને ઉત્તેજન આપ્યું કે જેની સચિત્ર માહિતી સામયિકના પાનેપાને અંકાઈ છે, તેમાં ૧૮૯૦માં માઉન્ટ સૅંટ એલિયાસ ઉપરનું સાહસ પ્રથમ હતું. એને પરિણામે ઉત્તર અમેરિકાનું બીજા નંબરનું સૌથી ઊંચું શિખર, માઉન્ટ લૉગન શોધાયું. રૉબર્ટ પીઅરીનું ઉત્તર ધ્રુવ એ પછીનું સાહસ, માઉન્ટ કાટમાઈટ ફાટ્યો ત્યારે પાંચપાંચ વખત સાહસિકોને મોકલીને જગતની આઠમી અજાયબી જેવી 'વેલી ઑવ્ ટેન થાઉઝન્ડ સ્મૉક્સ' શોધાઈ તે સાહસ કૅલિફૉર્નિયાનાં રાક્ષસી વૃક્ષો તરફ જગતનું પહેલવહેલું ધ્યાન ખેંચવાનો બનાવ, સ્ટ્રૅટોસ્ફીઅરને ભેદવા અને તેને પરિણામે સાગરની સપાટીથી ૭૨,૩૯૫ ફીટની ઊંચાઈ સુધીની વૈજ્ઞાનિક માહિતી આપવાનો સાહસપ્રસંગ વગેરે મુખ્ય છે. જીવવિજ્ઞાન, સૂર્યગ્રહણ ને ચંદ્રગ્રહણ અંગેની શોધખોળની વિગતો, અલાસ્કાના હિમપ્રદેશની શોધ, ૧૯૩૨નું ટ્રાંસ-ઍટલાંટિક સાગરી-સાહસ અને હજારો માઇલોનો પ્રવાસ કરી વિમાનની મદદથી તેનાં લેવાએલાં ચિત્રો વગેરેથી 'નૅશનલ જ્યૉગ્રફિક'ની ફાઇલો વિદ્યાર્થી, શિક્ષક, પ્રવાસી, કલાકાર, વિજ્ઞાની ને સિનેદિગ્દર્શકો વગેરેને અનેક રીતે ઉપયોગી પુરવાર થઈ છે.

પ્રકૃતિનાં વિવિધ તત્ત્વો ઉપર લખવામાં આવતા લેખોમાં કીડીથી કુંજર સુધીનાં પ્રાણીઓ, પક્ષીઓ, વ્હેલ આદિ જળચરો, રાક્ષસી વૃક્ષો જંગલો, ધ્રુવપ્રદેશો વગેરે સર્વે સમાવેશ પામે છે, અને એનાં ચિત્રો માટે ફોટોગ્રાફીની નવીનવી તરકીબો જાણવા સારુ પરદેશમાં જઈ એ અંગેના અભ્યાસને પણ આ સંસ્થા તરફથી ઉત્તેજન મળે છે. તાદૃશ કુદરતી રંગો સાથેનાં એમાંનાં ચિત્રો ઇતિહાસકારો, નૃવંશશાસ્ત્રીઓ અને વિજ્ઞાનીઓની પેઢીઓની પેઢીઓ માટેનો અજોડ અને અમૂલ્ય ખજાનો છે. દેશદેશની વેશભૂષા, રીતરિવાજો અને આદિવાસીઓનાં ચિત્રો પ્રમાણ અને રંગની દૃષ્ટિએ બેનમૂન છે. એ સઘળાં ચિત્રોની ક્રમબદ્ધ યાદી સોસાએટી પાસે છે. ૩,૬૬,૩૦૦થી પણ વધુ જેટલાં એ ચિત્રોનાં ઈન્ડેક્સ કાર્ડ છે. ૩ લાખ જેટલાં અપ્રસિદ્ધ ચિત્રોમાં ઘણાં તો ઍસ્બેસ્ટૉસ લાઇનવાળાં ફાયરપ્રૂફ ચિત્રો છે. સંસ્કૃતિક્ષેત્રે આ સેવા કંઈ નાનીસૂની છે? બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન સરકારે આ ચિત્રોનો શાંતિ સ્થાપવાના એક સાધન તરીકે ઉપયોગ કરીને તેનું શૈક્ષણિક મૂલ્ય પુરવાર કર્યું. લશ્કરના ઈન્ટેલિજન્સ સેક્શન માટે આ ચિત્રો સત્ય હકીકતો મેળવવાની એક સોનાની ખાણ થઈ પડયાં એટલું જ નહિ, 'મિકી માઉસ'નો અમર સર્જક અને ડિઝનીલૅન્ડનો વિધાતા વૉલ્ટ ડિઝની પણ આ સામયિકનો પોતાની ફિલ્મો માટે છૂટથી ઉપયોગ કરવા માંડયો. રંગીન ચિત્રોના સામયિક તરીકે આ જ માત્ર એક સામયિક વરસો સુધી રહ્યું હતું. એ સામયિકે ઘરઘરને આંગણે રમતાં પ્રકૃતિનાં તત્ત્વોની જાણ કરી. વનઉપવન, પશુ, પક્ષી, પુષ્પ, પતંગિયાં, જળચર અને છોડવા એ સૌમાં રહેલા સૌન્દર્ય તરફ આંગળી ચીંધ્યાનું જ નહિ, પણ એનો ખરો પરિચય આપવાનું પુણ્યકાર્ય આ પત્રે જ કર્યું છે.

[અનુસંધાન પૃષ્ઠ ૩૦૭]

શતરંજ .... સુરેશ સોઢી

મે-જૂન દરમિયાન બેંગલોરમાં રમાએલી રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાંની થોડી રમતો હવે મારી પાસે આવી છે. તેમાંથી આ વખતે આપણે ગુજરાતના સુરેશ દવેની એક રમત જોઈશું. ટુર્નામેન્ટના પૂર્વાર્ધમાં તેઓ ઘણી સરસ રમત રમ્યા હતા. તેમાં મ્હૈસુરના વજીદ સેટ અને કેરળના મલ્લી કેલ સામેની રમતો ૨૩ જ ચાલમાં પૂરી થતી હોઈ આક્રમક શતરંજના સારા નમૂના રૂપ છે. વજીદ સૈટ પણ યુવાન અને આક્રમક શૈલીવાળા ખેલાડી છે. તેમણે આક્રમણમાં ઉતાવળ કરી હતી તેનો દવેએ સુંદર લાભ લીધો હતો. મલ્લી કૈલ સામેની રમત મને વધુ પસંદ છે.

જે. મલ્લી કૈલ પાસે સફેદ અને સુરેશ દવે પાસે કાળા મ્હોરાં છે.

શરૂઆત: રૅાય લૉપેઝ-માર્શલ હુમલો.


1 P–K4, P–K4; 2 N–KB3, N–QB3; 3B–N5, P–QR3; 4B–R4, N–B3; 5O–O, P–QN4; 6B–N3, B–K2; 7R–K1, O–O; 8P–B3, P–Q4!?

આ માર્શલ હુમલાની લાક્ષણિક ચાલ છે. સૈદ્ધાંતિક મત આ ચાલની વિરુદ્ધમાં છે અને તે પત્ર દ્વારા રમાતી રમતોમાં પુરવાર થયું છે. પણ ટુર્નામેન્ટની સમયમર્યાદાવાળી રમતોમાં આક્રમક શૈલીવાળા ખેલાડીઓ હજી તે રમવાનું પસંદ કરે છે. થોડા સમયમાં સફેદ બચાવની સાચી ચાલ ન શોધી શકે તો રમત કાળાની તરફેણમાં જાય. આ આશાએ તે એક પ્યાદાનો ભોગ આપે છે.

9P×P, N×P; 10N×P, N×N; 11R×N, P–QB3; 12P–Q4, B–Q3; 13R–K1, Q–R5; 14P–N3, Q–R6; 15Q–Q3, B–N5.

અહીં સુધીની બધી ચાલ શતરંજની શરૂઆતની ચાલના સૌથી અધિકૃત અંગ્રેજી પુસ્તક M. C. O. પ્રમાણે રમાએલ છે અને સફેદની કોઈ ભૂલ નથી. 16Q–B1, Q–R4; 17P–QR4, QR–K1; 18P×P?, B–R6! જુઓ આકૃતિ.

સુરેશ દવે (ગુજરાત)



જે. મલ્લી કૈલ (કેરળ)

કાળાની B–R6ની ધમકી હતી જ, તેવામાં સફેદ વજીર તરફ હુમલો કરવાનો પ્રયત્ન કરે છે, પણ કાળાનો રાજા તરફનો હુમલો વધુ જોરદાર છે. કાળો ઊંટ વજીર ઉપર હુમલો કરે છે પણ તે ખસે તો કાળો 19..., R×Rch; 20Q–B1, R×Q mateથી તરત જ જીતે માટે હવે પછીની ચાલ ફરજિયાત છે.

19 R×R, R×R!

અહીં કાળો 19..., B×Q?; 20R×R ch, K×R; 21K×Bથી હાથી અને ઊંટના બદલામાં વજીર મેળવી શકત, પણ તેનો હુમલો નબળો પડી જાત. વળી તેણે શરૂઆતમાં એક પ્યાદાનો ભોગ આપ્યો છે એટલે બંને પક્ષે લગભગ સરખી પરિસ્થિતિ થઈ જાત.

20 B–Q1!

વજીરને ઊંટના હુમલામાંથી બચાવવા કોઈ ઉપાય નથી માટે સામા વજીર ઉપર હુમલો કર્યા વિના છૂટકો નથી. વજીર પહેલી પંક્તિ છોડે તો 20..., R–K8ch; 21Q–B1, R×Q mate અને જો 20..., Q–Q1 રમે તો 21Q×Q, B×Q, 22R–K8 mateથી સફેદ જીતે.

20..., Q–B4! 21B–B2.

હજી સફેદ વજીર પાસે બચવાની કોઈ ચાલ નથી. પણ હવે સફેદ એક ઊંટ ગુમાવે તેમ છે. દા. ત. 21..., Q×B; 22Q×B, Q×Bch. પણ કાળા પાસે તેના કરતાં વધુ જલદી જીતવાની રીત છે.

21..., Q×B; 22Q×B, R–K8ch; 23K–N2, Q–K5ch. હવે 24P–B3, Q–K7 mate થાય છે માટે.

24 Resings.

[શતરંજના કોયડા ઉકેલવાની હરીફાઈ ફરી શરૂ થશે તે વિષેની વિગતવાર સૂચના હવે પછી.]

ચંદ્રવદન મહેતાની અંતરગઠરી-૨૦ ···· ··········· નવતર નાટક

મ્યુઝિકલ અને સાથી-સંશોધન

એકલતા ટાળવાનો એક નવો નુસખો.......

હજી તો આપણે બ્રોડવે પરથી સરકયા જ નથી. નાટકોની વાતમાં ડૅમન રનિયનની મારફત બ્રોડવે અને ન્યૂ યૉર્કની ઓળખ કરાવી એમાં એક હેતુ હતો, અને તે એ કે બ્રોડવેનાં નાટકો એ અલાયદી ન્યાતનાં. અમેરિકન ખરાં અને અમેરિકન નહિ એ પ્રકારનાં. એથી આપણે ફેરફુદરડી ફરી બ્રોડવે ઉપર જ રહીએ છીએ. બ્રોડવે બહેકયું બીજી લડાઈ બાદ. પણ તે પહેલાં નેબરહૂડ પ્લેહાઉસના નટોએ ૧૯૨૦-'૩૦માં ઘણો મોટો વિક્રમ સર કરેલો. એન્સ્કીનું 'ડાઈબક' અને શૂદ્રકનું 'મૃચ્છકટિક' વારંવાર ભજવી લોકરુચિને ઘણી ઊંચી કક્ષાએ ઉદ્ધારેલી. એ જ પ્રમાણે વૉશિંગ્ટન સ્કવેર પ્લેઅર્સોએ પણ ટૉલરનાં, લોરકાનાં, ઓ'નીલનાં અને બીજાં ઓછાં પંકાએલાં પણ સારાં નાટકો રજૂ કરી ખ્યાતિ મેળવી હતી. ચેખાવ અને મેટર્લિંકની કૃતિઓ પણ ભજવેલી. લોકરુચિને કેળવવામાં ત્રીજું મંડળ તે 'થીએટર ગીલ્ડ' ચાપેકથી માંડી યુરોપના નામાંકિત લેખકોની કૃતિઓ એમણે ભજવી બતાવી હતી. ધીમે ધીમે પોલ રૉબસન જેવા નિગ્રો નટો પણ રંગભૂમિ ઉપર નાયકના પાઠ કરી સારી નામના મેળવી ગયા હતા.

થોડાં બીજાં નામો પણ જાણી લ્યો. વાંચવા ઇરાદો રાખતા હોય તેમને માટે ઍન્ડરસન અને બેહરમન. 'રેઈન ફ્રૉમ હેવન', અને 'વાઈન ઑવ ચોઈસ' એ એસ. એન. બેહરમનનાં જાણીતાં નાટકો—પ્રહસનો. અને એમાં ઠઠ્ઠા-ઠેકડીને નહિ સમજનારા ખુસારોંચ માનવ, જાનવરોની ઠીક ઠેકડી ઉડાવી છે. 'રીયુનિયન ઈન વિયેના'ના લેખક રોબર્ટ શેરવુડ ગંભીર નાટકોના લેખક છે. એક નાટકમાં નાયક પોતાનો આત્મા શોધવા નીકળે છે, તે આખરે કોઈ ગૅંગસ્ટર મળતાં એને વિનતિ કરે છે કે, 'ભાઇ, મારી છાતીમાં ગોળી માર!' 'ઇડિયટ્સ ડીલાઈટ'માં આવતા બીજા વિશ્વયુદ્ધના ભણકારા યુદ્ધ થયું તે પહેલાં એણે નાટકમાં સાચા પાડી બતાવ્યા છે. કિલીફૉર્ડ ઑડેટસ, એલિયા કાઝાન અને ઘણા પંકાએલા થોરટન વાઈલ્ડ બ્રોડવેના લેખકો નહિ. પણ પ્રશ્નોની છણાવટ સારી રીતે કરે. ૧૯૩૦ની આસપાસ બીજા વિશ્વયુદ્ધ પહેલાંના આ નાટકકારો. એમાં વિલિયન હેલમેનનાં બે નાટકોએ સારી ચકચાર પ્રગટાવેલી. એમાં આ બાઇનું 'ધ લીટલ ફોક્સીઝ' ૧૯૩૯માં પહેલાં ભજવાએલું, એ વાંચવા અને જોવા જેવું નાટક તો છે જ. અમેરિકન જીવનનો એક સારો દાખલો પણ એમાંથી મળી શકે એમ છે. એક છે બાઈ, બસ એનો એક જ ઉદ્દેશ કે કોઈ પણ રીતે ખૂબ પૈસાદાર થવું. ધણી પાસે પૈસો ખરો, પણ બધા જ ધણીઓ તિજોરીની ચાવી કે ચૅકબુક પોતાની ધર્મપત્નીઓને આપતા જાણ્યા નથી. ધણી માંદો પડયો, અને એને માટે અમુક દવાઓ જોઈએ, તે બાઈએ લાવવા જ ન દીધી. માળો કંજુસ મારો વર, લે લેતો જા. ચેકબુક આપી, ચાવી આપી, પણ ઊહું. એ તો બેઠી ખૂણે તાલ જોતી અને ધણી ગુજર્યો એટલે ખૂણો છોડી એનો કારભાર પોતાને હસ્તક લીધો. બને એટલો પૈસો એકઠો કરું, બધાંને બતાવી આપું કે હું પણ ધનવાન છું. એટલું જ નહિ, પણ 'જર ચાહે સો કર' પૈસા થકી ઘણું કરી બતલાવું, પણ મૂળ વાતમાં પૈસો એકઠો કરું. એને એકની એક દીકરી, તે માને ના પાડે, અટકાવે, અને એ સંઘર્ષમાં દીકરીએ માને ત્યજી, તો મા કહે એ પણ સહી, મારે તો જોઈએ છે પૈસો. પૈસો જ મારો પરમેશ્વર, પૈસો એ જ મારું સર્વસ્વ, પૈસો એ જ મારું સામ્રાજ્ય! એમાં જ એ રાચી. અલબત્ત, એને પૈસો મળતો ગયો તેમતેમ એની ભૂખ પણ વધતી ગઈ. એનો એક જ આદર્શ હતો, પૈસો. કોને ખબર, બાઇને એમાં સુખ મળ્યું પણ હોય; જો સુખ માણવાને અંતરાત્મા જેવું કશું રહ્યુ હોય તો!

પણ ન્યૂ યૉર્કમાં આજે, આ બંદા એની ધરતી ઉપર ઊતર્યાં ત્યારે જ્યારે બ્રોડવે ઉપર ફરકવાનું શરૂ કર્યું ત્યાં, નાટકની દુનિયામાં એક નવા નામનો બંધ, અસ્તિત્વ ધરાવતો સંભળાતો થઈ ગયો હતો, અને તે 'મ્યુઝિકલ'. એક મ્યુઝિકલ એટલે શું, એની વ્યાખ્યા, એમાં ભજવનારા, એની પાછળ ખર્ચ, અને એ જોવા જનારાઓની સંખ્યા, એટલે ટિકિટ-ખરીદીનો આંકડો એ બધાંનું ઝીણું પૃથક્કરણ જાણવા મળ્યું. નાટકો ઓછાં અને મ્યુઝિકલ વધારે. લોકોને ગમે પણ બહુ. એની પાછળ મહેનત પણ ઘણી. છતાં એની ચર્ચા કરનારાં ઓછાં અને માણનારા ઠેરઠેર, રોજ રોજ. કેટલાક આ પરિસ્થિતિને લઈ નાકનાં ટીચકાં ચઢાવનારાઓ પણ છે, કેટલાક આ થકી ગૌરવ લેનારાઓ પણ છે, અને કેટલાક એને ભારોભાર વખોડનારાઓ પણ છે. પણ આજે 'મ્યુઝિકલ'નો જમાનો છે—એનો યુગ છે. એ ફૅશનમાં છે, બ્રોડવેનો બહાર છે, એનું જીવતર છે. લાખો ડૉલરની ટિકિટો મહિનાઓ પહેલાં ઊપડી જાય છે. એકાદ બે વર્ષ સુધી આ મ્યુઝિકલ ચાલ્યા કરે છે. શૉ ચાલુ હોય ત્યારે, જરૂર પડે, તો દિવસના ભાગમાં અને પાછલી રાતના નાટકશાળાની બાંધણીમાં ફેરફાર કરવા ઘટે તો તે પણ થઇ જાય છે. એમ પણ કહેવામાં આવે છે કે આજનું અમેરિકન થીએટર એટલે 'મ્યુઝિકલ'. આસ્તાનીથી બેસો, સગવડ ભોગવો, થોડી ગલીપચી અનુભવો, જરા હસો, પગ કે હાથથી નાના પ્રમાણમાં તાલ પૂરો, યા ગળું સૂરીલું હોય તો ગીત કે સંઘગીતની સાથે ગણગણો. જી, જીવડો બહેલાવો. કાન સરવા કરવાના નહિ, મગજને કસરત આપવાની નહિ, આંખને રંગરોશનીની પાકી ઉજાણી. હે હો મ્યુઝિકલ! ઓહો મ્યુઝિકલ! એમાં મોટા ભાગનો જાતજાતનો સંભાર છે, ચવચવનો મુરબ્બો છે, ભારોભાર મનોરંજન છે. તાલતાજગી, છટપટાટ, નખરો, રીધમ, સંગીત, ધૂન, લય, હોહ્ના, હસવા-ખસવા, વાક્ચાતુરી ટાળટપ્પો, ટાણાટુચકો, સંઘનાચ બધાંનો જમેલો ફેરફુદરડીનો અનોખો મેળો છે. દેખાવડી નટીઓ, આકર્ષક પોશાક-લેબાસ, અવનવી રીતે ફણગાએલી ફૅશનનું ઝાકમઝોળ પ્રદર્શન, શરીરસૌષ્ઠવ, અંગમરોડ, કંઠમાધુર્ય, વિવિધ વાજિંત્રોની ઓરકેસ્ટ્રા અને મોઢે ચઢી જાય એવી લીટીઓવાળાં ગીતોની પરંપરા, પરદો ખૂલ્યો કે આપ આ ધરતી ઉપર છો એ ભૂલી જ જાઓ, પછી તમને બીજું શું જોઈએ?

ત્યારે નાટકશાળા એટલે આ જ, આવો સંભાર જમેલો? બર્નાડ શોને હજી માંડમાંડ મૂછનો દોરો અને દાઢીના વાળ ઊગવા માંડયા હશે, ત્યારે એણે કહેલું તે યાદ કરો. બે બાબત, એક નાચવાના અભરખા અને બીજી વાત સાંભળવાની જિજ્ઞાસા—(આ અભરખાજી વર અને જિજ્ઞાસા વહુ, આ મારો ઉમેરો છે) બેના સંયોગમાંથી નાટક-

શાળાનો જન્મ! જતેકાળે નૃત્યમાં વધારે ભળ્યા અને વાર્તામાં સંજોગ અવસ્થા વધ્યાં અને નાટક પાંગર્યું. એમાં વાક્છટા આવી, ગીત મ્હોર્યું, વાદ્યો રણક્યાં, અને ભૂતકથા, ડાકણ ચિચિયારીથી તે આકાશકુસુમની વાતો સુધીના પટ-વિસ્તારમાંથી પ્રસંગોને પકડી ગૂંથી ગૂંથી તાદશ બતાવવામાં આવ્યા. એ જ તો વળી નાટકનો મારો. હા, મ્યુઝિકલે પણ નવા નવા અવતાર તો ધર્યા જ છે. ઝીગફિલ્ડ ફોલીઝ યાદ છે? આ મિ. ઝીગફિલ્ડનો એક જ અભરખો, દુનિયામાંથી હાથ લાગે અને કબૂલ થાય એટલી સુંદર કિશોરીઓને એકઠી કરી તખ્તા ઉપર ધરી દેવી! ઝગારા મારતો પોશાક પહેરાવવો યા ન પણ પહેરાવવો. પણ એ જમાનો ગયો. પછી મ્યુઝિકલમાં ક્યાંક કિસ્સાઓ ભળ્યા, કંઈક ચાલુ જમાનાની વાત ઉમેરાઈ, એમાં પ્રેમની ઝલક પાથરવામાં આવી, અને મ્યુઝિકલ ખીલ્યું.

અહા, દાખલો માગો છો? આપું. સુંદર દાખલો આપું. 'વેસ્ટ-સાઈડ સ્ટોરી' એમાં શું છે? આખરે તો અમેરિકાની બાજુમાંના એક ટાપુ પ્યુર્ટોરિકોમાંની એક છોકરી, અને અમેરિકાનો એક કિશોર. હવે એ નામોને બદલી શેક્સપિયરનાં રોમિયો જુલિયેટ મૂકી દો. ત્યાં કુળ-ગૌરવનો ઝગડો અહીં રંગભેદનો, જાતભાતનો ઝગડો-મૂળ વાત એની એ, પડી પ્રીતની ગાંઠ, ન તૂટે, ન છૂટે. રોમાન્સ ખરી, રોમાંચક કથા–પછી તે 'જેન્ટલમૅન ફ્રોમ માન્શા'માં, નાખો કે શૉના 'પિગમેલિયન'માંની ઉપાડી ને નવા બીબામાં નાખો. કિશોર અને કિશોરી, બે વચ્ચે પ્રેમનો તાંતણે વણાવો જોઈએ, ઘટ્ટ થઈને તણાવો જોઈએ, ઓ તૂટ્યો રે તૂટ્યો એવું થવું જોઈએ, પણ તૂટવો ન જોઈએ. વચ્ચે ગમે તેવા વળાંક લે, વળ ચઢે, પણ તાંતણાનો છેડો મોટે ભાગે 'ખાધું પીધું અને લ્હેર કરી'માં આવવો જોઈએ.

આ બ્રોડવેનો અલાયદો પ્રેક્ષકવર્ગ છે. એ ન્યાત જુદી નથી, પણ ન્યૂ યૉર્કમાં પગ મૂકતાં અનોખી થઈ જાય છે. માનો કે હું મોટી ઑફિસ કે ધંધાનો માલિક છું. મારો મિત્ર યા આડતિયો બસો માઇલ આઘેથી કામકાજ કરવા ન્યૂ યૉર્ક પધાર્યો છે, પાંચ છ કલાક માથાકૂટ કરી, ધંધા વિષે વાતોચીતો કરી, હવે સાંજે મારે એને એન્ટરટેઈન કરવો રહ્યો. ઘર હોય તો, વહુ હોય. તો એને ઘેર ડ્રિન્ક્સ પીવા લઈ જાઉં, યા અમે ત્રણે બહાર બારમાં જઈ નારંગીનો રસ ભૂંગળામાંથી મોંમાં સેરવીએ. પછી શું? થીએટર. થીએટર એ એક સભ્યો નોંધણી વિનાની ખુલ્લી ક્લબ છે. અને થાકયાપાક્યા કોઈ મસ્તક ફેરવે એવા ઈબ્સનના, નાટકમાં લઇ જાઉં એના કરતાં 'મ્યુઝિકલ'માં લઈ જાઉં તો એનું મનોરંજન થાય, કંઈકનું કંઈક તો એને ગમતું જોવા-સાંભળવાનું મળે જ, આપણે આગળ કહ્યું તેમ આ દુનિયાની જંજાળમાંથી બે કલાક જીવડો બનાવટી પણ નવી સૃષ્ટિમાં જઈ મ્હાલે. અને બનાવટી તો અહીં બેઠા કહીએ છીએ; નાટકશાળાની ખૂબી જ એ છે કે ત્યાં પરદો ખૂલતાં એ બનાવટી નથી લાગતી, એમાં તરબોળ થઈ જતાં એ સાચી લાગવા માંડે છે, એના ભાવપ્રવાહમાં તણાવા માંડીએ છીએ; ભરત તો એને બ્રહ્માનંદ સહોદર આનંદ માણવા સુધી સરખાવે છે.

મ્યુઝિકલ એ બ્રોડવેનો જ ખેલ છે, પ્રાણ રૂપ છે. પણ એનો અર્થ એવો નહિ કે બીજા પ્રકારનાં નાટકો ત્યાં નથી થતાં. જાદુના ખેલો, કેવળ નાગી ફિલ્મો, નહિ જેવાં કપડાંમાં નૃત્યો, કિસ્સા ટુચકાઓ ગીતોનો શંભુમેળો, એકાકી વ્યક્તિનો ખેલ એવું એવું તો ઘણું છે, પણ 'મ્યુઝિકલ' એ સોસાએટી શો. દશદશ લાખ ડૉલરને ખરચે તૈયાર થનારા આ શો માટે લખાણ લઈને ગમે તે બારણે ગમે તે લેખક દાખલ નથી થઈ શકતો. એના દલાલો છે. લેખકનું લખાણ એ જાણે છે, કંઈક ફેરવે પણ છે, યા થોડો ઘણો સંજજન હોય તો એમાં ફેરફાર કરવા સૂચવે પણ છે. પછી રજૂઆત કરનારાઓની પાસે લઈ જાય. તે મઠારે. પણ મૂળ દલાલ એવા જે દસબાર ખૂંટો ઘાલીને બેઠા છે, તે જ બ્રોડવેના પ્રેક્ષકની નાડના જાણકાર. બહુ સમરથ એ વ્યક્તિઓ, એને વાંકું પડયું તો વનિતાને મનાવાય, પણ આ ગટોરગચ્છાની નાડ કદી નહિ પકડાય. ડેમન રનિયનના ગઠિયાઓ આ મગરમચ્છોથી જરા પણ જુદા નહિ, એમણે આ ક્ષેત્ર હાથ કરેલું, એમાં જ એ ઇડા પીંગળા ને બાજુએ રાની સુષમ્ણા નાડી થકી શ્વાસ બ્રહ્માંડે પહોંચાડે એવા. જો જામી પડયા, લખાણ મઠારાઈ કપાઈ વધેરાઈ સ્વીકારાયું, અને વીસ-ત્રીસ લાખ ડૉલર રોકાયા, અને મ્યુઝિકલ ઉપડયું, તો પછી દલાલોના ભાગલાગ વહેંચતાં પણ લેખકે પહેલી તકે કેડીલેક મોટરગાડી, હોટેલમાં ત્રણ ચાર રૂમનો સ્યુઈટ, અને સાંજના બાર રેસ્ટોરાંમાં મંડળી સાથે જમવાનો ખર્ચ છૂટવો શરૂ થઈ ગયો સમજવો. અને એમ કરતાં જે રોમાન્સ તમે લખી છે, લોકો જુએ છે, એવી જ પણ બીજા ઘાટનાં બીબાંઓમાં, નવા પ્રકારના સંજોગોમાં તમે પણ એક બે રોમાન્સના ભોક્તા બની બેસો તો નવાઈ નહિ. આવું છે બ્રોડવે. ચાલો અને એની પગથાર પર જરા લટાર મારીએ.

ન્યૂ યૉર્કમાં કિસમકિસમની વસ્તી અને અણકલ્પ્યા સેવાભાવી જીવડા વસે છે. ડાઉન-ટાઉનમાં હમણાં આપણે નથી જતાં, હરિઓમનો મંત્ર ઉચ્ચારવાને હજી વાર છે. હિપ્પી સૃષ્ટિના વેદવ્યાસ કવિ એલન ગીન્સબર્ગ આપણને કૅનેડામાં મળશે, ત્યાર બાદ આપણે ફરી ન્યૂ યૉર્ક આવી, હરેકૃષ્ણનો જાપ જપી પ્રસાદ ખાઈશું. હજી આપણે એવાં પાપ કર્યા નથી કે કૃષ્ણધૂનમાં મચ્યા રહેવું પડે. એ વાત પછી. પરંતુ બ્રોડવે ઉપર જ લટાર મારતાં એક બહેને એક ફરફરિયું મારા હાથમાં સેરવ્યું. હવે કેટલાક શબ્દોના અર્થ સમજો કે ન સમજો, અંગ્રેજી ભાષાને હિન્દમાંથી જડમૂળથી કાઢો કે ન કાઢો, તો પણ કેટલાક અસ્પર્શ્ય શબ્દોને આપણે આપણી ભાષામાં અપનાવવા જ પડશે. ટીન-એઈજર્સ. જો એ શબ્દ ન ખપતો હોય, યા ન શીખવો-જાણવો હોય તો રજનીકાન્ત દેસાઇને-'યુનો'ની ઑફિસ, યુનાઈટેડ નેશન્સ, ન્યૂ યૉર્ક સરનામું બસ છે, બચુભાઈ રાવત પણ એને ત્યાં તાજેતરમાં રહી આવ્યા છે એને લખો કે 'યુનો'માં કોઇને કહીને ભારત તરફથી એવો ઠરાવ લાવવામાં આવે કે ભારત બહાર સંસ્કૃત કે ભારતની કોઈ પણ ભાષામાંના શબ્દો કોઈ પણ પરદેશી રાજ્યે પોતાની ભાષામાં ન વાપરવા. માયા, આત્મા, બ્રહ્મ, સમભાવ, સત્યાગ્રહ વગેરે. અને અમે ભારતના પ્રજાજનને આજ્ઞા કરીએ છીએ કે કોઈએ પરદેશી ભાષાનો એક પણ શબ્દ ભારતમાં ન વાપરવો. મેં ભૂલ કરી, 'વગેરે' શબ્દ જ પરભાષાનો છે. અને સંસ્કૃત પણ પરદેશી ભાષા, આર્યો અહીં લાવેલા. અરે બ્રહ્મ! હરે કૃષ્ણ!

ટીણકી ટીન-એઈજર, ચપોચપ ફરફરિયાં વહેંચતી ફરે, હું બ્રોડવે ઉપર બીજો આંટો મારું છું ત્યાં ફરી એ જ ફરફરિયું હાથમાં; કદાચ એ જ પોટ્ટી હશે એમ સમજી મેં એને થૅંક્સ કહ્યું, એટલે એ હસી, વાત કરવા ઊભી. મારે ચા પીવી, એટલે મેં ચાલવા માંડયું તો કહે 'લેટ અસ હેવ ડ્રિંક્સ'. એક ચા અને એક કોકાકોલામાં આ વળગણ પત્યું, પણ છોકરી બીજી નીકળી. પહેરવેશ એટલે કે ગણવેશ એમનો એક પ્રકારનો અને બાબરીનો રંગ ભૂખરો, આથી ભલભલા ભૂલ કરે. પણ એની સાથે ઊભાઊભા ચા પીતાં થોડી વાતો કરવાનો લાભ મળ્યો. એમની જમાત અને પેલા ફરફરિયા વિષે ઠીક જાણવા મળ્યું 'મીટ એ મેઈટ' પેલા ફરફરિયાનો વિષય–સાથીને મળો અથવા મિત્રને મળો.

ટૂંકમાં આ સેવાભાવી પરગજુ ઉપકાર કરનારી જમાત તમારે માટે સાથીદાર શોધી આપે. દક્ષિણ ભારતનાં અને મહારાષ્ટ્રનાં કેટલાંક છાપાંઓમાં 'વર પાહીજે' યા 'વધૂ પાહીજે' એ પ્રકારની જાહેરાત આવે છે–તેમ, પણ આ તબક્કે લગ્નનો ખયાલ કોઇ કરતું નથી. સાથીદાર–મેઈટ એટલે કે કમ્પેનિયન, એટલે કે તમે એકલા છો, તમને એકલવાયું લાગે છે, ગમતું નથી. કોઈની સાથે ફરવા જવું છે, સિનેમા નાટકમાં જવું છે, તો તે પ્રમાણે તમને સાથીદાર મળે. મુંબાઇમાં અમદાવાદમાં ઘણાં મિત્રોને અને એમની વહુઓને પોતાની મંડળીમાં યા ટેલિફોન ઉપર વાતચીત કરતાં—'હવે થોડો વખત અમને તો તમે કંપની આપો. એમ શું કરો છો? બહુ મોટા માણસ થઈ ગયા છો તે જાણીએ છીએ.' આમ કંપની આપો એ શબ્દ આપણે ત્યાં જરા વધારે કમાનાર વર્ગમાં પ્રચલિત છે. પણ મેઈટના ઘણા અર્થ થાય છે. શબ્દકોશમાં વર કે વહુ પણ છે, વહાણનો માલમ પણ છે, પક્ષીશાસ્ત્રના જાણકાર મેઇટ કે મેઇટિંગનો વળી પોતાનો અર્થ કહેશે. આ ફરફરિયામાંના સવાલોના જવાબ લખવાના, ખાલી કોઠા 'હા' કે 'ના'માં ભરવાના અને એ એમના દફતરમાં ફક્ત પાંચ ડૉલરની રકમ સાથે લખી મોકલવાના, એમાં તમારી ઉમર, ઊંચાઈ, તમે જાડા પાતળા સુકલકડી કે ઢીમચા જેવા છો તે, ભણતર ભગાના ભાઇ જેટલું ભણ્યા હો તો તે પણ, રંગ એટલે કે વર્ણ—જી આ સંસ્થા વર્ણાશ્રમ ધર્મમાં માનતી લાગે છે, વાળનો રંગ, કઈકઈ ભાષા બોલી અને લખી શકો છો, જાત-એટલે કે કૉકેશિયન નિગ્રો કે ઓરીએન્ટલ, આપણે ઓરીએન્ટલમાં આવીએ–ઉત્તર કે દક્ષિણ ધ્રુવવાળા ધ્રુવકુટુંબનાને સ્થાન નહિ! ધર્મ: ક્રિયો, માનો છો; બેપરવાહ, કે નાસ્તિક જ; રાજકારણ વિષે વિચારો: રસ્તાની વચ્ચે, કે ડાબડિયા કે જમણી પડખે ચાલનારા કે રાજકારણમાં કંઈ પડી જ નથી એવા; અને હવે આપની શી માગણી યા જરૂરિયાત છે તે, એટલે કે સાથીદારની ઉમર ૧૭ થી ૪૦માં કેટલી, એની ઊંચાઈ ધર્મ માન્યતા વગેરે વગેરે, એનું કદ સ્થૂલ યા પાતળું, એનું ભણતર, એના રાજકારણના વિચારો એના બાલનો રંગ એ બધું. પછી જરા અગત્યની વાત–પરણેલા છો, છંડાયલા મંડાયલા છંડાયલા છો, વિધૂર છો, બચ્ચાંકચ્ચાં છે, અને એમાં આડફાંટ–છંડાયલા છો અને બચ્ચાં છે કે નથી એવા વિવિધ કોઠા; કદી પરણ્યા જ નથી, વિચાર પણ નથી, કે દહીંદૂધમાં છો? ભડભડિયા છો યા મીંઢા છો, બોલકણા વાતોડિયા કે ગંભીર છો? ભાઈ-બહેનો કેટલાં? નથી, છે, યા હવે સંભવ પણ નથી; પરણ્યા હો તો બચ્ચાં છે કે નથી? અને હવે પરણો તો બાળક ગમે કે ન ગમે? પીણામાં શું ગમે? ખાસ વ્હિસ્કી બીઅર કે વાઈન? પીધાં છે, કે નહિ, કે પીવાના જ નથી. ફૂંકણાં ફૂંકો છો; કેવાં, રોજનાં કેટલાં? કઈ જાતનાં? સામાજિક સ્થાન, દોલત કેટલી, કમાણી અને એ સાથે અંતરમાં શાંતિ કેટલી? છે કે જોઈએ છે? મહિને નિયમિત કમાણી તમારી અને સાથીદારની કેટલી વાંછો છો? કોઈ કોઈ વાર એકલા પડતાં તમે ધૂનમાં યા વિચારમાં, યા ગમગીનીમાં યા નિરાશામાં સરકી જાઓ છો? સામાન્ય રીતે કેટલી વાર? પછીના સવાલોમાં માનસશાસ્ત્રના યા સ્વભાવ ઘડતરના–તે આવા: રેસ્ટોરાંમાં ઑમલેટ કે એવું તમે મગાવ્યું હોય અને તે તમારા બરનું, તમારા કહ્યા પ્રમાણેનું ન હોય તો તે તમે પાછું કાઢો? યા મંડળી ગઈ હોય એમાં તમે સંચાલનનો દોર તરત નેતા બની ઝડપી લ્યો? પૈસા કમાવાની વાતમાં વધારેમાં વધારે કેટલા ડૉલર કમાવાનો તમારો ઇરાદો યા તમારું લક્ષ્ય છે? મિત્રોના માનસિક યા કૌટુંબિક કોયડાઓમાં તમે પણ ત્રાટકી પડો છો, ગુંચવાઈ પડો છો કે અળગા રહેવું પસંદ કરો છો? ડાન્સિંગ હૉલમાં તમને કોઈ પહેલાં સાથીદાર તરીકે પસંદ કરે અને ફ્લોર ઉપર ફરવું પડે તો તમે ક્ષોભ અનુભવો છો? કોઈ દિવસ કશું જ કરવાનું ન હોય તો કશું જ ન કરવામાં તમે માનો છો, એમાં આનંદ આવે છે કે કંટાળો આવે છે? રજા લેવાના હો કે રજા-આરામ ભોગવવા જવાના હો તો આગળથી એ માટે કંઈ પ્લાન યોજના કરો છો? કરવા ગમે ખરા? કંઈ નવું શોધાયું હોય તો તે તરત વાપરવા મન થાય ખરું? ઉજાણી જમાવવી હોય તો એમાં સંખ્યા કેટલી ગમે? બહુ સાધારણ કે ઘણી ઓછી, અને એમાં શાંત વાતાવરણ ગમે કે હોહો, ઘાંટાઘાટ, તોફાન મસ્તી? આસપાસ ગ્રામોફોન રેડિયો કે ગીત સંઘગીત ગમે? સાહસ કરવાનો સમય આવે તો સાહસમાં ઝંપલાવો ખરા? કશું પણ કામ કરવાનું હોય તો એકલા કરવું ગમે કે ભેગા મળીને? હવે આટલા સવાલ પૂરા ન હોય એમ, એક ખાતામાં રમતગમતો ક્રિકેટ બેઝ બૉલથી માંડી ગૉલ્ફ સ્કેટિંગ એવી ચાળીશ સ્પોર્ટ્સ છે. આપણે ત્યાં અંગ્રેજોના સમયની ક્રિકેટ જેવી રમતને રગદોળી નાબૂદ કરવાની અણી સુધી પહોંચાડી ગિલ્લીદંડા આટાપાટા જેવી ચાળીશ નીકળશે ખરી? પણ આપણે કાવાદાવાની ખટપટ સ્પૉર્ટમાં હોશિયાર, બીજી સ્પૉર્ટની જરૂર પણ શી છે? અચ્છા, તો કઈ રમતો રમવી ગમે, જોવી ગમે, કે રમત નામે ન ગમે? પછી વાચન, એના ૮૨ થી ૯૮ એટલે કે સોળ પ્રકારનાં ખાનાં છે; ચાલુ, ઐતિહાસિક વાર્તા, ભૂતપ્રેતને લગતું, કાવ્ય, નવલકથા એવા સોળ વિષયોમાંથી શું ગમે? વળી, શું સાંભળવું ગમે? પક્કાગાના, સુગમ, હળવું, જાઝ, રૉક ઍન્ડ-રોલ એટલે કે અમળવમળિયું, સંગીત ઓપેરેટિક, લોક, પચ્છમી એવાં તેર પ્રકારનાં ખાનાં; પછી ચિત્રકળા તે નવજાતની ઍબસ્ટ્રેક્ટથી માંડી વાસ્તવકલા સુધીની; નૃત્ય, તેમાં બૉલરૂમ, લાટિન, ફૉક, બાલે? એમાં પણ પ્રકારો–શું ગમે? અને છેવટે નાના પ્રકારની રમતો અને હૉબીઓમાં–ચેસ, બ્રિજ શું રમવી ગમે? સિક્કા સંઘરવા ગમે? ઉપરાંત મુસાફરી, એના પ્રકાર, સ્વદેશમાં પરદેશમાં વગેરે. ફિલ્મો જોવાના પ્રકાર–તે રંગીન હળવી કે ગંભીર? એમ જાતજાતની આ યાદી વાંચીને એમાં 'હા' કે 'ના'ની ટાંપ ભરી ફરફરિયું મોકલી આપવાનું કે વળતી ટપાલે તમને એવાં જ ફરફરિયાં ભરનારાંઓમાંથી તારવેલાં તમારા લાયકના બેપાંચ સાથીદારોનાં શિરનામાં મળે. એમને તમારે બારોબાર લખવાનું, ગામમાં હો કે આસપાસ હો તો મળવાની જગ્યા નક્કી કરવાની, રેસ્ટોરાંમાં કે રસ્તા ઉપર યા રેલવેના સ્ટેશન ઉપર. ફોન નંબર આપે તો ફોન કરી નક્કી કરો, મળો, સાથે બેસી ચાનાસ્તો કરો, જરા વાતચીત કરી હરોફરો. જામ્યા તો ઠીક, નહિ તો બીજું શિરનામું અજમાવવાનું અને એમ મણકામાળા ફેરવ્યા કરવાની. બન જાય, ન પણ બને. અખતરો છે.

આપણે ત્યાં યે શું છે? આપણા વિષ્ણુશંકર કે લક્ષ્મીશંકર, કૃષ્ણશંકર કે શિવશંકર જોષી મહારાજો પાધડીએ મંગળ કે ઘાટડીએ મંગળને બાજુએ કાઢી ફક્ત સાતમું કન્યા કે વર માટેનું, ને સાથે નવમું ભાગ્યનું ઘર જોઈ ગ્રહોના ભ્રમણ ગણી તરત સીધાં લગ્નો જ કાઢી આપે છે. ષડાષ્ટકની એટલે કે ખડાખાસ્તાની પ્રીત ખોટી, બાકી બાર ચોકઠાનો કોઠો, જન્માક્ષરને બદલે આવા સવાસો સવાલમાં ભલભલા દાગીનાનું માનસ, અંતર, અંગ, ગુણ સદ્‌ગુણ બધું તારવી શકાય, અલબત્ત, ખરું લખો તો; અને પછી તો નીવડે વખાણ. પણ આ પ્રથામાંથી એમાંના ઘણા સવાલો દરેક જણે પોતાને માટે જાતને પૂછવા તો સારા, પોતાનું પૃથક્કરણ કરવા માટે આવાં કોષ્ટકો ખોટાં તો નહિ જ.

ટૂંકમાં, ટીન-એઈજરને આજે એકલા રહેવું ગમતું નથી. ન્યૂ યૉર્કનો આ ચાળો વધારે બહોળા પ્રમાણમાં સાનફ્રાનસિસ્કોમાં (અનુ. ૩૦૯)

ત્રણ કલાકારોને રાજ્યપુરસ્કાર



શ્રીમતી મૃણાલિની

ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમીએ આ વર્ષે સંગીતના ક્ષેત્રમાં શ્રી કંચનલાલ મામાવાળાને, નૃત્યના ક્ષેત્રમાં શ્રીમતી મૃણાલિની સારાભાઈને અને નાટ્યક્ષેત્રમાં શ્રી જયશંકર ભોજક (સુંદરી)ને, એમણે તે તે ક્ષેત્રમાં આપેલી અનન્ય સેવા તથા તેના વિકાસમાં આપેલા નોંધપાત્ર ફાળા માટે 'ઍવૉર્ડ' આપવાનું જાહેર કર્યું છે. શ્રીમતી મૃણાલિની (ચરિત્ર 'કુમાર' અંક ૪૩૭)ની નૃત્ય-કારકિર્દી તો આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવે છે અને ઈ. ૧૯૬૫માં ભારત સરકારે પણ એમને 'પદ્મશ્રી'ના બહુમાનથી નવાજ્યાં છે. શ્રી જયશંકર ભોજક (ચરિત્ર અંક ૩૬૪) જૂની રંગભૂમિ પરની ૪૨ વર્ષની પોતાની કામગીરી દરમિયાન ભજવેલા સ્ત્રીપાત્રથી 'સુંદરી'ના અભિધાનથી અત્યંત લોકચાહના પામ્યા હતા. એ પછી યે નવી રંગભૂમિ પર પણ એમણે સક્રિય રસ દાખવ્યા કર્યો છે. એમની આ સેવાઓને ભારતની રાષ્ટ્રીય સંગીત-નાટ્ય અકાદમીએ 'રાષ્ટ્રપતિ ચંદ્રક' આપીને એમનું બહુમાન કરેલું છે. શ્રી કંચનલાલ મામાવાળાને આ રાજ્યપુરસ્કાર સંગીતક્ષેત્રની એમની સેવાઓની કદર રૂપે મળ્યો છે, પરંતુ સંગીત ઉપરાંત તેઓ કલાની અન્ય શાખાઓમાં પણ એવો જ ઊંડો રસ અને દૃષ્ટિ ધરાવે છે, જેનો ખયાલ આ સાથે આપેલા એમના વિસ્તૃત પરિચય ઉપરથી મળી શકશે.



શ્રી જયશંકર 'સુંદરી'

રસબ્રહ્મના ઉપાસક કંચનલાલ મામાવાળા

[પરિચય: પ્રીતમલાલ મજમુંદાર]

ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી તરફથી સંગીત માટેનો ગૌરવપુરસ્કાર જેમને આપવાનું ઠર્યું છે તે શ્રી કંચનલાલ મામાવાળાનું નામ સૂરત બહાર તો છેલ્લા દાયકામાં જ જાણીતું થવા લાગ્યું. પણ સૂરતના રસલોકમાં અનેકાનેકને એઓ આત્મીય જેટલા પરિચિત છે. છેક નાનપણથી એમનો રસિક આત્મા લલિત કલાના અલૌકિક આનંદનો ભોક્તા અને ભર્તા રહેતો આવ્યો છે. નાનપણમાં એમની નૈસર્ગિક પ્રતિભાનો પરિચય એમના સ્વજનોને એમણે આપ્યો ત્યારથી આજ લગી એમની કલાસાધનાની તપસ્યા એકસરખી ચાલી આવી છે. સંગીતકલાને ક્ષેત્રે એમણે સવિશેષ ઊંડાણ સાધ્યાં છે પણ અન્ય લલિત કલાઓમાં ય એમની દૃષ્ટિ અને ઉપાસના એક સાચા સૌંદર્યમરમીની રહી છે.

કંચનભાઈને એમની કલાસૂઝ પુષ્ટિ સંપ્રદાયના સંસ્કારોમાંથી પ્રાપ્ત થઈ. સંપ્રદાયની રાજસેવાવાળા કુટુંબમાં એમનો જન્મ ઈ. ૧૯૦૨માં થયો હતો. સંગીતની એમની પ્રાથમિક ભૂમિકા હવેલી સંગીતથી જ રચાઈ હતી. ઠાકોરસેવા અંગેનાં કીર્તનથી એમને નાની વયમાં જ સ્વર અને લયની ભૂરકી લાગેલી. એમના પિતા શ્રી હીરાલાલને પણ સંગીતનો



સારો શૉખ હતો એટલે એમને જોઈએ તેવું ઉત્તેજન મળી રહ્યું. મહોલ્લામાં જ તે કાળના પ્રસિદ્ધ ઉસ્તાદ ઠાકોરદાસ રામજીવાળા રહેતા. એ ઉસ્તાદ તાનરસખાં ઘરાણાની તાલીમ પામેલ રામકીસન મહારાજના શાગિર્દ. એમના હાથ નીચે કંચનભાઈએ દશ વર્ષની ઉંમરે પદ્ધતિસરની તાલીમ લેવાનું શરૂ કર્યું.

ત્રણ ચાર વર્ષમાં તો એઓ સારા સારા ગવૈયાઓને હારમોનિયમ પર સાથ આપતા થઈ ગયા. વખત જતાં એ વાદ્ય પર એમણે ખૂબ સારું પ્રભુત્વ મેળવ્યું અને ૧૯૨૮-૩૦માં ભરૂચમાં જાહેર જલસાઓમાં એમણે પંડિત વિષ્ણુ દિગંબરજી અને ઓમકારનાથજી જેવા સંગીતમાર્તંડોની હારમોનિયમ પર સંગત કરી. દરમ્યાનમાં એઓ વાયલિન, દિલરુબા, સિતાર, બંસી, જળતરંગ અને તબલાંતરંગ વગેરે વાદ્યોનાં હુન્નર પ્રગટાવતા થયા હતા. પાછળથી ૧૯૨૮ના અરસામાં વિચિત્રવીણા (બટ્ટાબિન) પર હાથ અજમાવ્યો ને એના પર પણ પ્રભુત્વ સંપાદન કર્યું. એ વાદ્ય એમનું ખાસ માનીતું થઈ પડેલું.

આમ વાદ્યોની સંગતમાં જીવન વહેતું હતું ત્યાં એમના અંગત જીવનમાં ઝંઝાવાત શરૂ થયા. સંપત્તિ અને સંતતિના વિયોગની એક પછી એક એવી ઝડી ૧૯૪૧થી એમને ઝીલવાની આવી કે એમને પોતાની સાધના છોડવી પડી અને સર્જક વાદક તરીકે પછી વધુ પ્રગતિ થઈ ન શકી. એમનો રિયાઝ કાયમનો બંધ પડ્યો, તો ય આજે પ્રસંગ આવે તો રિયાઝ આદરીને પોતાની સર્જક કલાનું દર્શન કરાવવા જેટલું જોમ એઓ ધરાવે છે.

વાણી સંગીતનો પ્રચાર કરવાની દૃષ્ટિથી એમણે પોતાને આંગણે સંગીતકારોનું મનભર આતિથ્ય કર્યું છે. કેટલાક સંગીત કલાધરો તો સામે આવીને એમને પોતાની કલાનો આસ્વાદ કરાવી જવામાં ગૌરવ માનતા. ૧૯૨૬થી '૩૬ દરમિયાન એમનું ઘર જ પંડિત ઓમકારનાથજીનું મોટાભાગનું રહેઠાણ બનેલું. એમને લોકાદર અપાવવામાં કંચનભાઈનો ફાળો સુવિદિત છે. એ ઉપરાંત ભારતનાં ખ્યાતનામ સંગીતકારોને પોતાને આંગણે નિમંત્રીને તેમના કાર્યક્રમો એઓ યોજતા અને તેનો લાભ લેવા કશા યે ભેદભાવ વગર સૌને માટે પોતાનાં દ્વાર ખુલ્લાં રાખતા, અભિજાત સંગીત પ્રત્યે એમ સામાન્ય જનતાને અભિમુખ કરવાની એમની ઊલટથી એઓ પૈસે ટકે પણ ઘસાયા છે.

કંચનભાઈની સંગીતની લગની માત્ર સર્જન કે પ્રચાર પૂરતી મર્યાદિત નથી. પોતે ચિંતનશીલ પ્રકૃતિના હોઈ નાનપણથી એમણે સંગીતના ગ્રંથો ઉથલાવ્યા છે. એમનો અભ્યાસ

(અનુસંધાન પૃષ્ઠ ૩૧૩)

દેવભાષા સંસ્કૃત

પ્રા. મધુકર રાંદેરિયા

કવિકુલગુરુ કાલિદાસે ગિરિગુરુ હિમાચલને દેવાત્મા કહીને બિરદાવ્યો છે. ત્યાં ધનપતિ કુબેરનો વાસ છે, તપસ્યામૂર્તિ શિવનો વાસ છે અને વિહારમૂર્તિ કામદેવ પણ ત્યાં જ વસે છે. ધન, તપસ્યા ને વિહારની ત્રિવિધ માનવભાવનાએ જીવનમાં કવિતા ઉતારી છે.

આર્યોની એ કવિતાને દેવભાષા સંસ્કૃતમાં શબ્દદેહ મળ્યો છે. આ દેવભાષા એટલી સમૃદ્ધ છે કે સર વિલિયમ જોન્સ જેવા વિદ્વાન ભાષાપ્રેમી બ્રિટિશજન કહે છે કે 'સંસ્કૃત ભાષા ગ્રીક કરતાં વધુ સંપૂર્ણ સ્વરૂપની છે, લૅટિન કરતાં વધુ વ્યાપક છે, અને એ બેઉ કરતાં વિશેષ સુંદર રીતે સંસ્કાર પામેલી છે.'

સંસ્કૃત વાક્

સસ્કૃતનું પ્રાચીનતમ સાહિત્ય તે આપણા સમર્થ ઋષિવરોએ ગાએલાં વૈદિક સૂત્રો. એ વૈદિક સાહિત્યમાં એક આશાવાદી જીવનદૃષ્ટિ છે ને જીવનનો રસાસ્વાદ માણવાની રંગદર્શી ઇચ્છા છે. કાળ વીત્યે એ વૈદિક સાહિત્યના વાસ્તવવાદને સ્થાને એક નૂતન આદર્શવાદની સવારી આવે છે. ભગવાન પાણિનિ, મહર્ષિ વાલ્મીકિ, વેદવ્યાસ અને ભગવાન કૌટિલ્ય–આ ચાર નામો સૌષ્ઠવપ્રિય સંસ્કૃત ભાષાનાં પરોઢ અને ઉદયની મંગલા આરતી વગાડે છે. ભગવાન પાણિનિએ જગતની મધુવાહિની સંસ્કૃત ભાષાને વ્યાકરણ વડે સંપૂર્ણતાનો ઘાટ આપ્યો. વ્યાસ અને વાલ્મીકિ તો વિશ્વપ્રેરણાનાં ઉદ્‌ગમસ્થાનો છે. જગતનાં પ્રથમ વીરકાવ્યોના એ જનકો છે: 'મહાભારત' અને 'રામાયણ' એટલે વેદના-સભર વિચારોનું મધુરતમ્ વાણીસ્વરૂપ. આજ ત્રણ ત્રણ હજાર વર્ષો થયાં એ બે અડીખમ ઊભાં છે—કવિતાકલા ને જીવનભાવનાના ધ્વજ ફરકાવતાં. તેની સાથે સ્મૃતિ પુરાણોના ધર્મશાસન ગ્રંથોએ સનાતન ધર્મને પગભર કર્યો છે.

અઢાર પુરાણોમાં જીવનની દિશાને પલટાવી દે એવો બોધ સંઘરેલો છે. વેદો પંડિતો માટે હતા, પુરાણો આમજનતાના દિલને અડતાં હતાં. અને તે પછી આવે છે કવિકુલગુરુ–કાલિદાસ: બે મહાકાવ્યો, ત્રણ અત્યુત્તમ નાટકો અને બે ઊર્મિકાવ્યોનો રચયિતા. કાલિદાસનાં બે મહાકાવ્યો તે રઘુવંશ અને કુમારસંભવ. રઘુવંશમાં રામના નિકટના પૂર્વજોની કથા દેહ પામે છે, કુમારસંભવમાં પાર્વતી-પરમેશ્વરના પરિણયની મોહક કથા છે.

શૃંગારકાવ્ય

સંસ્કૃતની પ્રતિભા વસ્તુ પરત્વે ઊર્મિલ હોય છે, અને એનો રણકો નૈતિક હોય છે. કાલિદાસના વિક્રમોર્વશીય જેવા નાટકમાં ચોથો અંક આખો ઊર્મિપ્રધાન છે. શાકુંતલમાં પણ કન્યાવિદાયનો ચોથો અંક સંસ્કૃત નાટ્યસાહિત્યમાં અનુપમ કહેવાય છે એનું કારણ ઊર્મિતત્ત્વ છે. ગોપિકા-ગીત અને જયદેવનું ગીત–ગોવિંદ પ્રેમલક્ષણા ભક્તિનાં ઊર્મિસભર કાવ્યો છે. કાલિદાસનાં બે ઊર્મિકાવ્યો છે ઋતુસંહાર અને મેઘદૂત. ઋતુસંહારમાં પ્રણયી યુગ્મને માટે ઋતુઓનો સંદેશ વ્યક્ત થયો છે, અને મેઘદૂતની પકડ તો જેણે અનુભવી હોય તે જ જાણે. જગતનું એ અમર ઊર્મિગાન છે. શ્રી શંકર, અમરુક, બિલ્હણ, જયદેવ, જગન્નાથ અને બીજા અસંખ્ય ઊર્મિકવિઓ આપણે માટે ઉત્તમ શૃંગાર કાવ્યોનો સમૃદ્ધ વારસો મૂકી ગયા છે.

ગદ્યકૃતિઓ

સાહિત્યક્ષેત્રે પ્રથમ કવિતા જ અવતરે છે; ગદ્યસ્વરૂપ સૈકાઓ પછી ઘડાય છે. સંસ્કૃતમાં તો કાવ્ય એવું વર્ચસ્ ધરાવે છે કે એમાં ગદ્યને પણ કાવ્યમય બન્યા વિના ચાલ્યું નથી.

છઠ્ઠા શતકમાં દણ્ડીએ કાવ્યાદર્શ નામનો સમીક્ષાગ્રંથ લખ્યો. સંસ્કૃત ભાષાના બીજા ઘણા સમીક્ષાકારોની માફક દણ્ડી પણ સર્જનશીલ અને સમીક્ષક કલાકાર છે.

સાતમા શતકમાં કનોજના હર્ષનો આશ્રય પામનાર કવિ બાણ બીજો સમર્થ ગદ્યસ્વામી છે. એણે હર્ષચરિત રચ્યું છે. પણ બાણભટની કીર્તિનું શિખર છે એની કાદંબરી.

સુબન્ધુનું 'વાસવદત્તા' એના શ્લેષાર્થ માટે ખૂબ જ જાણીતું છે. હર્ષચરિતના અનુકરણમાં વેમભૂપાલચરિત લખનાર વામન બાણ છેલ્લો સમર્થ ગદ્યલેખક હતો.

ચંપૂઓ

ચંપૂઓ, શૈલી પરત્વે નાટકો જેવાં છે. પરંતુ નાટકો તખતા પર ભજવવા માટે રચાતાં; જ્યારે ચંપૂનો સંગીત સાથે પાઠ કરવાનો હોય છે, ને એમાંનું ગદ્ય પણ કાદંબરીના કાવ્યમય ગદ્ય કરતાં વધુ સંગીતમય હોય છે. 'વિશ્વગુણાદર્શ' ચંપૂના રચયિતા વેંકટધ્વરિનનું ગદ્ય મદિરા જેવું છે, અને કવિતા દ્રાક્ષ જેવી છે!

શબ્દકથા: 'ખડાઈ'-'કટાહ'

'ખડાઈ'નો જોડણીકોશે 'વાછરડી' એવો અર્થ આપ્યો છે, પણ સૌરાષ્ટ્રમાં વિશેષ તો 'પહેલી વાર ગાભણી બનેલી પાડી' એવા અર્થમાં તે પ્રચલિત છે.

સંસ્કૃત સાહિત્યમાંથી નહિ. પણ ઘણા પાછળના સમયમાં રચાએલા સંસ્કૃત કોશોમાં 'કટાહ' શબ્દ 'જેને શીંગડાં ફૂટવાં શરૂ થયાં હોય તેવો જુવાન પાડો' એવા અર્થમાં મળે છે. 'કટાહ' ઉપરથી લઘુતાવાચક સ્ત્રીલિંગ રૂપ 'કટાહિકા' થાય. પ્રાકૃતમાં તેનું 'કડાહિઆ' એવું રૂપ બને, અને તે ઉપરથી નિયમાનુસાર 'ખડાઈ' થાય. ('તવો', 'તવી' અર્થના, સંસ્કૃત 'કટાહ', 'કટાહિકા' એ જુદા જ શબ્દ છે. તેમાંથી આપણને 'કડાઈ' શબ્દ મળ્યો છે).

સંસ્કૃતમાંથી આવેલી અર્વાચીન ભારતીય ભાષાઓમાં 'ખડાઈ'ના સહજન્ય શબ્દો નીચે પ્રમાણે ટર્નરે નોંધ્યા છે: ઊડિયા–'કડાઈ'; બિહારી–'કાડી', 'કડરૂ' (=પાડરૂ); હિંદી–'કાડા', પંજાબી, પહાડી–'કટ્ટી', 'કટકી'; 'હિંદી–'કટિયા', 'કટરી' (=પાડી).

આ રૂપોના મૂળમાં 'કટ્ટ' કે 'કડ્ડ' જેવો શબ્દ હોવો જોઇએ. સંસ્કૃત 'કટાહ' મધ્યકાળમાં લોકબોલીમાં પ્રચલિત 'કડાહ' જેવા ઉપરથી ઘડી કઢાએલું જણાય છે. એટલે સંસ્કૃતમાંથી ઉપર ટાંકેલાં રૂપોનો ખુલાસો મળતો નથી. પણ દ્રાવિડી ભાષાઓ ઉપર નજર નાખતાં તેમાં ચર્ચાપ્રાપ્ત શબ્દોને મળતી સામગ્રી જોવા મળે છે. બરો અને એમેનોના દ્રાવિડી કોશમાંથી નીચેની સામગ્રી નોંધપાત્ર છે: તમિળ–'કડવુ', 'કડા', 'કડાય' (=ગ્રકરો, ઘેટો કે પાડો), 'કિડા' (=મહિષ), 'કડારિ', 'કિડારિ' (=વાછડી); મળયાળમ—'કડા', 'કિડા', 'કિડાવુ' (=નરપશુ), 'કડચ્ચિ' (=વાછડી); કોલામી–'કડ્ચ' (=વાછડું); કન્નડ–'કડસુ'; કોડગુ–'કડીચિ'; તુળુ–'ગડસુ' (=વાછડી કે પાડી); કુઈ–'કડાઈ' કુરુખ–'કડી' (=પાડી).

આ સામગ્રી જોતાં મધ્યકાળમાં દ્રાવિડી ભાષાઓમાંથી 'પાડી', 'વાછડી' કે 'ખડાઈ' એવા અર્થના 'કટ્ટ' કે 'કડ્ડ' જેવા મૂળ શબ્દ આર્ય ભાષાઓમાં પ્રવેશ્યા હોવાનું જણાય છે, તેમના ઉપરથી અન્ય અર્વાચીન આર્ય ભાષાઓના ઉપર ટાંક્યા તે શબ્દો પાછળનો સંસ્કૃત 'કટાહ' અને ગુજરાતી 'ખડાઈ' ઊતરી આવેલા છે.

હરિવલ્લભ ભાયાણી

સંસ્કૃત મહાકાવ્યો અને તેના પરથી થએલી રચનાઓ

સંકલનકાર: ગૌતમ પટેલ

મહાભારત અને રામાયણ એ બે આપણાં મહાકાવ્યો. તેની સળંગસૂત્ર મૂળ કથા તેમજ અંદર આવતાં અનેક ઉપાખ્યાનોને આધાર તરીકે રાખીને સંસ્કૃતના અનેક પ્રતિભા-સંપન્ન કવિઓ-સાહિત્યકારોએ નાનાવિધ રચનાઓ કરી છે. તે પૈકી મહાભારતની સારણી:

મહાભારત

રચયિતા: મહર્ષિ વ્યાસ • રચનાકાળ ઈ. સ. પૂર્વે ૫૦૦ થી ઈ. સ. ૨૦૦ • રચના ૧,૦૦,૦૦૦ શ્લોક

[કૃતિઓને પડખે કૌંસમાં તેના પ્રકાર દર્શાવ્યા છે]

મુખ્ય કથા પરથી

ભાસ (ઈ. સ. પૂર્વે ૪થી સદી): ની કૃતિઓ
મધ્યમ વ્યાયોગ (વ્યાયોગ)
દૂતવાક્ય (વીથિ)
દૂતઘટોત્કચ (અંક)
કર્ણભાર (અંક)
ઊરુભંગ (અંક)
પંચરાત્ર (સમવકાર)

ભારવિ (૬ઠ્ઠી સદી): કિરાતાર્જુનીય (મહાકાવ્ય)
માઘ (સાતમી સદી): શિશુપાલવધ (મહાકાવ્ય)
ભટ્ટનારાયણ (૮મી સદી): વેણીસંહાર (નાટક)
ધનંજય (૧૦મી સદી): રાઘવપાંડવીય (દ્વિઅર્થી કાવ્ય)
રાજશેખર (૧૦મી સદી): બાલભારત (નાટક)
ક્ષેમેન્દ્ર (૧૧મી સદી): ભારતમંજરી (કાવ્ય)
દેવપ્રભ સૂરિ (૧૩મી સદી): પાંડવચરિત્ર (કાવ્ય)
અમરચંદ્ર સૂરિ (૧૩મી સદી): બાલભારત (કાવ્ય)
અનંત ભટ્ટ (૧૬મી સદી): ભારતચમ્પૂ (ચમ્પૂ કાવ્ય)
વાસુદેવ (૧૬મી સદી): યુધિષ્ઠિરવિજય (કાવ્ય)
ચિદમ્બર સુમતિ (૧૬મી સદી): રાઘવપાંડવયાદવીય (ત્રિઅર્થી કાવ્ય)

ઉપાખ્યાન પરથી

કાલિદાસ (ઇ. પૂ. ૧લી સદી)
અભિજ્ઞાન શાકુન્તલ (નાટક)
•
ક્ષેમીશ્વર (ઈ. ૧૦મી સદી)
નૈષધાનન્દ (નાટક)
•
ત્રિવિક્રમ ભટ્ટ (૧૦મી સદી)
નલચમ્પૂ (ચમ્પૂ કાવ્ય)
•
શ્રી હર્ષ (૧૨મી સદી)
નૈષધીય ચરિત (મહાકાવ્ય)
•
કૃષ્ણાનંદ (૧૫મી સદી)
સહૃદયાનંદ (કાવ્ય)
•
વામન ભટ્ટબાણ (૧૫મી સદી)
નલાભ્યુદય (કાવ્ય)
•
હરદત્ત સૂરિ (૧૮મી સદી)
રાઘવનૈષધીય (કાવ્ય)

[રામાયણના આધારે રચાએલી કૃતિઓની સારણી અન્યત્ર]

લોકકથા ને બોધકથા

વૈદિક સાહિત્યમાં–અને ખાસ કરીને 'બ્રાહ્મણો'માં, મહાકાવ્યોમાં અને બૌદ્ધ જાતકોમાં રજૂ કરવામાં આવેલી કથાઓ જગતના ઇતિહાસમાં પ્રાચીનતમ છે. એના બે વર્ગ પાડી શકાય: બૌદ્ધોની જાતકકથા અથવા પ્રાકૃતમાંની જૈનકથાઓ જેવી ધાર્મિક રચનાના ઉદ્દેશ માટે એકઠી કરવામાં આવેલી કથાઓ, અને પંચતંત્ર કે હિતોપદેશ જેવા જગતના વહેવાર, શાણપણ અને રાજકીય સિદ્ધાંતોનો સમાવેશ કરવાના ઉદ્દેશથી લખાએલા વાર્તાગ્રંથો. પંચતંત્ર તો જગતની અનેક ભાષાઓમાં અનુવાદિત થયું છે. વ્યાવહારિક ગૃહનીતિ અને રાજનીતિનું એ જ્ઞાનચક્ર છે, એની રચના પણ અત્યંત વિશિષ્ટ છે. 'અરેબિયન નાઈટ્સ' માટે એમાંથી પ્રેરણા લેવામાં આવી છે. બોકેસિયો અને ચૉસર પણ પરોક્ષ રીતે એનાં ઋણી છે.

નાટક

સંસ્કૃત નાટ્યકારોમાં ભાસનું નામ ઉજ્જ્વલ તેજે પ્રકાશે છે. તેનાં તેર નાટકો વડે હિંદનું ને જગતનું સાહિત્ય ખરેખર સમૃદ્ધ થયું છે. એની જીવનદૃષ્ટિ વાસ્તવવાદીની છે. શાસ્ત્રો મુજબનાં નાટકોથી ભિન્ન એવા એના નાયક જીવનનાં બધાં જ ક્ષેત્રોમાંથી આવે છે. કાલિદાસના અભિજ્ઞાન શાકુંતલને તો જગવિખ્યાત જર્મન કવિ ગેટે માથે મૂકીને નાચ્યો હતો અને શાકુંતલની પ્રશસ્તિ કરતું એક મુક્તક પણ એણે રચ્યું હતું. એનાં બીજાં બે નાટકો 'માલવિકાગ્નિમિત્ર' અને 'વિક્રમોર્વશિયમ્'માં અનુક્રમે શુંગ વંશના એના આશ્રયદાતા રાજા અગ્નિમિત્રની પ્રણયકથા અને ઉર્વશી–પુરુરવાના અપોમિલ સ્વભાવ નિરૂપવામાં આવ્યાં છે. દિઙ્નાગનું 'કુંદમાલા' પણ સીતાજીવનને સ્પર્શતું નોંધપાત્ર નાટક છે. ભવભૂતિએ એ જ કૃતિને પગલે ચાલી રામના વીરકાવ્યની સમગ્ર વાર્તાને બે નાટકોમાં નાટ્યસ્વરૂપ આપ્યું છે: પહેલા ભાગ 'મહાવીરચરિત'માં રાજ્યાભિષેક સુધીની કથા છે, બીજા 'ઉત્તર રામચરિત'માં તો કાલિદાસને યે આંબી જાય એવી કલાનાં દર્શન થાય છે.

કૃષ્ણમિશ્ર તત્ત્વજ્ઞાનનાં સૂત્રો સમજાવવામાં નાટકનો ઉપયોગ કરે છે. એમનું 'પ્રબોધ ચંદ્રોદય નાટક' અદ્વૈતની પ્રશસ્તિ કરતું રૂપક છે.

અલંકારશાસ્ત્ર મીમાંસા

'કાવ્યમીમાંસા' સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં એક ગણનાપાત્ર પુસ્તક છે. એનો લેખક રાજશેખર, ઊગતા કાવ્યશોખીનો કવિવરોને ચરણે બેસી કાવ્યકલાના પાઠ શીખી શકે તેની વિવિધ પદ્ધતિઓ દર્શાવે છે. એ લખે છે કે કવિતા એ અલબત્ત પ્રતિભાનું ફળ છે, છતાં વાચન, મનન, અધ્યયનથી એ સાધ્ય થઈ શકે છે. તેની પત્ની અવંતીસુંદરી વિદ્વાન સમીક્ષક સાથે કવયિત્રી પણ હતી. રાજશેખરે 'કર્પૂરમંજરી' નામનું નાટક પણ રચ્યું છે.

આ છે સંસ્કૃત ભાષાની આછી રૂપરેખા. એ ભાષાની સમૃદ્ધિથી ભારતવાસીઓનાં જીવન સમૃદ્ધ થઈ શકે એમ છે.

નવાં પ્રકાશનો

તાઇકો : હીરોશીમામાં અણુબૅાંબનો ભોગ બનનાર એક જાપાની બાળા તાઇકોના સ્મારક માટે ઉદાત્ત ભાવનાથી એના ભાઇએ દાખવેલા પુરુષાર્થ પર આધારિત એક બાળનાટિકા. લેખક : મકરન્દ દવે; પ્ર૦ વૉરા ઍન્ડ કં., પ્રા. લિ. મુંબઈ-૨. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧.

રાતે વાત : શ્રી હીરાલાલ ફોફલીઆની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. પ્ર૦ નવભારત સાહિત્ય મંદિર, મુંબાઈ-૨, પૃ. ૧૭૭, પાકું પૂઠું રૂ. ૫.

લય : શ્રી રામપ્રસાદ દવેનો 'અન્વય' પછીનો કાવ્યસંગ્રહ. પ્ર. સમરતબેન પ્રાણજીવન શુકલ, ચૂડા; પ્રાપ્તિસ્થાન કર્તા પાસેથી, ઉમા નિવાસ ૪/૧૪ જગનાથ પ્લૉટ, રાજકોટ; પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૨–૫૦.

મન એક હજાર રંગ : જાણીતા ગઝલકાર તથા પત્રકાર શ્રી સૈફ પાલનપુરીની નવલકથા. પ્ર૦ ફાલ્ગુની પ્રકાશન, મુંબાઈ; પૃ. ૪૯૧, પાકું પૂઠું, રૂ. ૧૩–૫૦.

ઉલ્ફત : જુદાજુદા શાયરોની ગઝલો અને નઝમો આદિનો સંગ્રહ. સં. અંબાલાલ 'ડાયર' ને 'ઝાહિદ' શિનોરવાળા; પ્ર. અંબાલાલ ડાયર, ૨૭૧૩, પખાલી પોળ નાકા, રાયપુર, અમદાવાદ-૧; પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

શીલસંચય : સામાન્ય માણસોના અસામાન્ય ગુણો પ્રગટ કરતાં રેખાચિત્રોનો શ્રી બબલભાઈ મહેતાની વિશદ ને સચોટ કલમે લખાએલો સંગ્રહ; પૃ. ૧૦૯, કાચું પૂઠું, રૂ. ૨–૨૫.

કસ્તૂરબાનું જીવનચરિત્ર લેખક: સોમાભાઈ ભાવસાર; પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o હ. કા. આર્ટ્સ કૉલેજ, ૨. છો. માર્ગ, અમદાવાદ-૯; પૃ. ૭૯, કાચું પૂઠું, રૂ. ૨.

ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૩મા (સૂરત) સંમેલનનો અહેવાલ. એ સંમેલનના વિભાગીય પ્રમુખોનાં વ્યાખ્યાનો તથા જે તે વિભાગના નિબંધોના સંપાદન સાથે. પ્રાપ્તિસ્થાન: ઉપર મુજબ પૂઠું, પૃ. ૨૬૪, કિ. ૮–૦૦.

એક લહર દો પથ્થર : પંજાબી, હિન્દી, સિંધી ને ઉર્દૂના એક જાણીતા લેખક હરબન્સ ભલ્લાની નવલકથા. અનુ. : એન. એ. વોરા; પ્રકાશક: શ્રી પ્રકાશન, ગુજરાત સમાચાર ભવન, ખાનપુર, અમદાવાદ; કાચું પૂઠું, પૃ. ૨૧૦, રૂ. ૨.

ચૂંટણીનો ચકરાવો : રાજકીય પ્રવાહોની સમીક્ષા. લેખક-સંપાદક : મોહનલાલ મહેતા 'સોપાન'; પ્રકાશક: સુકાની કાર્યાલય, ૯૪ ભગતસિંઘ રોડ મુંબઈ-૧; કાચું પૂ., પૃ. ૧૦૨, રૂ. ૧–૫૦.

લાલ સૂર્ય : સોવિયેત જનતાના પુરુષાર્થને બિરદાવતાં કાવ્યો. લેખક 'સ્વપ્નસ્થ'; પ્રકાશક : ત્રિવેણી પ્રકાશન, ૨૦-૨૮, વિજયવાડી, મુંબાઈ ૨; કાચું પૂઠું, પૃ. ૪૬, રૂ. ૨.

આચાર્ય રજનીશજીનું જીવનચરિત્ર. લેખક : યશવંત મહેતા, પ્રકાશક : સાહિત્યનિધિ, ૨૧/૨૨ પ્રીતમનગર, અમદાવાદ-૬; પૃ. ૪૦, કાચું પૂઠું, ૭૫ પૈસા.

જીવનમાંગલ્ય : દંપતીને સુખી લગ્નજીવન માટે માર્ગદર્શક થઈ પડે એવી વિવિધ લેખકોની વિચારકંડિકાઓનું સંપાદન; સં૦ પ્રકાશ ગજ્જર; પ્રકાશક 'જીવનમાંગલ્ય કેન્દ્ર, સદ્‌વિચાર પરિવાર, હરિયાપુર ટાવર પાછળ, ૨૯૮ ('કુમાર' અંક ૫૪૮) અમદાવાદ-૧; પૃષ્ઠ ૩૨, કાચું પૂઠું, કિંમત છાપી નથી.

સુવિચાર : માનવતાનો મહિમા ગાતા માસિકનો 'વૈષ્ણવજન' અંક. સંપાદક : 'નિમિત્તમાત્ર'. પ્રકાશક : સદ્‌વિચાર પરિવાર, હરિયાપુર ટાવર પાછળ, રૂપાપરી, અમદાવાદ-૧. વાર્ષિક શુભેચ્છક સભ્યપદના રૂ. ૫.

વૈષ્ણવજન : પતિયાંના સહૃદયી સેવક પૉલનું જીવનચરિત્ર. લે. ઈશ્વરભાઈ પટેલ, પ્ર૦ બાલગોવિંદ કુબેરદાસની કં. ગાંધી રોડ, અમદાવાદ-૧, પૃ. ૯૧, કાચું પૂઠું, રૂ. ૨.

લાગણીનાં ફૂલ : શ્રી જયવદન પટેલની રસળતી ભાષામાં લખાએલી વાર્તાઓનો સંગ્રહ. પ્ર૦ સાહિત્યનિધિ, અમદાવાદ-૬; પૃ. ૨૮૩, પાકું પૂઠું, રૂ. ૮–૫૦.

જ્ઞાનકૌશલ્ય પ્રચાર સમિતિ
ચાણસ્મા. જિ. મહેસાણા (ઉ. ગુ.)

ભારતની ભાષા-સમસ્યા : લેખક જયેન્દ્ર ત્રિવેદી, રૉકેટ તેના વિકાસ, કાર્ય અને ભાવિ ઉપયોગનો સચિત્ર પરિચય, લેખક : પ્રહ્લાદ એસ. પટેલ. દરેકના ૬૦ પૈસા. તારા વિશ્વની સંપત્તિનો જાણીતા ખગોળવિદ્ છોટુભાઈ સુથારે આપેલી સચિત્ર પરિ-

---

રામાયણ પર આધારિત કૃતિઓ તથા એ કૃતિઓના પ્રકારો

સંકલન : ગૌતમ પટેલ

રચયિતા : આદિકવિ વાલ્મીકિ / રચનાકાળ : ઈ. સ. પૂર્વે ૫૦૦
રચના : ૨૪,૦૦૦ શ્લોક

કવિ ભાસ (ઈ. સ. પૂર્વે ૪થી સદી)ની કૃતિઓ :
પ્રતિમાનાટક (નાટક); અભિષેકનાટક (નાટક)

કાલિદાસ (ઈ. સ. પૂર્વે ૧લી સદી) : રઘુવંશ (મહાકાવ્ય)
દિઙ્‌નાગ (ઈ. ૪થી સદી) : કુન્દમાલા (નાટક)
ભટ્ટિ કવિ (૭મી સદી) : ભટ્ટિકાવ્ય અથવા રાવણવધ (મહાકાવ્ય)
કુમારદાસ (૮મી સદી) : જાનકીહરણ (મહાકાવ્ય)
મુરારિ (૮મી સદી) : અનર્ઘરાઘવ (નાટક)
ભવભૂતિ (૮મી સદી) : મહાવીરચરિત (નાટક) તથા
ઉત્તર રામચરિત (નાટક)
શક્તિભદ્ર (૮મી સદી) : આશ્ચર્યચૂડામણિ (નાટક)
અભિનંદ (૯મી સદી) : બાલરામાયણ (નાટક)
ધનંજય (૧૦મી સદી) : રાઘવપાંડવીય (દ્વિઅર્થી મહાકાવ્ય)
ભોજરાજ (૧૧મી સદી) : ચમ્પૂ રામાયણ (ચમ્પૂ કાવ્ય)
ક્ષેમેન્દ્ર (૧૧મી સદી) : રામાયણમંજરી (કાવ્ય)
સંધ્યાકરનન્દી (૧૨મી સદી) : રામચરિત (શ્લેષમય કાવ્ય)
મધુસૂદન મિશ્ર અને દામોદર મિશ્ર (૧૨મી સદી) :
હનુમન નાટક (મહાનાટક)
સુભટ (૧૩મી સદી) : દૂતાંગદ (છાયાનાટક)
જયદેવ (૧૩મી સદી) : પ્રસન્નરાઘવ (નાટક)
મલ્લિનાથ (૧૪મી સદી) : રઘુવીરચરિત (મહાકાવ્ય)
વામન ભટ્ટ (૧૬મી સદી) : રઘુનાથચરિત (મહાકાવ્ય)
દૈવજ્ઞસૂર્ય (૧૬મી સદી) : રામકૃષ્ણવિલોમ કાવ્ય (લઘુકાવ્ય)
ચિદંબર સુમતિ (૧૭મી સદી) :
રાઘવપાંડવયાદવીય (ત્રિઅર્થી કાવ્ય)
રામભદ્ર દીક્ષિત (૧૭મી સદી) જાનકીપરિણય (નાટક)
હરદત્ત સૂરિ (૧૮મી સદી) : રાઘવનૈષધીય (દ્વિઅર્થી કાવ્ય)

ચય, ૫૦ પૈસા; **નવું અમેરિકા** અને એના સામાજિક વિકાસનો પરિચય, લેખક : ગંગાદાસ પ્રા. મહેતા, ૭૫ પૈસા; **દરિયાઇ શેવાળ** વિષે સવિસ્તર માહિતી આપતી પુસ્તિકા, લેખક : ઈન્દ્રવદન મોદી અને રમણિકલાલ પારેખ, ૭૫ પૈસા. દરેક કાચાં પૂઠાંની ૩૨ થી ૪૮ પાનાની જ્ઞાનવર્ધક પુસ્તિકાઓ. **શિશુવિહાર** (કૃષ્ણનગર, ભાવનગર) તરફથી પ્રકટ થતાં રહેતાં ઉપયોગી પ્રકાશનોમાં પાંચ નવાં : **શિશુવિહાર પ્રાર્થનામાળા** શાળાઉપયોગી લઘુ સંગ્રહ, ૧૦ પૈસા; **નવધા ભક્તિ** માનવધર્મ અંગે રચાએલાં શાસ્ત્રોનું તારણ, પૃ. ૨૦, કિંમત યોગ્ય લાગે તે; **શરીર અને રોજિંદા વપરાશની ચીજવસ્તુની સારસંભાળ** વિષે અનેક ઉપયોગી સૂચનોની પુસ્તિકા, પૃ. ૩૫, ૨૫ પૈસા; **આંખના રોગો અને સંભાળ** માર્ગદર્શક ડૉ. શિવાનંદ અધ્વર્યુ, પૃ. ૧૨, ૨૦ પૈસા અને **દાંતના રોગો અને સંભાળ** : સંપાદક : ડૉ. નિર્મળ એન. વકીલ, પૃ. ૧૨, ૧૫ પૈસા.

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

વૈષ્ણવ જન તો તેને કહીએ : એ ભજનમાં વર્ણવેલા સાચા વૈષ્ણવના ગુણો પર લખાએલા મનનાત્મક લેખોનો સંગ્રહ. લે. છગનલાલ જોશી, પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૧ા

ચરણ આપના ત્યાં વિરાજે : ગાંધીજીના જીવનના પાવક પ્રસંગોનો સંગ્રહ. લે. લલ્લુભાઈ મકનજી, પૃ ૧૩૯, કાચું પૂઠું, રૂ. ૨.

ગાંધી પરિચય પુસ્તિકા : પરિચય ટ્રસ્ટની 'પરિચય પુસ્તિકા'ઓના ધોરણે ગાંધીજીના જીવન તથા પ્રબોધ પર વિષયવાર પ્રકટ થનારી માળાના બે મણકા **૧) ગીતા** : ગીતા વિષે ગાંધીજીના પ્રગટ થએલા ચિંતનાત્મક લેખોનું સંપાદન. સં૦ વનમાળા દેસાઈ. **૨) જેલમાં બાપુ** : જેલજીવનના ગાંધીજીના અનુભવો અને એ વિષેના વિચારોનું સંપાદન. સં૦ વનમાળા દેસાઈ, બંનેનાં પૃ. ૩૨, કાચું પૂઠું, દરેકના રૂ. ૦-૫૦.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર, અમદાવાદ-૧ અને મુંબાઈ-૨

આયુર્વેદ અને ભારત : જુદાજુદા વિદ્વાનોના આયુર્વેદ સંબંધી અભિપ્રાયોનો સંગ્રહ સં. શ્રી શોભન, પૃ ૫૩, કાચું પૂઠું, રૂ. ૦-૨૫.

મા આનંદમયી : મા આનંદમયીના જીવન ને ઉપદેશ સંબંધી એમના શિષ્યો-ભક્તોએ બંગાળી, હિન્દી ને ગુજરાતીમાં લખેલાં પુસ્તકો પરથી શ્રી નાનુભાઈ દવેએ તૈયાર કરેલ ચરિત્ર પૃ. ૧૧૯, કાચું પૂઠું, રૂ. ૧-૨૫.

કનકકટોરો : મનુષ્યહૃદયની મંગળભાવનાઓ વ્યક્ત કરતી 'અખંડ આનંદ'માં પ્રસિદ્ધ થએલી શ્રી શિવકુમાર જોશીની ૧૮ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. પૃ. ૨૦૪, કાચું પૂઠું, રૂ. ૨.

સાહિત્ય સંગમ • બાવાસીદી • સૂરત

એપોલો-૮ ચંદ્રની યાત્રા : અમેરિકાની અવકાશયાત્રાની સિદ્ધિરૂપ એપોલો-૮ વિષે સચિત્ર માહિતીઓનો સંગ્રહ. લે. ધીરજલાલ ગજ્જર, પૃ. ૧૭૨, કાચું પૂઠું, રૂ. ૨.

સામાન્ય જ્ઞાન : ઇન્ટરવ્યુમાં પૂછાતા પ્રશ્નોના જવાબ આપવામાં માર્ગદર્શક નીવડે એવું વિવિધ વિષયોનું જ્ઞાન આપતું પુસ્તક. લે. ઉપર મુજબ, પૃ. ૨૨૦, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

ગુણસાગર ગાંધી બાપુ :- મહાત્મા ગાંધીજીના ૨૦૧ જીવનપ્રસંગોનો સંગ્રહ. સં. 'પ્રિયદાસ' વ્યાસ અને 'મસ્તાન' દેસાઈ, પૃ. ૧૭૫, કાચું પૂઠું, રૂ. ૨.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



પ્રતાપરાય મો. મોદી

જન્મ : ભાવનગરમાં તા. ૯-૨-૧૮૯૮. બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી એમ. એ. થઈ ભાવનગર, જૂનાગઢ વગેરેમાં સંસ્કૃતના પ્રાધ્યાપક. ઇ. ૧૯૨૮ થી '૩૧ જર્મનીમાં કીલ યુનિવર્સિટીમાં આઈ. ઑટો શ્રેડર પાસે ભણીને એમણે લખેલો પ્રબંધ ત્યાં ઉત્કૃષ્ટ કોટિનો ગણાયો. હાલ વડોદરાની એમ. એસ. કૉલેજમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ હોવા સાથે સૌરાષ્ટ્ર અને કર્વે યુનિવર્સિટીમાં એમ. એ. તથા ડૉક્ટરેટના સંસ્કૃતના વર્ગો લે છે. એમના સંસ્કૃત ભાષાજ્ઞાનને ઈ. ૧૯૬૬માં સરકારે રાષ્ટ્રપતિ ઍવૉર્ડ આપીને નવાજ્યું છે. તદનુસાર એમને આજીવન દર ૧૫મી ઑગસ્ટે રૂા. ૧૫૦૦ મળતા રહેશે.

૧. સંસ્કૃતની વિશિષ્ટતા દર્શાવશો?

ઉ. સંસ્કૃત એ આત્મદર્શનની ભાષા છે. ભારતની લગભગ તમામ ભાષામાં એની પ્રેરણા ને પ્રાણના ધબકાર છે. શૈલીની છટા અને અર્થઘનતામાં સંસ્કૃત શ્રેષ્ઠ છે.

૨. સંસ્કૃત ભાષા શીખવી અઘરી નથી?

ઉ. મારા યત્ન અને અનુભવ પ્રમાણે અન્ય કોઈ પણ ભાષા પેઠે સંસ્કૃત પણ શીખવું સરળ છે. અમેરિકા અને જર્મનીમાં એક જ વર્ષમાં સંસ્કૃત વ્યાકરણ શીખવાય છે. આપણે માટે તો તદ્ભવ અને તત્સમ શબ્દો પણ છે.

૩. તો સંસ્કૃતને અઘરી ભાષા કોણે બનાવી?

ઉ. કોઈને દોષ ન દેવાય, પણ દસમા સૈકામાં ભટ્ટિ કવિએ અઘરા વ્યાકરણપ્રયોગો વાપરીને અને બાણે અઘરા સમાસો વાપરીને એવો આભાસ પેદા કર્યો છે.

૪. જર્મનીમાં સંસ્કૃત કઇ દૃષ્ટિથી શીખવાય છે?

ઉ. 'લૅટિન' અને 'ગ્રીક'ની સમકક્ષ એવી 'સંસ્કૃત' ભાષા છેક વેદકાળથી ભારતમાં હોવાની જાણ થયા પછી જર્મનીમાં એનો મહિમા વધ્યો અને આજે દરેક જર્મન યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યના અભ્યાસનો પૂરતો પ્રબંધ છે.


૫. આપને ગમતાં સંસ્કૃત પુસ્તકો અને એનાં કારણ કહેશો?

ઉ. નાટકોમાં 'શાકુંતલ' અને 'ઉત્તર રામચરિત'. કાવ્યોમાં 'રઘુવંશ' અને 'કુમારસંભવ'. સંસ્કૃતને સરળ બનાવવા, સમજાવવા ને પ્રસારવા માટે 'નળાખ્યાન' અને 'સાવિત્રી આખ્યાન' પણ ખરાં. પણ શ્રેષ્ઠ તો 'ગીતા' જ. જીવનવ્યવહારને એ કુશળતાથી સમજાવે છે. ભક્તિપૂર્વક સ્વકર્મ-આચરણ એ એનો સંદેશ. ભક્તિ ન ફાવે તો જ્ઞાન, કર્મ કે ધ્યાનપૂર્વક કર્માચરણ કરવું.

૬. તમારે મન જિંદગી એટલે?

ઉ. એક જ શબ્દમાં કહું તો 'કર્મયોગ'. મારા પૂરતી, જિંદગી એટલે અધ્યયન, અધ્યાપન અને સંશોધન.

પ્રતાપરાય મો. મોદી





બ્રહ્માંડનો અ

ખગોળશાસ્ત્રીઓ અવકાશના અનંત વિસ્તારની વાતો કરે છે ત્યારે આપણી બુદ્ધિ બહેર મારી જાય એવા એ પરિમાણને સરળતાથી સમજાવવા અનેક રીતે તેઓ મથે છે. બ્રહ્માંડની એ અનંતતા પામવાનો એવો એક પ્રત્યન અહીં કર્યો છે. પૃથ્વીથી આરંભી ઉપર થઈને જમણી બાજુ જતાં આ આકૃતિઓમાં પ્રત્યેક (બ્લ) ગોળાકારમાં ઉત્તરોત્તર પોતાની પહેલાના આકાર કરતાં એક [illegible] ગણો મોટો વિસ્તાર દર્શાવતો કલ્પેલો છે. એમાં પૃથ્વી અને ચંદ્રને સમાવતા પહેલા આકારમાં ૯,૨૦,૦૦૦ માઈલના વ્યાસની ક- લ્પના છે. એ પછી, અતિ દૂરના શનિ, નેપ્ચ્યુન અને પ્લુટો બાદ સિવાયની સૂર્યમાળા દર્શાવતો બીજો આકાર પહેલા કરતાં એક


સૂર્ય ચંદ્ર કે તારા રૂપે અવકાશમાં આપણે જે પદાર્થો જોઇએ છીએ તેમાંના કેટલાકની ઓળખ અહીં આપી છે. એકબીજાથી મોટા થતા જતા કદના ક્રમમાં તે છે.

ઉપગ્રહ : ગ્રહોની આસપાસ પ્રદક્ષિણા કરતા આ પદાર્થને આ- પણે ચંદ્ર પણ કહીએ છીએ. આપણી સૂર્યમાળાના ગ્રહોમાં શનિને ૯, ગુરુને ૧૨, મંગળને ૨, યુરેનસને ૫ અને નેપ્ચ્યુનને ૨ ઉપગ્રહો છે. પૃથ્વીનો ઉપગ્રહ–ચંદ્ર આખી સૂર્યમાળામાં, પોતાના પિતૃગ્રહના કદના પ્રમાણમાં મોટામાં મોટો ઉપગ્રહ છે, એટલો મોટો કે એને પૃથ્વીનો જોડિયો ગ્રહ પણ કહી શકાય.

ગ્રહો : એ તારાની આસપાસ ફરતા વિશાળકાય પદાર્થો છે. આપણા સૂર્યને આવા કુલ નવ ગ્રહો છે. એમાંના ચાર સૂર્યની નજીકમાં જ છે. જેમાં સૌથી વધુ નજીક બુધ, પછી શુક્ર, પૃથ્વી અને મંગળ છે. આથી ઘણે દૂર ગુરુ અને પછી શનિના મહાકાય ગ્રહો છે. અને એથી યે દૂર યુરેનસ તથા નેપ્ચ્યુન નામના બે મોટા ગ્રહો છે. આ બધાથી અત્યંત દૂર નાનકડો પ્લૂટો છે. ખગોળશાસ્ત્રીઓ કહે છે કે આપણી પેઠે જ બીજા પણ ઘણા તારાઓને પોતાની ગ્રહમાળા હોવી જોઈએ.

તારા : ગુરુત્વાકર્ષણથી ખેંચાઈ રહેલા અતિ પાતળા હાઇડ્રોજન- ના ઘટત્વથી કેટલાંક વિશાળ દળ રચાયાં હશે. જેને આપણે તારા કહી શકીએ. આમાંના ઠરી જવા આવેલા તારા રાતા, એથી ઉષ્ણ પીળા અને સૌથી વધુ ઉષ્ણ તે તેજસ્વી આસમાની રંગના દેખાય છે. આપણો સૂર્ય લગભગ પીળા દેખાતા તારા જેટલો ઉષ્ણ છે. આશરે ૫૦,૦૦૦ લાખ વર્ષમાં, મનાય છે કે એના દળમાં ઊભરો આવશે અને તે લાલ રંગનો તારો બની રહેશે. એ કાળે પૃથ્વી પર જે કંઈ જીવસૃષ્ટિ હશે તે નાશ પામશે. એ પછી ૨,૦૦,૦૦૦ લાખ વર્ષે એ 'શ્વેત વામનજી'ની કક્ષાનો તારો બની રહેશે ને ધીરેધીરે ઠંડો પડી જઈ પ્રકાશ આપતો પણ બંધ થઈ જશે.

તારાવિશ્વ : સંખ્યાબંધ તારાઓનું જુથ એ તારાવિશ્વ. આ- પણે જેમાં છીએ એ તારાવિશ્વમાં લગભગ ૧,૦૦,૦૦૦ લાખ (દસ અબજ) તારાઓ છે. એનો આકાર કુંભારના ચાક જેવો હોઈ મધ્યમાં ગીચોગીચ પુષ્કળ તારાઓ છે. બે ભુજાઓ રૂપે આ વિશ્વ [illegible] બહારની બાજુએ ઊઘડતું જાય છે. પૃથ્વીને ઉષ્મા અને પ્રકાશ આપતો સૂર્ય આવી એક ભૂજાની લંબાઈમાં આરંભથી લગભગ પોણા ભાગ- ના અંતરે આવેલો છે. આ તારાવિશ્વનું કેન્દ્ર આપણાથી ૩૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે; અને એક સેકંડે ૨૦૦ માઈલના વેગે પોતાના સમગ્ર ગ્રહ-પરિવાર સાથે સૂર્ય એ કેન્દ્રની પ્રદક્ષિણા કરી રહ્યો છે. જ્યારે આ આખા તારાવિશ્વનો વિસ્તાર કંઈક ૧,૦૦૦,૦૦૦ પ્રકાશ-





...લ્પ્ય વિસ્તાર

હજાર ગણો – ૯૨,૦૦,૦૦,૦૦૦ માઇલનો વિસ્તાર સૂચવે છે. તે પછીના આકારમાં મધ્યમાં (નાના વર્તુળની અંદર) પોતાના બધા ગ્રહો સાથેની આખી સૂર્યમાળા સમાઈ ગએલી છે. આ ત્રીજો સમગ્ર આકાર બીજા આકાર કરતાં વળી હજાર ગણો વિસ્તાર બતાવે છે. આથી યે હજાર ગણા વિસ્તારમાં – ચોથા ગોળાકારમાં – આપણી નજીકના કેટલાક તારાઓ જ માત્ર સમાઈ શકયા છે. આ તારાઓ પણ આપણે જેમાં છીએ એ તારાવિશ્વના અમુક થોડા ભાગમાંના જ છે. અને આ તારાવિશ્વ પણ બ્રહ્માંડમાંનાં એવાં અનેક તારાવિશ્વો વચ્ચેના માત્ર થોડા શા વિસ્તારમાં જ આવેલું છે. પાંચમા અને છઠ્ઠા ગોળાકારમાંથી એનો કંઇક ખયાલ આવશે.

વર્ષ જેટલા અંતરમાં ફેલાએલો છે. એટલે કે આપણી માઈલના ક્ષુલક એકમની ગણતરીમાં કહીએ તો લગભગ ૬,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઈલનો તેનો વિસ્તાર છે. આકાશમાં આકાશગંગા તરીકે આપણે જે ભાગ જોઈએ છીએ તે તો રકાબી જેવા આકારના આપણા તારાવિશ્વની કિનારીનો જ ભાગ માત્ર છે. પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં આ આકાશગંગા વધુ તારામય દેખાય છે કેમ કે ત્યાંથી આકાશમાં જોનારાની આંખ આ તારાવિશ્વના કેન્દ્ર તરફ મંડાએલી હોય છે, અને એ કેન્દ્ર પાસે તો અસંખ્ય અગણિત તારાઓ છે.

અતિ શક્તિશાળી દૂરબીનોએ આવાં બીજાં તારાવિશ્વો પણ ખોળી કાઢયાં છે. (એક અંદાજ છે કે ઓછામાં ઓછાં આવાં વીસ કરોડ તારાવિશ્વો છે. એમાં કેટલાકનો આકાર આપણા વિશ્વ જેવો ચપટો છે તો બીજાં કેટલાંક અંડાકાર પણ છે ને કેટલાંક વળી અચોકસ આકારના લચકા જેવાં યે છે. આમાં આપણી સૌથી વધુ નજીકનું તારાવિશ્વ આવા લચકા જેવું જ છે. 'મૅગેલન વાદળો' તરીકે આપણે એને ઓળખીએ છીએ. પંદરમી સદીમાં દક્ષિણ ગોળાર્ધની સફર કરી આવેલા હેન્રી નામના એક વિખ્યાત નાવિકે એની યુરોપમાં સૌપ્રથમ જાહેરાત કરેલી. આપણાથી એ વાદળો ૧,૬૩,૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે. નરી આંખે પણ કળી શકાતી 'દેવયાની' નિહારિકા પણ આપણાથી લગભગ ૧૭,૦૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલી દૂર આવેલી છે.

આપણું તારાવિશ્વ, મૅગેલન વાદળો, દેવયાની નિહારિકા અને એવાં ડઝનેક વિશ્વો સંભવતઃ અતિ આછા એવા ગુરૂત્વાકર્ષણથી ખેંચાઈ રહીને એક 'સ્થાનિક સમૂહ' રચે છે. લગભગ ૧૬૦ લાખ પ્રકાશવર્ષ દૂર આવો જ એક બીજો સમૂહ છે. આકાશમાં 'કન્યા રાશિ'-વાળા વિસ્તારમાં પણ લગભગ ૫૦૦ લાખ પ્રકાશવર્ષ દૂર એક બીજું વિશ્વજૂથ છે. એ જ રીતે 'વાસુકી'ના વિસ્તારમાં ૨૭,૦૦૦ લાખ પ્રકાશવર્ષ દૂર એક વિશ્વસમૂહ છે. આ બધા વિશ્વપિંડો આપણાથી હજી યે દૂર ને દૂર ખસતા જાય છે. હજી સુધીમાં જણાએલું આવું મોટામાં મોટું વિશ્વજૂથ પ્રકાશ કરતાં $\frac{૫}{૨૦}$ ભાગની ઝડપે દૂર ને દૂર સરતું જાય છે. આજે એ આપણાથી લગભગ ૧,૦૦,૦૦૦ લાખ પ્રકાશવર્ષ દૂર છે. અને બ્રહ્માંડ તો હજી આથી યે વધુ વિસ્તૃત છે. વિદ્વાનો તો કહે છે કે આ બ્રહ્માંડ પણ સાવ પોલું છે. ગણતરી એવી છે કે તારાવિશ્વોની આ બધી લીલા તો બ્રહ્માંડના ૦·૧ ટકા જેટલા ભાગમાં જ સમાઈ જાય એટલી છે. બાકીનો ૯૯·૯ ટકા જેટલો વિસ્તાર તો સાવ ખાલીખમ જ છે. ચંદ્ર પર પહોંચ્યા પછી હવે મંગળ પ્રતિ લક્ષ્ય ઠેરવતો માણસ હજી કયાં સુધી પહોંચ્યો છે એ આથી કલ્પી શકાશે. અને ખબર છે? એક મત એવો છે કે આ બ્રહ્માંડ પણ સ-અન્ત છે!

આ અંકના પૂઠા પરનાં 'મેઘદૂત'નાં ચિત્રો

કલાની સુષ્ઠુ માંડણી ઉપર પોતાના માલની જાહેરાત કરવામાં અગ્રિમ એવી પેઢીઓ પૈકીની એક ચીમનલાલ પેપર કંપની (જુઓ અંક ૫૩૨ની 'કલાવાર્તા') તરફથી વર્ષોવર્ષ નીકળતી ડાયરીઓમાંની ઈ. ૧૯૬૫ની કલાત્મક ડાયરીમાંથી આ અંકના પૂઠા ઉપર સાભાર ઉતારેલાં 'મેઘદૂત'ના કેટલાક શ્લોકો ઉપરનાં ચિત્રોની નાની પ્રતિકૃતિ તેના મૂળ શ્લોકો સાથે અહીં આપી છે. પહેલામાં મેઘને આવકાર આપતા યક્ષનું વર્ણન છે; ને પછીનામાં પૂર્વમેઘના શ્લોકોમાં મેઘ પોતાને માર્ગે જતાં કુદરત અને જીવનનાં જે રસચિત્રો જોશે તેનું વર્ણન કરીને, 'ઉત્તરમેઘ'માં વિરહિણી યક્ષીને તે અલકાપુરીમાં કેવી કેવી સ્થિતિમાં જોશે તે કહે છે. એમાંના આ ચૂંટેલા સચિત્ર શ્લોકો આ પાનાની અંદરના મોટા ચિત્રપટને સમજવામાં મદદરૂપ થશે.



દેખી વર્ષા નિકટ, સખીના પ્રાણ ઉગારવાને,
સંદેશામાં કુશળ ખબરો કૂહાવવા મેઘ સાથે,
તાજાં ખીલ્યાં કુટજકુસુમે હર્ષથી આપી અર્ઘ્ય,
પ્રીતિભીનાં વચનથી દીધો મેઘને આવકાર.

પૂર્વમેઘ ૪



સંકોરીને અલકલટને પાંથિકોની પ્રિયાઓ,
જોશે હોંશે નભમહીં તને પીયૂ આવ્યાની આશે;
તું આવ્યે યે વિરહવિધુરી વ્હાલીને કો ઉવેખે?
મારા જેવો પરવશ પડ્યો અન્ય કો યે હશે ના.

પૂર્વમેઘ ૯



જાળીમાર્ગે થઈ પસરતા કેશસંસ્કાર-ધૂપે
ઘેરાવાથી, જલધર, થશે તાહરાં અંગ ભારે;
નાચી રે'શે થનગન તને જોઈ માંડી કળાઓ,
બંધુપ્રીતિ ધરી ભવનના માન દેતા મયૂરો.

પૂર્વમેઘ ૩૫



લૂછે આંસુ પ્રિય ઘરભણી આવીને ખંડિતાનાં,
તે વેળા તું વિખરઇ જજે; સૂર્ય ના ઢાંકી દેતો:
હિમાશ્રુને નલિનીમુખથી લૂછવા એ ય જાશે,
માટે એના કર રૂંધીશ તો ખૂબ રોષે ભરાશે.

પૂર્વમેઘ ૪૨



ચાલી જાતાં અલકથી ખર્યાં કૈંક મંદાર પુષ્પે,
સોના કેરાં કમળથી વળી કાનનાં કર્ણપત્રે,
મોતીસેરે સ્તન પર ઝૂકી તૂટતાં સૂત્ર, હારે,
રાત્રી-રસ્તો દિવસ ઊગતાં કામિનીનો કળાયે.

ઉત્તરમેઘ ૧૧



મારા બીજા જીવન સરીખી જાણ સૂન્કાર જેવી,
દૂરે થાતાં હું સહચર, શી એકલી ચકવાકી!
ભારે દહાડા ઝૂરીઝૂરી હવે વીતતી બાળનું તે
રૂપ હોશે યે પલટ્યું શિશિરે ચીમળી પદ્મિની શું.

ઉત્તરમેઘ ૨૨



બેઠેલી એ નજર પડશે દેવપૂજાવિષે, કે
કલ્પી મારી કૃશ છબી, હશે કાઢતી ચિત્રમાંહે,
કિંવા હોશે પૂછતી મધુરું બોલતી સારિકાને:
'સંભારે છે અલી! તું પિયુને લાડકી બહુ હતી તે?'

ઉત્તરમેઘ ૨૫



નિર્માએલા વિરહદિનથી કાળના માસ બાકી,
બેઠી હોશે ગણતી કુસુમો મૂકીને ઉંબરા પે,
માણંતી કાં મન મુજ રતિભોગ ને બાહ્ય ભોગો,
હોયે એવા પિયુવિરહમાં કામિનીના વિનોદો.

ઉત્તરમેઘ ૨૬

(કીલાભાઈ ઘનશ્યામ, કવિ નાનાલાલ તથા 'વિહારી'ના અનુવાદોમાંથી)

મેઘદૂત

અલકાપુરીમાં કુબેરને ત્યાં એક યક્ષને રોજ માનસરોવરમાંથી સુવર્ણકમલ લઈ આવવાના કામ પર નિયુક્ત કર્યો હતો. પણ દિવસરાત પોતાની પત્નીની પાછળ ઘેલા રહ્યા કરતા એ યક્ષથી કર્તવ્યપાલનમાં કૈં એવી ક્ષતિ થઈ કે કુબેરે તેને એક વર્ષ માટે તેની પત્નીથી વિખૂટા રહેવાનો શાપ આપ્યો (સજા કરી).

તદનુસાર દક્ષિણ ભારતના રામગિરિ પર્વતના એક આશ્રમમાં શાપ ભોગવતો એ વિરહવ્યાકુલ યક્ષ, આષાઢ માસ બેસતાં આકાશમાં ચડી આવેલો મેઘ જોઇને તે દ્વારા, હિમગિરિમાં અલકાપુરીમાં વસતી પત્નીને પ્રેમસંદેશ મોકલે છે, એ, કવિ કાલિદાસના આ કાવ્યનો વિષય છે.

'પૂર્વમેઘ'ના ૬૭ અને 'ઉત્તરમેઘ'-ના ૬૩ એમ કુલ ૧૩૦ શ્લોકના બે વિભાગમાં, મધુર મંદાક્રાન્તા છંદમાં રચાએલું આ ખંડકાવ્ય 'મેઘદૂત' સંસ્કૃતસાહિત્યમાલાનું એક તેજસ્વી રત્ન ગણાય છે. ગુજરાતીમાં એના દસેક અનુવાદ થયા છે, જેમાં કીલાભાઈ ઘનશ્યામ, કવિ નાનાલાલ, ને એ બંનેની પહેલાં થએલા કવિ 'વિહારી' (બહેચરલાલ ત્રીકમજી પટેલ)ના સમશ્લોકી અનુવાદો વધુ જાણીતા છે. જોકે કીલાભાઈને સરળતા ખાતર ક્યાંકક્યાંક એક શ્લોકના અનુવાદ બે શ્લોકમાં કરવા પડ્યા હોવાથી તે ચુસ્તપણે સમશ્લોકી કહી શકાય નહિ; પરંતુ તે સરળ હોવાથી વધુ વાચકભોગ્ય છે. એમણે તથા કવિ નાનાલાલે પોતાની પ્રસ્તાવનાઓમાં 'મેઘદૂત'ની કરેલી પ્રશસ્તિમાંથી થોડાં વાક્યો ઉતારીએ :

'સંસ્કૃત ખંડકાવ્યોમાં મેઘદૂતનું સ્થાન પ્રથમ છે. એના વસ્તુની કલ્પના મનોહર છે. ઘણા કવિઓ પેઠે અશ્લીલ શૃંગારથી પોતાના કાવ્યને દૂષિત ન કરતાં 'પ્રવાસવિપ્રલંભ શૃંગાર' પસંદ કરવામાં કવિએ ચાતુર્ય વાપર્યું છે, અને તેને યોગ્ય મંદ મધુર ગતિવાળા તથા રસને પુષ્ટિ આપતા મંદાક્રાન્તા વૃત્તની પસંદગીમાં કવિએ ઔચિત્ય દાખવ્યું છે.'



¶ 'કુદરતના સૌન્દર્યના મણિઓને માનવહૃદયના ભાવને દોરે પરોવી, પ્રકૃતિનાં રત્નોના, નહિ ગ્રીષ્મના નહિ વર્ષાના ચમત્કારિક રંગોની, વિ

¶ વર્ષોવર્ષ કાલિદાસ-જયંતી પ્રસંગે ભરાતા પ્રદર્શન માટે આમંત્રાતાં, એ મહાકવિ



…લંભ શૃંગારના સુવર્ણતારે માળા ગૂંઠી હોય એવા આ દેવવર્ણું ભાવાત્મક કાવ્યના પ્રત્યેક શ્લોકમાં એ મહાકવિએ એકેક રસચિત્ર ચીતરેલું છે.' ❡ એવા…
…ની એકાદ કૃતિ પરના ચિત્રો પૈકીના એકનું આ રેખાંકન છે. અગાઉ આ જ કલાકારની 'કુમાર'માં આવી ગએલી કૃતિઓ 'સીતાચરિત' અને 'અગ્નિવર્ણની કા…



ા અદ્‌ભુત એ શ્લોકો પૈકીના કેટલાકને 'કુમાર'ના પરિચિત કલાકાર શ્રી વાસુદેવ સ્માર્ત પોતાની કલમ દ્વારા ઉપરના ચિત્રમાં આલેખ્યા છે.
ામક્રીડા'ના જેવી જ, આપણાં પ્રાચીન ભીંતચિત્રો જેવી સળંગ વર્ણનની એની શૈલી છે.

જેતે નાહિ દિબો : જવા નહિ દઉં

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના 'શેનાર તરી'માંના 'જેતે નાહિ દિબો'
કાવ્યનો શ્રી કંચનલાલ મામાવાળાએ એ જ પદબંધમાં કરેલો અનુવાદ

કવિવરની વિરાટ પ્રતિભાએ સર્જેલાં અનેક મર્મસ્પર્શી કાવ્યોમાંનું આ એક છે. પૂજા (બંગાળની નવરાત્રી)ના તહેવારોની રજા દરમિયાન પોતાને ગામ રજા ગાળવા આવેલા આ કાવ્યના કવિકલ્પિત પાત્રની રજા પૂરી થવા આવતાં ફરી દૂર દેશની નોકરીના સ્થળે જવા માટેની પ્રયાણની તૈયારીઓ ચાલી રહી છે. જતી વેળાએ એની ચાર વર્ષની પુત્રીની વિદાય માગતાં એણે સહજ ઉચ્ચારેલા 'નહિ જવા દઉં' ઉદ્ગાર સાંભળતાં એના પિતાના ચિત્તમાં પ્રવેશેલા કવિવર કલ્પનાવિહારે ચડે છે અને વિછોહના વિધવિધ રૂપે સાંપડતા, ન પાલવે એવા પ્રસંગોથી આ સંસારમાં સદાય સંતપ્ત રહેતા પ્રેમની નિઃસહાયતાને વિશદ રીતે વર્ણવે છે.

આંગણે આવેલ ગાડી, વેળા બે પ્રહર;
શરદ ઋતુનો તાપ ક્રમે થઈ રહ્યો પ્રખર.
ગામ તણી નિર્જન વાટે ધુલાડી ઊડચે જાય
બપોરી વાયરે; શીળી પીપળાની છાંય
ક્લાન્ત વૃદ્ધ ભિખારિણી જીરણ વસ્ત્ર બિછાવી
ઘોરંતી પડી છે! રાત્રી જાણે તડકે છાઈ
ચોગમ ઝાળ ઝાળ થતી નિસ્તબ્ધ સૂમસામ;
નિરાંતકેરી નીંદર નથી કેવળ મારે ધામ.

પૂરો થયો આસો; રજા થતાં પૂજાની શેષ
પાછું ફરવું રહ્યું આજે દૂરને પ્રદેશ
એ જ કર્મસ્થાને. સેવકજન રઘવાયા થઈ
બાંધી રહ્યા ચીજવસ્ત દોરી દોરા લઈ;
બૂમબુમાટા ઘાંટઘાંટા ઘરમાં અહીં તહીં;
ઘર તણી ઘરૂણી આંખો છલછલાવી રહી.
પા'ણા કેરા ભાર સરીખી પીડા ઉર મોઝાર,
તો ય તેને રોઈ લેવા નવ મળે પરવાર
અર્ધી યે ક્ષણ કેરો. વિદાય કેરી વ્યવસ્થાએ
બાવરી શી ઘૂમે; મનડે લેશ ન ધરપત થાયે
વાધેશોયે બોજ. કહ્યું મેં 'ધાંધલ શી આ માંડી?
આટલા ઘડા, આટલા પડા, કૂજા, છીબાં, હાંડી,
બાટલીઓ, બિછાનાં, રાજ્યભરનો સરંજામ
શું કરું લઈ જઈને? રાખું થોડું અહીં નકામ,
થોડું લઈ જાઉં સંગાથ.'
કોઈ ધરે નહિ કાને
વાત એ તો મારી. 'દૈવજોગે કોણ જાણે
આની તેની પડે જરૂરત થતાં કદાપિ શેષ
સાંપડશે એ ક્યાંથી ત્યારે પારકે પરદેશ?
પાન, સોપારી, ચોખા ઝીણા, મગ લીલા કુંજાર;
રાખ્યા છે પેલી હાંડલીએ કટકાઓ બિચાર
ગોળપાપડી કેરા; થોડાં પાકાં નારિયેળ;
બે'ક બરણી રાઇ સરસવ કેરાં ઉમદા તેલ;
આમસત્ત્વ, આમચૂર, દૂધ બશેરેક ભર;
આ સહુ શીશીઓમાં છે વાટચાં ઓસડવેસડ;
હાંડલી ભીતર મીઠાઇ થોડી, દેશો ના વિસારી,
સોગન તમને શિરના મારા ખાજો એ સંભારી.'
જુગતિપુરણ વાતે વદવું લાગ્યું નિરર્થક–
ઊંચો ડુંગર જેવડો થયો સામાનનો ઢગ.
નાખી નજર ઘડીની સામે, કીધો દૃષ્ટિપાત
પછી ફરીને પ્રિયામુખે હું, ઊચર્યો હળવે સાદ:
'તો જઈ આવું.' કહેતાં વેંત જ મોઢું ફેરવી દઈ
માથું ઢાળી વસ્ત્ર-છેડલો લોચન સરસો લઈ
અમંગલ અશ્રુવારિને કરી લીધાં ગોપન.
બહારના દરવાજા પાસે બેઠી અન્યમન
ચાર વરસની દીકરી મારી, જેનું આડે દન
આટલે તો અટપાયું હોયે નાવણધોવણ;
બે'ક કોળિયા ખાય નહીં ત્યાં આંખો ભારે થાતાં
નીંદરી જાતી ભીડી દઈને; આજ એની માતા
જુવે ન તેની સામે; વેળા આવડી ચડી પણ
નહીં સ્નાન આહાર; છાયા સમી સારી ક્ષણ
વળગી મારી વાંસે વાંસે ઘૂમી એ રહી'તી,
મૂગી મૂગી ભાવભરી અનિમેષ ભાળી રહી'તી
વ્યવસ્થા વિદાય કેરી; થાકીપાકી ત્યારે
બહાર દ્વાર કને કો' જાણે ડૂબી શા ય વિચારે
બેઠી'તી ચુપચાપ બની એ. કહ્યું જ્યારે મેં એને,
'જઈ આવું, હોં મા!' ઊચરી એ વિષાદઘેરાં નેને
વિલાયા વદને, 'જવા નહીં દઉં હું તમને.'
બેઠી'તી એ ત્યાં જ રહી બેઠેલી દ્વાર કને,
ઝાલ્યો નવ હાથ મારો, અવરોધ્યાં ના બાર,
કેવળ એના હૈયા કેરો સ્નેહ-અધિકાર
કીધો પ્રદર્શિત: 'જવા નહીં દઉં હું તમને.'
તો ય રે થઈ ગઇ'તી વેળા, તો ય રે કમને
જવા દેવો પડયો!
અરે, દીકરી રે મૂઢ મારી,
કોણ તું તે? ક્યાં થકી તું કઈ શક્તિને ધારી
ઊચરી આવી વાત આવડી ધૃષ્ટતા ભરેલી,
'નહીં જવા દઉં હું તમને?' આ ચરાચરે, એલી,
કોને રે રાખીશ ઝાલી નાનકડા બે હાથે?
ગર્વિણી, સંગ્રામ તું તે કરશે કોની સાથે
ઘર કેરા આંગણિયે બેસી શિથિલ દુર્બલ દેહે,
લઇને કેવળ ટચૂકડા એ ઉરે ભરેલા સ્નેહે?
આર્ત હૈયા થકી અતિશય સંકોચે સંક્ષોભે
અંતરની આકાંક્ષા કેવળ વ્યક્ત કરવી શોભે
આ જગતે. માત્ર કહેવું રહે, 'જવા દેવા
ચાહું નહીં.' વેણ કોણ વદી શકે એવાં,
'જવા નહીં દઉં!' સુણી તારે શિશુમુખે
પ્રેમની પ્રબલ ગર્વવાણી સકૌતુકે

હાસ્ય કરતો લઈ ગયો સંસાર મુજને તાણી;
પરાભૂત તું તો માત્ર લાવી આંખે પાણી
રહી ત્યાં બેઠેલી દ્વારે પૂતળીની પેર,
પેખી ચાલ્યો આવ્યો લોચન લૂછી હું આ મેર.

જતાં જતાં મારગે વિલોકું બેઉ ધારે
શરદ ઋતુનાં ધાન્યક્ષેત્ર ઝૂકી અન્નભારે
માણી રહ્યાં તાપ; વૃક્ષમાલા ઉદાસીન
રાજમારગ-ધારે ભાળી રહેતી આખો દિન
પંડની છાયાની ભણી; વહેતી છલોછલ
સુવેગ ધારી શારદગંગા; આભર્લું ધવલ
માતૃદુગ્ધ થકી પરિતર્પિત સુખનીંદર ગુલતાન
સદ્યોજાત કૂણા ગભરુ ગોવચ્છ સમાન
નીલાંબરે લેટચું. ધીકતા ધોમ વિશે વણઢાંકી
દિગંત લગ વિસ્તરી પડેલી જુગજુગાંતરથાકી
ધરણી ભણી નિહાળીને નાખ્યો મેં નિશ્વાસ:
કેવા મહાદુખે મગ્ન સમસ્ત આકાશ!

સમસ્ત પૃથિવી! જાઉં જેટલે ય દૂર
સુણી રહું એકમાત્ર મર્માન્તિક સૂર:
'જવા નહીં દઉં તને હું, નહીં જવા દઉં!'
અવનીઆરેથી નીલાભ્રના આરા સહુ
નિનાદી રહ્યા સદા યે અનાદ્યન્ત રવે:
'જવા નહીં દઉં, જવા નહીં દઉં' સર્વે
ઊચરે, 'જવા નહીં દઉં.' તૃણ તુચ્છ અતિ
તેને યે વક્ષે વળગાડી માતા વસુમતી
પ્રાણ સાટે રટી રહી, 'જવા નહીં દઉં!'
આયુખૂટચા દીપકમુખે જ્યોત થતી જઉં જઉં,
કોણ તેને તિમિર-ગ્રાસથી રહેતું તાણી સાહી
કહીકહીને સો સો વેળા 'જવા દઉં નાહીં?'
અનંત આ ચરાચરે સ્વર્ગ-મર્ત્ય-વ્યાપી
સૌ થકી પુરાણી કહાણી, ગભીરું સઘળાંથી
ક્રન્દન 'જવા નહિ દઉં, જવા નહિ દઉં' હાય!
તો ય જવા દેવું પડે, તો ય ચાલ્યું જાય!
અનાદિ સમય થકી ચાલ્યું એમ જ આવે;
પ્રલય-સમુદ્રવાહી સૃજન-પ્રસ્રાવે
પ્રસારેલ વ્યગ્ર બાહુ તરસ્યાં લોચનવંતું
'નહિ દઉં રે, નહિ દઉં જવા' ચિલ્લાતું ચિલ્લાતું
જાય સઘળું ચાલ્યું તીવ્ર વેગે હડુડાટે
ભરી દઈ વિશ્વતટ આર્ત કલકલાટે.
આગેની ઊર્મિને વાંસેની વિચિ પોકારે,
'નહિ દઉં રે, નહિ દઉં જવા' કોઈ સુણે ના રે!
ન કો પ્રત્યુત્તર!

ચારે મેરથી આ વારે
રહ્યુ રે સંભળાઈ વણથંભ્યું કાને મારે
ક્રન્દન કરુણ એ જ વિશ્વમર્મવેધી
મારી કન્યકાના કંઠસ્વરે—શિશુ જેવી
વિશ્વની અબોધ વાણી. દીર્ઘ સમેથી
પામે જેને તેને એ તો ખોય તો ય એથી
થઈ શિથિલ ના મુઠ્ઠી એની, તો ય અવિશ્રાંત
ચાર વરસ કેરી એ જ કન્યકા સમાન
આણકચરાયા પ્રેમગર્વે કહે એ પોકારી:
'નહીં જવા દઉં.' મુખ મ્લાન, ચખે વારિ,
ક્ષણે ક્ષણે પળે પળે તૂટતો ગરવ,
તો ય પ્રેમ કશાથી ન માને પરાભવ—
તો ય શિર ઉઠાવી કહે કંઠે રૂંધાયેલા,
'નહીં જવા દઉં!' હારે જેટલી ય વેળા
વદે સર્વે વેળા, 'ચાહે જેને મારું ઉર
જઈ શકે શું કદી યે તે મારા થકી દૂર?
મારી મહાકાંક્ષા સમું આવું તલસંત,
સર્વ થકી શ્રેષ્ઠ આવું, આવું રે અનંત,
છે એવું પ્રબલ અન્ય કશું ય ત્રિલોક?'
એમ કહી સદર્પે એ પોકારે છડેચોક,
'નહીં જવા દઉં!' જોવા પામે રે એ ત્યાંય
નમાલી નિઃસાર ધૂલિ પેઠે ઊડચું જાય
એક જ નિશ્વાસે એનું મહામૂલું ધન;
જાય ગળી અશ્રુજળે બેઉ રે નયન!
છિન્નમૂલ તરુ સમ ઢળે ધરાખોળે
હતગર્વે નતશિર! તો ય પ્રેમ બોલે,
'—વિધિ તણા સત્યનો ન થાય અતિચાર,
પામ્યો છું હું એનો સ્વાક્ષર દીધો અંગીકાર
ચિર અધિકાર-લેખ.' એથી છાતી કાઢી
સર્વશક્તિ મરણના મુખની અગાડી
ઊભીને એ તનુલતા ક્ષીણ સુકુમાર
ઊચરે: 'મૃત્યુ તું નથી!' એવા ગર્વોદ્‌ગાર.
હસે મૃત્યુ બેઠું બેઠું. મરણે સંતાપાયો
એ જ ચિરંજીવ પ્રેમ રહેલો છવાયો
અનંત આ સંસારે દુખી દગધારે ઝૂકેલ
અશ્રુબિંદુ સરીખો, ક્ષુબ્ધ આશંકા ભરેલ
સદાય ડામાડોળ! આશા હતાશ થાકી હારી
ઔદાસ્ય-ધૂમસ એક રહંતી પ્રસારી
વિશ્વે આખે. આજે જાણે ચડે છે નયને
બાહુ બે અબોધ ફલવિહોણા બંધને
વીંટળાઇને પડ્યા છે નિખિલ ઘેરીને
સ્તબ્ધ ને સંભ્રાંત! નિર્ઝર કેરા ચંચલ નીરે
અંકાઇ રહી છે એક અચંચલ છાયા
અશ્રુવૃષ્ટિ ભર્યા કયા મેઘની એ માયા!

એથી જ આજે તરુ-મર્મરાટે શ્રવી રહ્યો
આવડી વ્યાકુળતા! નિરુલ્લાસ નવરો નવરો
ધીકેલો મધદિનનો વાયુ ખેલે અમથો અમથો
લઇને સૂકાં પાન. ધીરે વેળા વહી જાય
અશ્વત્થ હેઠે પ્રસારી દીર્ઘતર છાંય
વરવા સૂરે વિલપે જાણે અનંત કેરી વંશી
વિશ્વના વગડાને વિશે, સુણતી વેરાગણ શી
વસુંધરા છે બેઠી છુટ્ટા વિખરાયેલા કેશે
સુદૂર વ્યાપી ધાન્યક્ષેત્રે જાહ્નવી-તીર પ્રદેશે
લખલખંતો પીળો એક હિરણ્ય અંચલ
વક્ષ ઉપરે તાણી લઇને; લોચન દ્વય અચલ
મગ્ન નીલાંબરે દૂર, વદને નહીં વાણ.
અવલોકચું એનું રે મેં તો એ જ મુખડું મ્લાન
એ જ દ્વારપ્રાન્તે લીન મર્માહત વિમૂઢ
ચાર વર્ષ કેરી એ મારી કન્યકા સમું જ!

('શોનાર તરી'માંથી)

નવી પેઢીને : 'કુમાર'ના વાચકોના પ્રિય અને પરિચિત લેખક અને યુવાનોના ઉમદા રાહબર ફૉ.ફાધર વાલેસના વિદ્યાર્થી યુવકોને પ્રેરણા આપતા ઉદ્‌બોધાત્મક અને રસસભર્યા લેખોનો કાકાસાહેબ કાલેલકરના પુરોવચન સાથેનો સંગ્રહ. પૃ. ૧૩૩, કાચું પૂઠું, રૂ. ૨.

સદાચાર : ફૉ. ફાધર વાલેસના વિદ્યાર્થીઓને નૈતિક માર્ગદર્શન આપતા, અગાઉ પ્રસિદ્ધ થઈ લોકપ્રિય નીવડેલા પુસ્તકની 'સરળ ને ઉદાહરણ સમૃદ્ધ' શાલેય આવૃત્તિ પૃ. ૧૫૮, કાચું પૂઠું રૂ. ૨.

વ્યક્તિઘડતર : યુવાનોને વ્યક્તિઘડતરમાં માર્ગદર્શક થઈ પડે એવા ઉપદેશપ્રધાન છતાં શૈલીની સરળતા ને તાજગીના લીધે આહ્‌લાદક લાગતા પ્રેરણાગુરુ ફાધર વાલેસના લેખોનો સંગ્રહ પૃ. ૧૮૩, કાચું પૂઠું, રૂ ૨-૭૫.

સંસારસાધના : સંસારમાં રહીને પણ માનવી નિર્મળ હૃદયનો, પ્રામાણિક, સમભાવી ને સુસુખી કેવી રીતે બની શકે એ નિર્દેશતા, ફાધર વાલસેના પ્રબોધક લેખોનો સંગ્રહ. પૃ. ૧૧૩, કાચું પૂઠું, રૂ. ૧-૭૫.

ગાંધીજી અને નવી પેઢી : ગાંધીજીનાં લખાણોમાંથી નવી પેઢીને પ્રેરણાત્મક થઈ પડે એવાં અવતરણો લઈ તૈયાર કરેલા ઉદ્‌બોધનાત્મક લેખોનો સંગ્રહ. લે. ફાધર વાલેસ પૃ. ૧૨૨, કાચું પૂઠું. રૂ. ૨.

બાપુજીના જીવનમાંથી ભા. ૧થી૪: ગાંધીજીનાં અંતેવાસી શ્રી મનુબેન ગાંધીએ લખેલાં રાષ્ટ્રપિતાના જીવનની અજ્ઞાત પણ પ્રેરણાદાયી ઘટનાઓનો એમના વ્યક્તિત્વનો નિકટનો પરિચય આપતો સંગ્રહ-પુસ્તિકાઓ રૂપે, કાચું પૂઠું, પૃ. દરેકનાં ૪૮, કિંમત દરેકના ૭૫ પૈ૦।

સંસ્કૃતમાં સાહિત્યપ્રકાર : ઉદાહરણ સહિત

સંકલન · ગૌતમ પટેલ

કાવ્ય

- **દશ્ય કાવ્ય**
  - **રૂપકો**
    - નાટક : અભિજ્ઞાનશાકુંતલ
    - પ્રકરણ : મૃચ્છકટિક
    - સમવકાર : અમૃતમંથન
    - ડીમ : ત્રિપુરાદાહ
    - ઈહામૃગ : માયાકુરંગ
    - વ્યાયોગ : મધ્યમવ્યાયોગ
    - અંક : શર્મિષ્ઠા-યયાતિ
    - પ્રહસન : લટકમેલક
    - ભાણ : શૃંગારમંજરી
    - વીથિ : ઇન્દુલેખા
  - **ઉપરૂપકો***
    - નાટિકા : રત્નાવલિ
    - ત્રોટક : વિક્રમોર્વશીય
    - ગોષ્ઠિ : રૈવતમદનિકા
    - સટ્ટક : કર્પૂરમંજરી
    - નાટ્યરાસક : વીણાવતી
    - પ્રસ્થાન : શૃંગારતિલક
    - ઉલ્લાપ્ય : દેવીમહાદેવ
    - કાવ્ય : યાદવોદય / પ્રેખણ : વાલિવધ / રાસક : મેનકાહિત / સંલાપક : માયાકાપાલિક / શ્રીગદિત : ક્રીડારસાતલ / શિલ્પ : કનકાવતી-માધવ
    - વિલાસિકા : ? / દુર્મલ્લિકા : બિન્દુમતી / પ્રકરણિકા : ? / હલ્લીશ : કેલિરૈવતક / ભણિકા : કામદત્તા
- **શ્રાવ્ય કાવ્ય**
  - **ગદ્ય**
    - કથા : કાદંબરી
    - આખ્યાયિકા : હર્ષચરિત
    - ખંડકથા : ?
    - પરિકથા : ?
    - કથાનિકા : ?
  - **પદ્ય**
    - મહાકાવ્ય : રઘુવંશ
    - ખંડકાવ્ય : મેઘદૂત
    - મુક્તક : નીતિશતક
  - **ગદ્યપદ્યમય કાવ્યો**
    - ચમ્પૂ : નલચમ્પૂ
    - વિરુદ : વિરુદમણિમાલા
    - કરંભક : પ્રશસ્તિરત્નાવલિ

* 'સાહિત્યદર્પણ' ૧૮ ઉપરૂપકો ગણાવે છે. તે ઉપરાંત અન્ય અલંકારગ્રંથોમાં મળતાં ઉપરૂપકો નીચે પ્રમાણે છે : નર્તનક, ભાણ, ડોમ્બી, મલ્લિકા, કલ્પવલ્લી, પારિજાતક. 'નાટ્યદર્પણ' ૧૪ અને 'ભાવપ્રકાશન' ૨૦ ઉપરૂપકો ગણાવે છે. વિશ્વનાથ મુજબ કેટલાક 'વિલાસિકા'ને 'દુર્મલ્લિકા'માં અંતર્ગત માને છે.

[આ જ રીતે સંસ્કૃત કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, વ્યાકરણ, દર્શન, ન્યાય આદિના ગ્રંથોની સારણી આવકારીશું]

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર મ. રાવળનું આત્મકથાનક-૮૮

૪૩૩ ભાવનગરમાં ઈન્ફ્લ્યુએન્ઝા

ભાવનગર પહોંચી જોયું તો અમારા ઘરનો ઠાઠ બદલાઈ ગયો હતો. મારું કુટુંબ હવે તો શહેરના અમારા શેરડીપીઠના ડહેલામાં રહ્યું હતું, પણ પિતાશ્રીનો હોદ્દો ભાવનગર દરબારના મુખ્ય ઑફિસરો બરોબરનો હતો એટલે ઘર આગળ પટાવાળા, કારકુનો અને વેપારીઓની અવરજવર વધી હતી. નજીક દરબારગઢમાં જ બૅન્કની કચેરી હતી એટલે જવાઆવવાના વાહનની કશી જરૂર નહોતી. આમે ય પિતાશ્રી સાદાઈને ચાહનારા; અને અધિકારનો જરા ય દિમાગ બતાવ્યા વિના આવતાંજતાં મહોલ્લાનાં માણસોને ઓળખી બોલાવતા. બજારમાં જૂનાં-નવાં સગાં-મિત્રો અને વેપારીઓના આત્મીય જન જેવા બની ગયા હતા. પોતાના વતનની સેવા કરવાની આ તક મળી તે પહેલાં મહોલ્લામાં પરદેશીની જેમ આવીને જે જતા રહેતા તેમને હવે મહોલ્લાનાં સર્વ જન સન્માન આપતાં જણાયાં.

વર્ષોથી ચાલતા યુરોપી યુદ્ધે લોકોને ખોખરા કરી નાખ્યા હતા. નાણાં અને પદાર્થોની તંગી જણાતી હતી અને ભાવો પણ વધતા જતા હતા. અમેરિકા યુદ્ધમાં જોડાયા પછી યુદ્ધના સમાચારોમાં લોકોનો રસ વધ્યો હતો તેથી સમાચારપત્રો સાંભળવાની વૃત્તિ સૌમાં તીવ્ર બની હતી. અમારા મહોલ્લામાં કેટલાક જુવાનો મુંબાઈનાં છાપાં સાંજની ટપાલમાં આવતાં તે સાથે રાખી એક ફાનસ લઈ વચ્ચેના મોટા ચોકમાં એકઠા થતા અને ઘણાં ઘરમાંથી ઘરડા, મોટા અને તરુણો સમાચારો સાંભળવા ભેગા થતા. એવામાં યુદ્ધનાં વળતાં પાણી થવા લાગ્યાં છેવટે ૧૯૧૯ના નવેમ્બરની ૧૧મીએ જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી અને કંઈક નવી પરિસ્થિતિ સરજાઈ. પણ યુદ્ધમાંથી એક ત્રાસદાયક ઉપદ્રવ પૃથ્વી ઉપર કાળા વાદળ રૂપે ત્રાટક્યો. તે 'ઈન્ફ્લ્યુએન્ઝા'!

પ્લેગ ચા મરકીની વાતો હવે વીસરાઈ ગઈ હતી. આમાં તો જેનેતેને તાવ આવે, ને ભારે કફથી શરીર ભરાઈ જાય. ને અંગ તૂટે અને છાતી ભીંસાય. ભારે શેક અને દવાઓ કર્યા છતાં પણ બચવાની આશા રહેતી નહિ. અત્યાર સુધી કફના વ્યાધિને ડૉક્ટરો ઑન્કાઈટિસ ગણતા. છાતીમાંના કફને 'ફ્લ્યુ' કહેતા અને તે દવાથી, ઉકાળાથી કે શેકથી પાકી જાય એટલે કફના ભારે લોચા છૂટા પડી નીકળી જતા. દરદીના લોહીમાં જ એ વિકાર થતો એટલે પછી નબળાઈ અને અશક્તિ ઘણા દિવસ રહેતાં. પણ આ વ્યાધિ તો તેનો કોઈ દાદો આવ્યો હોય એવો ભયાનક નીવડ્યો! હું પણ તેમાં સપડાયો અને મારા વડીલો અને કુટુંબીઓના ઉજાગરા તથા સેવાથી માંડ ઊગરી ઊભો થયો. ઘેર ઘેર ખાટલા પડેલા ને કેટલાકને ઉપચારની યે સગવડ નહિ, પણ ત્યારે માણસોમાં પરસ્પર સહાય કરવાની વૃત્તિ જાગેલી જોઈ. એકલ સગાં-વહાલાંને ત્યાં કોઈ ને કોઈ બહેન, ભાઈ કે તરુણ પહોંચી જતાં અને રાત આખી શેક ને સહાય આપતાં. એવે વખતે બીમારોની લાચારી અને આભારવૃત્તિ કરૂણાનું જ આહ્વાન કરાવતી.

૪૩૪ સામાજિક સંકટો

સ્મશાનોમાં મડદાં બળતાં ચાલુ જ હોય. ન્યાતોમાં તો રોજ એકાદ ઘરના ડાઘુ બની જવાનું આવે જ. એવા યે દાખલા બન્યા કે શબ ઉપાડી જનારા ત્રણ ત્રણ દિવસ સુધી મળેલા નહિ. એક ગરીબ બાઈ સહાયકો નહિ મળતાં પતિના શબને લારીમાં નાખી સ્મશાને લઈ ગએલી. બ્રાહ્મણ જ્ઞાતિમાં તો કાંધિયાઓએ સ્નાન કરી મુગટા પહેરી શબને સ્મશાને લઇ જવાનો રિવાજ હતો, તેથી ઘણાની દુર્દશા ટાળવા મારા પૂજ્ય શ્રી દેવ મહારાજે નિરાધાર બ્રાહ્મણશબ હોય ત્યાંથી તેને યોગ્યરીતે સ્મશાને પહોંચાડવા બ્રાહ્મણ યુવાનોની એક ખડી સેના બનાવી. પોતે લોકોનાં દુઃખ જોઈ પંચકેશ રાખ્યા, સીવેલાં કપડાં ત્યાગ્યાં અને જોડાની પંચાત નહતી હોઈ ઉઘાડે પગે વિચરવા લાગ્યા હતા. એમની તત્ત્વજ્ઞાની તરીકે ખ્યાતિ તો હતી પણ આ સક્રિય સેવાકાર્યથી સર્વના વંદનીય ઠર્યા.

કહેવાય છે ઈન્ફ્લ્યુએન્ઝાનો જન્મ યુરોપની રણભૂમિ ઉપર થયો હતો. સંહારક ગૅસ માણસોનાં ગળાંમાં ઠસી જતો. એ ઉપદ્રવે ઈસ્પિતાલમાં તેનું આ સ્વરૂપ પ્રકટ કર્યું ને તે એટલો ચેપી નીવડ્યો કે તેના દરદીની શુશ્રૂષામાં રહેનારાં પણ તેનો ભોગ બનવા લાગ્યાં. તે હવાની જેમ પ્રસરી ગયો. અને વિશ્વભરમાં રાડ બોલાવી. કહેવાય છે કે યુદ્ધ ક્ષેત્રમાં મર્યા તે કરતાં ય વધુ ભોગ આ ઉપદ્રવે ભરખ્યા.

૪૩૫ વિશ્વયુદ્ધની સમાપ્તિ

મ્યૂઝ નદીના કાંઠે વર્દુ (Verdun) ફ્રાન્સનું સૌથી મજબૂત કિલ્લા-થાણું હતું. ફ્રેન્ચો તેમાં ઘેરાઈ ગયા હતા. એ વર્દુ જીતવા ઉપર જર્મન પાટવી કુંવરને એટલો બધો વિશ્વાસ હતો કે તેણે તેના બાપ કૈસરને સંદેશો મોકલી દીધો કે આપના જન્મ-દિવસે હું આપને વર્દુની ભેટ કરીશ. પણ ત્યાંથી જ વિજયનો વાવટો ઊલટાયો. મિત્ર રાજ્યોનાં સૈન્યોમાં હતાશા વ્યાપી હતી કે જર્મન લશ્કરની સરસાઈ થઇ શકે એમ નથી, પણ અમેરિકન લશ્કર તાજા સૈનિકો સાથે આવી પહોંચ્યું તેણે જર્મન લશ્કરને સંયુક્તબળે પાછું હઠાવ્યું. પછી તો એક પછી એક તેની હરોળ તૂટવા માંડી. ઑગસ્ટમાં બ્રિટિશે જર્મન સેના તોડી અમીન્સ આગળ સખત હાર આપી. ઑગસ્ટની આઠમીએ તો જર્મનીના ભુક્કા બોલી ગયા. જર્મનો માટે તે દિવસ કાળ-દિવસ બન્યો. જર્મની ખતમ થઈ ગયું. તેના લશ્કરમાંથી લડવાનો દમ ખલાસ થયો ને પશ્ચિમના મોરચા (વેસ્ટર્ન ફ્રન્ટ) પર સર્વ ઠેકાણે પાછું પડ્યું. તેનાં સાથી ઈટલી અને ઑસ્ટ્રિયાની સેના છિન્નભિન્ન થઈ ગઈ. બલ્ગારિયામાં બળવો થયો ને સુલેહ માગી. તુર્કી ઑક્ટોબરમાં શરણ થયું. ઑસ્ટ્રોહંગેરી નવેમ્બરમાં નમી પડ્યું. જર્મન નૌકાસેનાને છેવટના સામના માટે આગળ લાવવાનો પ્રયત્ન થયો પણ ખલાસીઓએ બળવો કર્યો.

કૈસર અને તેનો પાટવી શાહજાદો ગુપચુપ કંઈ પણ દેખાવ વિના હૉલૅન્ડમાં નાસી છૂટ્યા. જર્મન સેનાપતિએ બિનશરતી સુલેહ માગી અને કરાર પર સહી કરી. યુદ્ધ સમાપ્ત થયું. ઈ. ૧૯૧૮ નવેમ્બરની ૧૧મીએ તોપો શાન્ત બની ગઈ. એ દિવસ વિશ્વ-શાંતિ-દિન ઠર્યો. યુદ્ધને અંતે તેની રાખોડીમાંથી ચેકોસ્લોવાકિયા, યુગોસ્લાવિયા, ફિનલૅન્ડ વગેરે યુરોપનાં નવાં નવાં રાજ્યો સરજાયાં.

૪૩૬ વિજેતાઓની મુત્સદ્દીગીરી

આ યુદ્ધે માનવ-સહનશીલતા અને પરાક્રમોની કપરી કસોટી કરી હતી. જીવનનાં પુરાતન મૂળિયાં સાફ કરી નાખ્યાં હતાં. હુંકાર ગજાવતું જર્મની છેવટે હાર્યું. સુલેહની શરતોમાં તેની પાંખો હણાઈ ગઈ. યુદ્ધ-મિત્રોમાં પરસ્પર ચોખવટો અને સમાધાન થયાં નહોતાં, છતાં અમેરિકાના આવવાથી દુશ્મનો અને પક્ષકારોને તેના આદર્શો નજરમાં રાખવા પડ્યા: 'માનવજાતના સંયુક્ત અભિપ્રાયથી જ રાજ્યો ચાલે,

ન્યાયનું શાસન થાય, કોઈનો ભેદ કરવામાં ન આવે, નાની-મોટી પ્રજાઓ સ્વશાસનનો અધિકાર તથા સ્વતંત્રતા પામે અને ભોગવે.' આ સિદ્ધાંતોના પાલન માટે 'લીગ ઑવ નેશન્સ (રાષ્ટ્રસંઘ)'ની સ્થાપના થઈ.

પણ ઇંગ્લંડના પીઢ મુત્સદ્દી લૉઈડ જ્યૉર્જ ને ફ્રાન્સના ક્લેમનશૉએ અમેરિકાના ભલાભોળા પ્રેસિડેન્ટ વિલ્સનને ભ્રમમાં નાખી ઘણી અનુકૂળતાઓ મેળવી દીધી. જર્મનીની લૂંટમાં ઘણા મુલકો તેમણે મેળવ્યા. અન્ય દેશોને ભારે બાંધછોડ કરવી પડી. નવી સરહદો થઈ. પ્રજાઓની સેળભેળ થઈ. જર્મની માટે લશ્કરની એક લાખની મર્યાદા મુકાઈ. તેની ચારે તરફની સરહદ કપાઈ. તેનો દરિયાઈ કાફલો બ્રિટનને સોંપી દેવો પડ્યો. તેના વર્ચસ્વ હેઠળનાં સંસ્થાનો જેવાં કે બેલ્જિયમ, પોલાંડ અને ચેકોસ્લોવાકિયા આઝાદ બન્યાં. જર્મનીને યુદ્ધનું ગુનેગાર ઠરાવી પદભ્રષ્ટ કૈસર ને બીજા યુદ્ધખોરોને મિત્રરાજ્યોને સ્વાધીન કરવાની વગેરે બાબતો કાગળ પર રહી, પણ વિજેતાઓની શરતો ઉપર રહી. ભારતમાં પણ નવી આશાઓ જન્મી હતી.

૪૩૭ મારી મૂંઝવણો અને આશાઓ

મેં અભ્યાસ પતાવી દીધો હતો. ધંધાનાં કામો શોધતો હતો, પણ ભાવનગરમાં મારું શું ઉપજણ? પિતા મોટા અધિકારી, એટલે રાજ્યના મંડળમાં પણ મારો પરિચય બહુ શોભારૂપ ન બને. સર પટ્ટણી પોતાની આણમાં આવેલા યુવાનોને યુરોપમાં તાલીમ અર્થે સ્કૉલરશિપો આપવા વિચારતા હતા. મેં મારા પિતાશ્રી પાસે દરખાસ્ત મૂકી કે મને એક વરસ માટે લંડનની અકાદમીમાં જવાની તક મળે તો હું કંઈ પ્રતિષ્ઠાપૂર્ણ કામ કરી બતાવું. તેમનો સ્પષ્ટ જવાબ મળ્યો: 'હું કોઈને મારા છોકરા માટે કહેવા ન જ જઇ શકું.' એટલે એ દિશા બંધ થઈ ગઈ. મારે તો મારો વ્યવહાર કુટુંબની છાયામાં જ પાર પાડવાનો રહ્યો.

એવામાં મુંબાઇથી મારા મિત્ર ચૂનીભાઈ ઘોડીનો પત્ર આવ્યો કે પોતે હવે નિવૃત્ત થવા માગે છે, ને જો હું જલદી મુંબાઈ જાઉં તો મને તેમની જગ્યાએ ગોઠવી દેવા તજવીજ કરશે મારે માટે મુંબાઈમાં રહું છું એમ રહેવા સાથે નિરાંતની આવકવાળી મોભદાર નોકરી મળી જાય તે સોનેરી સ્વપ્નું હતું. એ વાત મેં મારા પિતાશ્રી પાસે મૂકી તે તેમણે સ્વીકારી. મારાં બહેન માટે કંઈક સ્વાશ્રયવાળો અભ્યાસ કરાવવાની વૃત્તિ હતી. મેં પૂનાના કર્વે આશ્રમની વાત કરી તે એમને ગળે ઊતરી ગઈ, અને તેને પૂના સુધી લઈ જઈ કર્વેના આશ્રમ બાબત પરિચય અને માહિતી મેળવવા મારી સાથે મુંબાઈ મોકલવા સૂચના કરી. આ બાબતમાં મને પણ એક બીજી અનુકૂળતા દેખાઈ: મારાં પત્નીને સુવાવડ માટે ભાવનગર રોકાવાની જરૂર હતી.

દર કાર્તિકી પૂર્ણિમાએ ગુરુપૂજન માટે મારા પિતાશ્રી નિયમિત પણે બીલખા આનંદાશ્રમે જતા. આ વેળા હું પાસે હતો એટલે મને પણ મુંબાઈ જતાં પહેલાં સાથે લીધો. બીલખાનો ઉત્સવ યથાવત્ આનંદથી માણીને વળતાં શ્રી હરિલાલ ભટ્ટને મળી સ્કૉટસાહેબના પેઇન્ટિંગની વાતની યાદ આપી. તેમણે કહ્યું: 'ચિત્ર માટે ફાળો તો થઈ ગયો છે પણ તમારા માટે કંઈ કરવામાં હું ફાવી શકું તેમ લાગતું નથી. બે જૂના પીઢ આર્ટિસ્ટોએ આ કામ માટે માગણી કરી છે: એક છે વઢવાણના જાની નાનાલાલ અને બીજા છે મુંબાઈના મિ. લાલકાકા. અમે ૧૨૦૦ રૂપિયા સુધી ખર્ચ કરવા માગીએ છીએ; લાલકાકા બે હજાર માગે છે. નાનાલાલ માટે વકીલ કૃપાશંકર ખૂબ સિફારસ કરે છે. તે કહે છે કે તમે હજુ નાના વિદ્યાર્થી છો. એમની સામે શી દલીલ કરું તો તમારી યોગ્યતા સિદ્ધ થાય?'

મેં તરત કહ્યું: 'યોગ્યતાની વાતમાં હું સરસાઈ કરવા તૈયાર છું. આપ સ્કૉટસાહેબને જ પૂછો કે તસ્વીર ફોટોગ્રાફ ઉપરથી થાય તે ઠીક કે માનવીના સીધા દર્શન પરથી (life ઉપરથી) થાય તે ઠીક. હું લાઈફ (ખુદ માનવી) ઉપરથી કરવાની હામ રાખું છું. મારી ધારણા પ્રમાણે યુરોપિયનો life paintingને શ્રેષ્ઠ ગણે છે.' પ્રો. ભટ્ટ ખુશ થયા અને કહ્યું કે, 'તમને હું મુંબાઈ લખી જણાવીશ. હાલ તમે તમારી દરખાસ્તવાળી માગણી મૂકો.' હું પણ મારા છેલ્લા દાવથી ખુશ થયો.

૪૩૮ ફરી મુંબાઇને આશરે

નવેમ્બર તા. ૨૯ની રાત્રે બહેન તથા મોટા પુત્ર નરહરને લઈ હું મુંબાઈ પહોંચ્યો. ચૂનીભાઈ ઘોડી રજા પર જવાના હતા અને મને તેમની જગ્યા પર ગોઠવવાના હતા તેથી જ ત્વરા કરી આવ્યો; પણ મિત્ર ચૂનીભાઈનું કંઈક અચોક્કસ ખાતું ખરું. ધારેલો હેતુ બાજુ રહ્યો અને ફરી ધંધાનું જોતરું ગળામાં નાખ્યું.

પહેલું કામ તો મારાં બહેનને પૂનાનો કર્વે આશ્રમ બતાવવાનું હતું, પણ ડિસેમ્બરની શરૂઆતથી જ શરીર અસ્વસ્થ હતું. જેમતેમ પરચૂરણ કામકાજ કરી વખત વિતાવ્યો. છેવટે પુનાથી બચુભાઇ મૂળાણીનો આગ્રહપૂર્ણ પત્ર આવ્યો એટલે ૨૯મી ડિસેમ્બરે બહેન અને બાળકને લઈ પૂના પહોંચ્યો. ત્યાંના પ્રદેશની રમણીયતા જોઈ મનને ખૂબ આનંદ થયો. ચારે તરફ દૂર દેખાતા પહાડો વચ્ચે ફળઝાડો અને ફૂલોના ક્યારાઓવાળો વિશાળ આશ્રમ અને સ્વતંત્ર રીતે વિહાર કરતી બાલિકાઓ અને મહિલાઓનાં મંડળ જોઈ કોઈ નવી જ સૃષ્ટિ લાગી. પણ આટલે દૂર નવીન રીતભાત વચ્ચે બહેનને અધ્ધર મૂકી જવા મારું મન માન્યું નહિ. ઉપરાંત મારી છાતીમાં અને ડાબી પાંસળીઓ પર દુખાવો જણાયો, એટલે જેમતેમ મક્કમ બની બીજી જાન્યુઆરી ૧૯૧૯ના રોજ હિંગણેના આશ્રમથી નીકળી આવ્યો. પૂના આવીને બલ્લુકાકા (બળવંતરાય ઠાકોર–બ.ક.ઠા.)ને ત્યાં બપોરની ગાડી સુધી વિશ્રાન્તિ લીધી. તે વખતે સ્વ. બલ્લુકાકાએ દર્શાવેલું વાત્સલ્ય સદાય મનમાં વસી ગયું. તે દિવસથી તેમણે મને આત્મીય જનોમાં સ્થાન આપ્યું. બચુભાઈએ મને પૂનાની શાકમારકીટ બતાવી. ત્યાંથી મેં મોટાં મીઠાં લીંબુ લીધાં. એવાં સસ્તાં ને મોટાં લીંબુ મેં ફરી જોયાં નથી. પૂનાના પ્રદેશમાં બધું લીલુંછમ હતું, પણ હું મારી અસ્વસ્થ હાલતને કારણે સ્વપ્નસ્થની જેમ ગાડીમાં રાત્રે મુંબાઈ ભેગો થયો.

મુંબાઈ આવીને ખૂબ હેરાન થયો. આખો જાન્યુઆરી માસ પડખાનો દુઃખાવો અને સખત કબજિયાતની ફરિયાદ રહી. જુગતરામ (ઝંડુ ભટ્ટ)ની દવાથી પડખાનો દુઃખાવો તો મટ્યો (તે સૂકી પ્લૂરસી જ હશે એમ આજે યાદ કરી કહી શકું), પણ આંતર-શુદ્ધિ થઈ નહિ.

૪૩૯ સંજોગો બદલાયા

એ અરસામાં એક દિવસે જૂનાગઢથી પ્રો. હરિલાલભાઇ ભટ્ટનો પત્ર કમિટીના ચેરમૅન તરીકે આવ્યો કે 'સ્કૉટસાહેબ પોતાની તસવીર લાઇફ (પંડ) ઉપરથી જ પસંદ કરે છે. તે બાબતમાં નાનાલાલ પાછા હઠી ગયા છે અને લાલકાકા તો મુંબાઈમાં જ સિટિંગ (બેઠક) આપે તો જ કરવા તૈયાર છે, એટલે સહજ તમારા પર આ કામ આવ્યું છે. માટે જોઈતી તૈયારી કરી વહેલી તકે અહીં આવો. જૂનાગઢમાં મારે ત્યાં જ તમારા રહેવા-જમવાની સગવડ થશે.... વગેરે.'

મારે હવે આ નવા પ્રસ્તાવને આવકારી જ લેવાનો હતો. મુંબાઈ છોડવાની કોઈ તકનું હું ધ્યાન જ ધરી રહ્યો હતો એટલે મિત્રોને જણાવી દીધું કે સ્કૉટની તસવીરનું કામ પાર ઉતારી હું મુંબાઈનો નિવાસ ઉઠાવી લઈશ. એવામાં મારા કાકાના પુત્રના લગ્નની કંકોતરી આવી. મારાં બહેન હવે વહેલાં ભાવનગર જઈ રાજકોટની ફીમેઈલ ટ્રેઇનિંગ કૉલેજમાં દાખલ થઇ જવા ઇંતેજાર હતાં. (ચાલુ)

ડૉક્ટર આવતાં પહેલાં [૨૬] **સારણગાંઠ, ચૂંક, બેભાનાવસ્થા, ફેફરું અને હિટ-સ્ટ્રોક વગેરેમાં**

પ્રાથમિક સારવાર

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સારણગાંઠ

પેટની માંસપેશીઓના નબળા સ્થાનેથી માર્ગ કરી આંતરડાંનું ગૂંચળું નીચે ખસી આવે એ સારણગાંઠ (હર્નિયા) છે. ક્વચિત ડૂંટીના સ્થાને પણ એ દેખાય છે. ભારે વજન ઊંચકતાં, જોસથી ઉધરસ ખાતાં, દસ્ત વખતે કરાંઝતાં, ચાલતાં પગ ઠબકાતાં કે કૂદકા મારતાં ઓચિંતી સારણગાંઠની દડબ થઈ આવે છે.

સૂઈ જવાથી આંતરડાં પેટની બખોલમાં જતાં રહી સારણગાંઠની દડબ અદશ્ય થાય છે. પણ રોગી ઊભો થાય કે દડબ દેખા દે છે. નીચે ખસેલાં આંતરડાં પાછાં ન વળે એ સ્થિતિને 'સ્ટ્રેન્ગ્યુલેટડ હર્નિયા' કહેવામાં આવે છે. આ વખતે પેટમાં અસહ્ય વેદના થાય છે અને જો આ સ્થિતિ ચાર-છ કલાક સુધી કાયમ રહે તો જીવ જોખમમાં પણ આવી પડે છે.

સારણગાંઠ ઊતરી પડે ત્યારે એકદમ દાક્તરને બોલાવવા. રોગીને સુવાડવો. તેની પૂંઠ નીચે બે ઓશિકાં મૂકવાં જેથી ખડ અને માથું નીચાં રહે. ઘૂંટણ વાળી દેવા જેથી પેટની દીવાલ ઢીલી પડે. સાધારણ કિસ્સામાં તો આંતરડાં પેટમાં પાછાં જતાં રહેશે. આ સમયે સારણગાંઠની દડબ ઉપર બરફ ઘસવાથી આંતરડાં જલદી પાછાં ખસે છે.

ચૂંક

પેટમાં અમળાતી તીવ્ર વેદના એ ચૂંક છે. કોઈ પણ વેદનાની જેમ આ રોગ નથી, પણ રોગનું ચિહ્ન છે. ઍપેન્ડિસાઇટિસ, પિત્તની પથરી, અન્નવિષ કે મૂત્રમાર્ગની પથરી વગેરેને લીધે ચૂંક આવે છે. થોડો કે વધારે વખત ચાલુ રહેતી ચૂંક વખતે ઘરના ઉપચાર કદી ન કરવા. ઘરના ઉપચારોમાં હિંગ, અજમો, હિંગાષ્ટક ચૂર્ણ વગેરે ફાકવામાં આવે છે અગર તો પેટ ચોળવામાં આવે છે. આ ઉપચારો ઘણી વાર ખતરનાક પણ નીવડે છે. માટે વેળાસર દાક્તરી મદદ લેવી.

બંધકોષ કે પેટ ને હોજરીમાં થએલા વાયુથી ધાવણા બાળકને ચૂંક આવે છે. બાળકને બોલતાં તો નથી આવડતું પણ તેના ચેનચાળા પેટની ચૂંક જાહેર કરનારા છે. આ વખતે બાળક રડે છે ખરું, પણ આંખમાં આંસુ નથી હોતાં અને પેટ ઉપર જાંઘ આવે એવી રીતે બંને ઘૂંટણ ઊંચાં કરે છે. ધાવતી વખતે બાળકની હોજરીમાં ગએલી હવા બહાર કાઢવા માટે ધવડાવ્યા બાદ બાળકને ખભા ઉપર લેવું અને તેની પીઠ ઉપર ધીમેથી હાથ થાબડવો, જેથી પેટમાં ગએલી હવા બહાર નીકળી જશે. પેટ ઉપર હિંગ ભરવી, હરડે-સંચળનો ઘસારો પાવો. છતાં પણ ચૂંક ન મટવાથી બાળક રડતું હોય તો વૈદ્ય-દાક્તર પાસે જવું.

યુવાવસ્થામાં પેટમાં ચૂંક આવવાનું એક કારણ ઍપેન્ડિસાઈટિસ હોઈ શકે છે. મોટાં આંતરડાંની શરૂઆતના અંધાંત્ર(સીકમ) નામના ભાગમાં ત્રણ-ચાર ઇંચથી માંડી દસ અગિયાર ઇંચ લાંબો માંસપેશીનો ટુકડો જોડાએલો છે. એને ઍપેન્ડિક્સ (આંત્રપુચ્છ) કહે છે. ચેપને લીધે એમાં સોજો આવે એ ઍપેન્ડિસાઈટિસનો રોગ છે. આમાં ઓચિંતી ડૂંટીની આસપાસ મંદ ચૂંક શરૂ થાય છે, જે ધીમેધીમે ઉગ્ર અને તીવ્ર બને છે. પછી ચૂંક પેટના જમણા ખૂણામાં શમે છે. બીજાં ચિહ્નોમાં ઉબકા, ઊલટી, થોડો તાવ અને પેટના જમણા ખૂણામાં દબાવતાં વેદના થાય છે. કોઈક વાર પેટની સાદી ચૂંક જ કાયમ રહે છે. ઍપેન્ડિક્સ ફાટયા બાદ તાવ વધે છે.

ઍપેન્ડિસાઇટિસ જેવાં લક્ષણો જણાય તો ઘરના કોઈ પણ ઉપચાર ન કરવા. તેમજ તેને અવગણવું પણ નહિ. બંધકોશના લીધે ચૂંક આવતી હોવાનું સમજી જુલાબ કે ઍનિમા પણ ન આપવાં. જુલાબ આંત્રપુચ્છ ફાટવાના કારણરૂપ થઈ પડે છે. પેટ પણ ન ચોળવું. રોગીએ પથારીમાં શાંતિથી સૂઈ રહેવું. પેટ ઉપર બરફની થેલી ન મૂકવી કે ગરમ પાણીનો શેક પણ ન કરવો. બરફની થેલીથી વેદના મટે છે પણ રોગને કશી અસર થતી નથી. રોગ મટયો હોવાનો ભ્રમ ઊભો થાય છે. પેટની ચૂંક વખતે ખાસ કરીને જમણી કૂખની ચૂંક વખતે દાક્તરને એકદમ બોલાવવા. આમાં ઢીલ થતાં મરણનો ભય વધે છે. જો ગામડામાં દાક્તરની સવલત ન હોય તો રોગીને વાહનમાં સુવાડીને વિનાવિલંબ નજદીકની ઑસ્પિટલે લઈ જવો.

બેભાનાવસ્થા

જ્ઞાનતંત્રના વ્યાપારોના કોઈ અંતરાયથી મગજની ક્રિયામાં વિઘ્ન પડી બેભાનાવસ્થા થાય છે. મગજની ઈજા કે રોગોના નિર્દેશરૂપ હોવા ઉપરાંત તે શરીરના બીજા ભાગોના રોગ કે ઈજાનું ચિહ્ન પણ છે.

બેભાનાવસ્થા અધૂરી કે સંપૂર્ણ હોય છે. થોડી બેભાનાવસ્થામાં રોગીને જાગ્રત બનાવી શકાય તે બેહોશી (સ્ટુપર)ની સ્થિતિ છે; જો જાગ્રત ન થઈ શકે તો તે સંપૂર્ણ બેભાનાવસ્થા (કૉમા) છે.

દારૂ પીધેલો માણસ બેભાન બને છે. બેભાન થવાનું બીજું કારણ ડાયાબિટિક કૉમા જેવી ગંભીર માંદગી પણ હોઈ શકે છે અગર તો ભોંય પર પછડાવાથી માથાની કોઈ ઈજાના કારણે બેભાનાવસ્થા આવી હોય છે.

દારૂ પીવાથી બેભાનાવસ્થા આવ્યાની શંકા હોય તો રોગીને નિતંબ ઉપર કે આંગળીઓ વચ્ચેની ચામડી ઉપર ઝીણી ચૂંટી ખણવી. જો દારૂની બેભાનાવસ્થા હશે તો તે જાગીને તમને ગાળો ભાંડી પાછો ઊંઘમાં પડી જશે.

બેભાન રોગીની સ્થિતિ જાણવા એનાં પોપચાં ઉઘાડી આંખની કીકીની તપાસ કરવી. બેભાનાવસ્થામાં આંખની કીકી પહોળી થાય છે. તેના ઉપર બૅટરીનો પ્રકાશ ફેંકવા છતાં ય તે સંકોચાતી નથી. બેહોશીમાં કીકી સંકોચાય છે. ટાંકણીના છેડા જેવી કીકી સંકોચાએલી હોય તો તે દવાઓના વધુકા પ્રમાણથી બેભાનાવસ્થા આવી હોવાનું માનવાનું છે. જો આવું હોય તો રોગીની પાસે કે ગજવામાં ગોળીની કે દવાની કોઈ બાટલી હોય તો તેની તપાસ કરવી અને તે દાક્તરની કે પોલીસની તપાસ માટે જાળવી રાખવી.

અકસ્માત માથા ઉપર સખત વાગવાથી પણ બેભાનાવસ્થા આવી પડે છે. ખોપરીની અંદર મગજને ધક્કો વાગવાથી કન્કશન (મસ્તિક-આઘાત)ની સ્થિતિ આવી પડે છે. આમાંથી કળ વળતાં રોગીને ઊલટી થાય છે. આના પછી કાં તો તેની યાદદાસ્તી નાશ પામે છે કે માથાનો સખત દુખાવો રહે છે.

જો મગજને ઘસરકો પહોંચ્યો હોય કે ખોપરીમાં લોહીસ્રાવ થયો હોય તો મગજ ઉપર દબાણ થતાં સેરિબ્રલ કૉમ્પ્રેશન (મગજ ઉપર દબાણ)ની સ્થિતિ આવી પડે છે. કન્કશનમાં રોગી શાંત ઊંડી ઊંઘમાં પડ્યો હોય એવો લાગે છે જ્યારે કૉમ્પ્રેશનમાં રોગીનો ચહેરો રતૂમડો બને છે. ધીમી નાડી પૂરજોસમાં ચાલે છે. શ્વાસોચ્છ્વાસ અવાજ ભર્યાં ચાલે છે. કીકી કાં તો પુષ્કળ પહોળી કે અસમાન બને છે.

આવો જ દેખાવ સ્ટ્રૉક વખતે હોય છે. મગજમાં લોહીની નસ તૂટે અગર તો તેમાં લોહીનો ગઠ્ઠો જામે તે સ્ટ્રૉક છે; આમ થવાથી

મગજના અમુક ભાગને લોહી મળતું નથી. સ્ટ્રૉકને ઍપોપ્લેક્સી પણ કહે છે. આ વખતે શરીરના એક ભાગનો પક્ષાઘાત અને બેભાનાવસ્થા હોય છે. મગજના જે ભાગમાં લોહી પડ્યું હોય તેના સામેના ભાગમાં લકવો થાય છે. જો મગજના ડાબા ભાગમાં લોહી પડ્યું હોય તો શરીરના જમણા ભાગમાં લકવા ઉપરાંત બોલવાનું બંધ થાય છે. આંખની કીકીનું કદ સરખું રહેતું નથી. મગજના જે ભાગમાં લોહી પડ્યું હોય તે ભાગની આંખની કીકી સાંકડી બને છે. મોં ઠરડાઇ જાય છે. શ્વાસોચ્છ્વાસ ઊંડા ઘેરા અને અવાજભર્યા બને છે.

આ વખતે દાક્તરને તાત્કાલિક બોલાવવા. રોગીને સુવાડેલો રાખવો. માથા અને ખભા નીચે ઓશિકાં મૂકી માથાનો ભાગ ઊંચો રાખવો. ઊલટી થતી હોય તો મોં એક બાજુએ ઢળતું રાખવું કે જેથી ઊલટી ગળામાં પાછી પડી ગૂંગળામણ ન થાય. માથા ઉપર ઠંડા પાણીનાં પોતાં કે બરફ મૂકવો. ઉત્તેજક દવા ન પાવી. પાણી કે દવા ગળામાં ન રેડવાં. કેમ કે તે ગળામાં ન ઊતરવાથી ગૂંગળાઈ જવાની દહેશત રહે છે. ગભરાટ કે ધાંધલ ન કરવાં. જાગ્રત બનેલો રોગી આ સાંભળી વધુ ગભરાટ પામવાથી એની ઈજામાં વધારો થયા વિના રહેતો નથી. રોગીને શાંતિ મળે એવું વાતાવરણ ખડું કરવું.

ફેફરું

ફેફરું (ઍપિલેપ્સી)ની તાણ એક વાર જોઈ હોય તો કદી ભુલાતી નથી. રોગી બૂમ પાડીને ભોંય ઉપર બેભાન થઈને પડે છે. એમાં એને ઈજા પણ થાય છે. ભોંય ઉપર પડયા પછી શરીર અક્કડ બને છે, પછી માંસપેશીઓની ખેંચ શરૂ થાય છે. આના પછી રોગી ઊંઘમાં પડે છે અને થોડા કે વધારે સમય પછી ભાનમાં આવે છે.

તાણ દરમિયાન રોગી આમતેમ હાથ અને શરીર પછાડે છે તેને ઈજા ન થાય તે માટે તેને હળવેથી પકડી રાખવો. તાણો વખતે દાંત વચ્ચે જીભ કચરાઈ ન જાય તે માટે લાકડાનું વેલણ કે ચમચાના હાથા ઉપર કપડું વીંટાળી ઉપર નીચેની દાઢો વચ્ચે મૂકવાં. જીભ કચરાવાથી લોહી આવતું હોય કે મોંમાંથી ફીણ આવતું હોય તો રોગીને એક પડખે સુવાડવો જેથી લોહી કે ફીણ મોંમાંથી બહાર નીકળી જાય. તાણની બેભાનાવસ્થા દરમિયાન રોગીને મળમૂત્ર પણ થઈ જાય છે.

કદીક એક તાણ પૂરી થયા બાદ બીજી વારની તાણ શરૂ થાય છે માટે પ્રાથમિક સારવાર ઉપરાંત દાક્તરને બોલાવવા જોઈએ

વધારે પડતી ગરમીની મગજ ઉપરની અસરને લીધે તાણો આવે છે ત્યારે ફેફરાના જેવી જ સ્થિતિ સરજાય છે. બાળકોને ઓરી, બળિયા ને તાવ વખતે તાણો નથી આવતી ? મોટી ઉંમરના માણસોને જ્ઞાનતંત્ર સ્થિર થવાથી આવી સ્થિતિમાં ધ્રુજારી થાય છે.

હિટ એક્ઝૉશન

ગરમ પ્રદેશમાં રહેતા અને ફાઉન્ડ્રી મિલ કે કારખાનાના એન્જિનરૂમમાં કામ કરતા માણસો હિટ એક્ઝૉશનથી પીડાય છે. એમને પુષ્કળ પસીનો થાય છે તેમાં શરીરનું બહુ મીઠું વહી જતું હોવાથી માંસપેશીઓની ફાટ, શિરોવેદના, ચક્કર આવવા, ઊલટી, મૃત્યુ અગાઉની નિર્બળતા (કૉલેપ્સ) અને બેભાનાવસ્થા આવી પડે છે.

પ્રાથમિક સારવાર કરનારે આવા રોગીને ઠંડી જગ્યામાં કે છાંયડામાં લઈ જવો. એક પિન્ટે અડધો ડ્રામ મીઠું નાખેલા પાણીનું પુષ્કળ દ્રાવણ પાવું. જો આ સ્થિતિમાંથી ધામ ન વળે તો તે હીટસ્ટ્રૅાકમાં પરિણમે છે. આ વખતે તાવ ૧૦૮ અંશ ફેરનહાઈટ સુધી જાય છે અને રોગી બેભાન બને છે.

હિટ-સ્ટ્રૅાક

હિટ-સ્ટ્રૅાક એટલે લૂ લાગવી. આમાં શરીરની ગરમી ૧૦૭ અંશ ફેરનહાઈટ કે, વધારે થાય છે. આ જો જલદી ઉતારવામાં ન આવે તો થોડા સમયમાં રોગી મરણ પામે છે.

રોગીને ઠંડામાં ઠંડી જગ્ય માં ખસેડવો. કપડાં દૂર કરી રોગી ઉપર પાણી છાંટવું કે ભીનું કપડું વીંટાળવું. પંખો નાખવો. ૧૦૨ અંશ ફેરનહાઈટથી ગરમી ઓછી ન થાય તે પણ જાળવવું. તાવ હળવો થયા પછી તેને કોરા કપડામાં લપેટવો પણ પંખો જારી રાખવો. ફરીથી તાવ વધવા માંડે તો અગાઉની સારવાર ફરી શરૂ કરવી. તેને સારું થયા બાદ હીટ એક્ઝૉશનની સારવાર ચાલુ રાખી નિરીક્ષણ હેઠળ રાખવો.

ડાયાબિટિસમાં બેભાનાવસ્થા

ડાયાબિટિસના રોગીને બે પ્રકારની બેભાનાવસ્થા પીડે છે. ઇન્સ્યુલિનનું વધુકું પ્રમાણ અપાયું હોય તો શરીરમાંથી બધી શર્કરા વપરાઈ જવાથી ઈન્સ્યુલિન કૉમા આવી પડે છે. રોગીને આ જોખમની જાણ હોવાથી તે ખિસ્સામાં ખાંડ કે સાકરના ગાંગડા રાખે છે અને તેને દવાની પ્રતિક્રિયા થતી લાગે કે તરત જ તે ખાય છે

ડાયાબિટિસની દવા ન થાય તો તે છેવટે ડાયાબિટિક કૉમામાં પરિણમે છે. રોગના લીધે શરીરમાં એવાં રસાયણો પેદા થાય છે કે જેમનું પ્રમાણ વધવાથી મગજ પર બેભાન થવાની અસર ઉપજાવે છે. આથી રોગી બેભાન બની ગાઢ નિદ્રામાં પડયો હોય એવું લાગે છે. તેના ઉચ્છ્વાસમાં સડેલા સફરજન કે નખના વૅાર્નિસના જેવી વાસ આવે છે. આ વાસ એક વાર અનુભવી હોય તો કદી ભુલાતી નથી. રોગીને ગૂમડું કે પાઠાનો કોઇ ચેપ હોવાનો સંભવ છે. આ વખતે રોગીને જેમ બને તેમ જલદીથી ઍાસ્પિટલ ભેગો કરવો દરમિયાન તે બરાબર શ્વાસોચ્છ્વાસ લઈ શકે તે જાળવવું.

હિસ્ટેરીઆ

કેટલાક લોકોને હિસ્ટેરીઆથી બેશુદ્ધિ આવે છે. માનસિક ચિંતા કે બોજા હેઠળ યુવાન સ્ત્રીઓ હિસ્ટેરીઆનો ભોગ બને છે. વળી હિસ્ટેરીઆની વિશિષ્ટતા એ છે કે સગાંવહાલાં કે સ્વજન મિત્રોની હાજરીમાં જ રોગીને તાણો આવે છે.

હિસ્ટેરીઆ ઘણા રૂપમાં દેખા દે છે. રડવા કે હસવાથી માંડી બૂમો સાથે તાણો આવે છે અને રોગી શુદ્ધિ ગુમાવે છે, પણ તદ્દન બેશુદ્ધ નથી બનતો. રોગીનાં આંખનાં પોપચાં ઉઘાડવા જતાં તે તેને જોસથી બંધ કરે છે. ફેફરામાં રોગી ખરેખર બેભાન બને છે અને ઓચિંતો ઊભેથી પછડાય છે. જ્યારે હિસ્ટેરીઆનો રોગી ખાટલા કે ભોંય ઉપર સહીસલામતી ખોળીને બેભાન બને છે.

રોગીની બહુ આળપંપાળ ન કરવી. આમ કરવાથી તાણો વધારે લંબાય છે. એના મોં ઉપર ઠંડા પાણીની છાલકો મારવી કે કચરેલી ડુંગળી સુંઘાડવી, રોગીને એકલો પડી રહેવા દેવો. કોઈ સંભાળ લેનાર પાસે નહિ લાગે કે તરત તેનો રોગ શમી જશે.

અન્ય પરિસ્થિતિઓની બેભાનાવસ્થામાં

આસપાસના સંજોગો ઉપરથી, રાંધવાના કે ગટરના ગૅસના ઝેરની અસરોની જાણ થઈ શકે છે. ગૅસ ભરેલા ઓરડામાં રોગી પડેલો હોય ત્યાં ગૅસની વાસ પથરાએલી હોય છે. આ વખતે ઓરડાનાં બારીબારણાં ખોલી નાખવાં. ગૅસ બંધ કરવો. રોગીને બહાર તાજી હવામાં લાવવો. કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ શરૂ કરવા. આના વધુ પ્રયત્નો નિષ્ફળ હોવાનો દાક્તરનો અભિપ્રાય મળતા સુધી તે ચાલુ રાખવા. પ્રાથમિક સારવાર કરનારે મોતનું નિદાન કરવાનું નથી .પૃ. ૩૦૯)

સે.સાએટીના પ્રથમ પ્રમુખ મિ. હબ્બર્ડના જમાઈ મિ. ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલનાં હવાઇયંત્ર અને માણસને લઈ જતા આકાશીપતંગ અંગેનાં ઐતિહાસિક પેપરો પ્રસિદ્ધ કરવાથી માંડી ઉડ્ડયન ક્ષેત્રના છેક આજ સુધીના વિકાસનો ઇતિહાસ આ જ એક સામયિકમાંથી સિલસિલાબંધ મળી શકે છે. યુદ્ધ દરમિયાન બનતી બધી જ ઘટનાઓને નોંધીને તે તે બનાવોની પશ્ચાદ્ભુ આપી રંગીન ચિત્રો દ્વારા સૈનિકોની કુશળતા ને યુદ્ધની ભયાનકતાને છતી કરવાનું કામ આ સામયિકે કર્યું છે.

નવેમ્બર ૧૯૧૦થી આ પત્રમાં રંગીનચિત્રો પ્રકટ થવા માંડયાં. તે બનાવ ઐતિહાસિક એટલા માટે હતો કે આટલાં રંગીન ચિત્રો એક જ અંકમાં કોઈ મૅગેઝિન છાપતું નહિ. જૂન ૧૯૧૩માં ૫૦ જેટલાં વિવિધ પક્ષીઓને નૈસર્ગિક રંગોમાં દર્શાવતો અંક તથા ઑક્ટોબર ૧૯૧૭ અને સપ્ટેમ્બર ૧૯૪૪ના વિશ્વના વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજો દર્શાવતા અંકોએ સામયિકને ગૌરવ અપાવ્યું. આ જ રીતે શ્વાન, અશ્વ, મત્સ્ય, પક્ષી તથા બીજાં રસપ્રદ પ્રાણીઓનાં ચિત્રો અને માહિતી આપતા અંકો પણ બહાર પડયા. એની 'બુક ઑવ બર્ડ્સ' મેળવવા માટે તો મિ. આઈઝનહોવરે છેક યુરોપથી તાર કરેલો.

માહિતી અને ચિત્રો ઉપરાંત જ્ઞાનવિજ્ઞાનક્ષેત્રે આ સામયિકનું અમૂલ્ય પ્રદાન તે તેના નકશાઓ છે. ઈ. ૧૯૧૫થી એ માટે ખાસ ખાતું ખોલવામાં આવ્યું. ૧૯૬૩ સુધીમાં ૨૯,૦૦,૦૦,૦૦૦ નકશા છાપ્યા અને ઠેકઠેકાણે પહોંચાડયા. જાપાને ૧૯૩૭માં જ્યારે ચીન ઉપર હુમલો કર્યો ત્યારથી ઑગસ્ટ ૧૯૪૫માં જાપાન તાબે થયું ત્યાં સુધીમાં સોસાએટીએ દસદસ રંગની છપાઇવાળા ૪,૭૦,૦૦,૦૦૦ જેટલા મોટા નકશાઓ છાપ્યા જેના ઉપર અમેરિકન અને બ્રિટનના લશ્કરી અફસરો ફિદા થઈ ગયા હતા. પ્રમુખ રૂઝવેલ્ટ અને ચર્ચિલ પણ એ નકશાઓ ઉપર વારી ગએલા. એ નકશાઓની મદદ વડે પૃથ્વીના દૂર ખૂણામાં વસતાં પણ હજારો કુટુંબોએ યુદ્ધની તવારીખો ઘેર બેઠાં જોઈ. દુનિયાનાં દરેક શહેર, ગામ, નદી સમુદ્ર, પર્વત, બારું વગેરે તે દેશમાં તેમનાં નામ પણ જે રીતે ઉચ્ચારાય છે તે જ પ્રમાણે લખવાની ચોકસાઈ રાખવાથી આ નકશાઓ દુનિય ભરમાં ખ્યાતિ પામ્યા છે. ૧૯૬૭નો ૩૫૦ વર્ણનાત્મક નોંધોવાળા 'લૅન્ડસ ઑવ બાઈબલ'ના ૪૧''×૨૯''ના નકશામાં ભૌગોલિક પાર્શ્વભૂમિકા સાથે ઐતિહાસિક સંદર્ભો પણ આપવામાં આવ્યા છે. 'નૅશનલ જ્યોગ્રાફિક'-ના ગ્રાહકને વર્ષમાં આવા લગભગ ૪ નકશા ભેટ તરીકે આપવાની એની પ્રથા પણ અજોડ છે.

ભૂગોળના જ્ઞાન માટે આ પછી સોસાએટીનું બીજું સોપાન તે ૧૯૧૪માં શરૂ કરેલું 'ન્યૂઝ બુલેટિન' અને શિક્ષણક્ષેત્રે એક અમૂલ્ય પ્રદાન ગણી શકાય એવું 'સ્કૂલ બુલેટિન' છે. સંશોધન અને શોધખોળના સાહસિકોને આ સોસાએટી ચંદ્રકોથી નવાજે છે. સોસાએટીના ઉપક્રમે જે વ્યાખ્યાનો યોજાય છે એથી દુનિયાના સાહસિકોને પ્રકાશમાં આવવા માટે મંચ મળે છે. મિ. ટફ્ટ જ્યારે પ્રમુખ હતા ત્યારે સામયિકમાં લેખો લખી, સોસાએટીમાં વ્યાખ્યાનો આપી ને બોર્ડ ઑવ ટ્રસ્ટીનું સભ્યપદ સ્વીકારી આજીવન એના કાર્યમાં રસ લીધો હતો. રૂઝવેલ્ટ, વિલ્સન, ટ્રુમેન, આઈઝનહોવર, કેનેડી અને જોન્સને પણ સોસાએટીના સમારંભો શોભાવ્યા છે.

સોસાએટી અને તેના આ સામયિકે બીજી બહુમૂલ્ય સેવા કરી તે દષ્ટિબિંદુની ખિલવણીની છે. ધ્રુવપ્રદેશનાં ખેડાણો, સ્પેનિશ અમેરિકન યુદ્ધ, પનામા નહેર, વિશ્વયુદ્ધો વખતે તે તરફ, અને આજે જ્યારે મનુષ્ય પૃથ્વીની પ્રદક્ષિણા કરી રહ્યો છે ત્યારે અવકાશ બાજુ 'નૅશનલ જ્યોગ્રાફિકે' લોકોનું લક્ષ દોરીને તેને વિષે અધિકૃત માહિતીઓ આપી છે.

ઈ. ૧૯૨૫ અને ૧૯૩૨માં ક્રમેક્રમે સંસ્થાના મકાનનો વિસ્તાર વધારવામાં આવ્યો. ૧૮૯૮માં જ્યારે ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલ સોસાએટીના પ્રમુખ હતા ત્યારે સભ્યોનાં સરનામાં કરનાર કારકુન ન રોકી શકવાને લીધે મશીન ખરીદવું પડેલું, ૧૮૯૯માં એક રૂમમાં ચલાવાતી એ જ સોસાએટીનું મકાન આજે વૉશિંગ્ટનનાં સારામાં સારાં મકાનોમાંનું એક ગણાય છે. એક હજાર ચારસો પચાસ કરતાં પણ વધુ માણસો તેમાં કામ કરે છે. શુભ્ર સંગેમરમરનું દશ મજલાનું એ મકાન ભૌગોલિક જ્ઞાનગંગાની ગંગોત્રી છે. જ્યાં સામયિક, નકશા, પૃથ્વીના ગોળા, પુસ્તકો, ચોપાનિયાં, માઇક્રો ફિલ્મ વગેરે તૈયાર થાય છે. અને કૌતુકભર્યા સંશોધનપ્રવાસની યોજનાઓ ઘડાય છે.

મુસાફરીના અજબ અનુભવો, સંશોધન અને જ્ઞાનની પ્રાપ્તિ માટેની શોધ માટે આ સામયિકનું નામ પર્યાયરૂપ ગણાય છે. હવાઈ માર્ગે, ટ્રેઇન, સ્ટીમર નહિ તો ઊંટોની વણઝાર દ્વારા દુનિયાના ખૂણે ખૂણે જતા આ પત્રમાં જાહેરખબર છપાવવા પડાપડી થાય છે, પણ એ અંગેની નીતિ પણ પ્રથમથી જ સ્પષ્ટ અને શુદ્ધ રહી છે. સામયિકના ૨૦મા ભાગ જેટલી જ જાહેરખબરો લેવાય છે, અને તે પણ લેખની વચ્ચે તો નહિ જ. સિગારેટ, દારૂ, પેટંટ દવાઓની જાહેરખબર સ્વીકારવામાં આવતી નથી. માત્ર આર્થિક નફો એ એનું ધ્યેય નથી. શૈક્ષણિક અને વૈજ્ઞાનિક જ્ઞાન પ્રસારનું ધ્યેય રાખનાર આ સામયિકનો કોઈ સ્ટૉકહૉલ્ડર નથી કે નથી એની કોઇની અંગત માલિકી. જે કંઈ આવક થાય તેને ભૂગોળજ્ઞાનનાં વધુ સાધનો મેળવવામાં ખર્ચી નાખવામાં આવે છે.

પોણી સદી વટાવી ચૂકેલા આ સામયિકના આજે દુનિયામાં પહેલાથી છેલ્લા અંક સુધીના ફક્ત ૧૫૦ સેટ જ છે. જેમાંના ૧૦ સોસાએટી પાસે છે. ઈ. ૧૯૬૦માં ખુદ સોસાએટીએ પોતે જ ૧૮,૦૦૦ ડૅાલર આપીને એક સેટ ખરીદ્યો હતો.

આ સામયિકે આ બાલવૃદ્ધ સૌને એવું તો કામણ કર્યું છે કે હજારો પત્રો તંત્રી ઉપર આવે છે જેમાં બાળકો સુધ્ધાં તે વાંચે છે એવાં પ્રશસ્તિ વચનો હોય છે. એક પત્રમાં પૂછવામાં આવ્યું કે ભૌગોલિક વિષયને લગતી સામગ્રી પૂરી થશે પછી 'નૅશનલ જ્યોગ્રાફિક શું પ્રકટ કરશે?' જવાબ શો મળ્યો? 'આપણા વિશ્વમાં એટલી બધી સૂક્ષ્મ ને અનંત વૈવિધ્યવાળી ભૌગોલિક સામગ્રી ભરી પડી છે કે એ વિષયને લગતાં આશ્ચર્યોથી ભરેલો ખજાનો ખૂટે જ નહિ. માત્ર આપણી પાસે તે જોવાની દષ્ટિ અને મૂલવવાની શક્તિ જોઇએ.'



૧) નરભેરામ જે. મિસ્ત્રી, ૨) કુ. શાલિની તામ્હણકર, ૩) ફૂલજીબેન મનજીભાઈ ઓડ, ૪) ખુશાલભાઈ ચૌધરી, ૫) ડાહ્યાભાઈ લાલભાઈ પટેલ, ૬) રામજીભાઈ ચૌધરી, ૭) બાબુભાઈ વીરસિંહ ઠાકોર. (નીચે) ૮) રમણભાઈ લાલભાઈ પટેલ, ૯) જેરામભાઈ બેચરભાઈ પટેલ, ૧૦) હસમુખ પારેખ, ૧૧) ઉદય ત્રિકમલાલ ઓઝા, ૧૨) પૃથ્વીરાજ ઝાલા, ૧૩) બલવંતસિંહ જાડેજા અને ૧૪) લાભશંકર ગોર.



ઈ. ૧૯૬૮ના શ્રી પુરાણીજી પારિતોષિક-વિજેતા

શ્રી મોટાની પ્રેરણા અને હરિ ૐ આશ્રમ તરફથી ૨૫,૦૦૦ રૂપિયાની સહાયથી ગુજરાત વ્યાયામ પ્રસારક મંડળે ગુજરાતની પેઢીને વીરતાના પાઠ ભણાવનાર પુરાણી બંધુઓના નામ સાથે જોડીને ઈ. ૧૯૬૨થી અકસ્માત, દુષ્કાળ, જલપ્રલય, આગ કે રોગચાળાના સમયે જીવ-સટોસટની કામગીરી માટે, ચોરલૂટારા કે હિંસક પ્રાણીના હુમલા સામે લોકોને બચાવી લેવા બદલ તથા પ્રવાસ, તરણ, ઉડ્ડયન કે પર્વતારોહણ ક્ષેત્રે સાહસિક વિક્રમ સ્થાપવા સારુ અને અસાધારણ નૈતિક તાકાત દાખવવા માટે જે તે કાર્યની ગુણવત્તાને અનુલક્ષી રૂા. ૧૫૦૦ સુધીનાં પારિતોષિકો, ચંદ્રકો અને પ્રમાણપત્રો આપવાનો આરંભ કર્યો છે. આ મુજબ ૧૯૬૮ના વર્ષ માટે નિર્ણાયક સમિતિએ વિચારણા માટે આવેલા કુલ ૪૧ પ્રસંગોમાંથી ચકાસણી કરીને આ ચૌદ જણાને પારિતોષિક આપ્યાં છે. ગુજરાતના થનગનતા યૌવનધનને એ મુબારક હો!

નરભેરામ જે. મિસ્ત્રી: સુરત, (૧૦૦ રૂા. પારિતોષિક) વ્યવસાયે ફોટોગ્રાફર. સુરતની સ્વિમિંગ અને બોટિંગ કલબના સંચાલક. તાપીની રેલ-હોનારતમાં જોખમકારક વિસ્તારોમાં ઘૂમીને અનેકના જીવ બચાવ્યા. ૧૯૬૮માં ભાડભૂતથી ભરૂચ સુધી નર્મદામાં ૧૨ માઈલ તરીને સ્પર્ધામાં ત્રીજા અને ગુજરાતમાં પ્રથમ આવ્યા. ચોરવાડથી વેરાવળ સુધીનો દરિયો તરવાની સ્પર્ધામાં એ એકલા જ ગુજરાતી હતા અને એમાં ચોથા આવેલા.

કુ. શાલિની તામ્હણકર: નવસારી. (રૂા. ૧૦૦) જાણીતા તરવૈયા નાથુભાઈ પહાડે પાસે તાલીમ લઈ. ઈ. ૧૯૬૮માં હજીરાથી સુરત ૧૮ માઇલનું અંતર ૪ કલાકમાં તરી જઈ વિક્રમ સ્થાપ્યો. વડોદરા મ. સ. યુનિવર્સિટીનાં સંગીત અને નૃત્યનાં સ્નાતિકા. સુરત, ભરૂચ તથા ઉધનામાં 'નૃત્ય ભારતી' નામે વર્ગો ચલાવે છે.

ફૂલજીબેન મનજીભાઈ ઓડ (રૂા. ૧૦૦) મૂળ ખંભાતનાં પણ ધંધાર્થે પાળવી (વલભીપુર-ભાવનગર)માં વસતાં એમણે ગામમાં રેલ આવી ત્યારે પોતાના કુટુંબનાં પાંચ અને હરિજનવાસનાં બીજાં દસ ભાઈબહેનોને જાતે જોખમ વહોરીને તરીને જીવ બચાવ્યા. નિરક્ષર અને ચણતરનું કામ કરતાં એમને નાનપણથી જ તરવાનો શોખ છે.

ખુશાલભાઈ ચૌધરી: (રૂા. ૧૦૦) દાવદહાડ (ડાંગ)ની સરકારી આશ્રમ શાળાના આચાર્ય. ગરીબીનું કષ્ટ વેઠીને ભણેલા આ સંનિષ્ઠ આચાર્યે ખાપરી નદીના પૂરનાં પાણી પોતાની શાળામાં ભરાવા માંડતાં એક હાથે તરાપો ખેંચી તરતાંતરતાં અનેક ફેરા કરીને શાળાનાં ૧૨૦ બાળકોને એક સલામત ટેકરા પર પહોંચાડીને બચાવી લીધેલાં. પૂરમાં શાળાનું એ મકાન અને બધી સામગ્રી તણાઈ ગઈ હતી. ડાંગ જિલ્લાએ એમને 'ઉત્તમ શિક્ષક' તરીકે નવાજ્યા છે.

ડાહ્યાભાઈ લાલભાઈ પટેલ: સ્વ. (રૂા. ૧૦૦) ઉમરસાડી (વલસાડ)ના વતની. નવસારીની ગાર્ડા કૉલેજમાં વિજ્ઞાનના વિદ્યાર્થી. રેલ-હોનારતમાં બબ્બે વાર ધૂઘવતા પાણીમાં પડી તરાપાની મદદથી ૧૮ જણને બચાવ્યા. ત્રીજા ફેરામાં માથામાં કંપાઉન્ડનો થાંભલો વાગતાં બેભાન થઈ જતાં જીવ ગુમાવ્યો.

રામજીભાઈ ચૌધરી: (રૂા. ૧૦૦) ગોદાવરી (માંડવી-સુરત)-ના વતની. અમરોલી(સુરત)ની સાર્વજનિક શાળામાં પટાવાળા. તાપીની રેલમાં ગામમાં પાણી ફરી વળતાં જીવનું જોખમ વહોરી અનેક સ્ત્રી બાળકોને સલામત સ્થળે ખસેડી બચાવ્યાં ને શાળાની કિંમતી સામગ્રી પણ ઉગારી લીધી. રેલનાં પાણી ઊતરી ગયા પછી મરેલાં ઢોર અને સડેલા અનાજની ગંદકી ખસેડવાની આકરી કામગીરીમાં પણ ઉમળકાથી સાથ આપ્યો. અને તે યે પોતે ક્ષયનો દર્દી હોવા છતાં.

બાબુભાઈ વીરસિંહ ઠાકોર: (રૂા. ૧૦૦) થલોટા (વિસનગર) ના વતની. ગામના મોટા તળાવમાં રહી ત્રાસ વર્તાવતા માનવભક્ષી મગર સામે, ગામના થોડા યુવાનોનો સાથ લઈ જીવને હોડમાં મૂકી પાણીમાં ઝંપલાવીને મગરને જીવતો બહાર પકડી લાવ્યા ને ગામ પરનો ત્રાસ દૂર કર્યો. 'થલોટા દૂધ ઉત્પાદન સહકારી મંડળી'ના તેઓ મંત્રી છે.

રમણભાઈ લાલભાઈ પટેલ અને જેરામભાઈ બેચરભાઈ પટેલ: (દરેકને રૂા. ૧૦૦) સુરતની આસ્પા સિલ્ક મિલ્સ'માં વણાટ-કામ કરતા આ બંને જણે તાપી પરના ૧૦૦ ફૂટ ઊંચા નેહરુપુલ

પરથી પૂરના ધસમસતા પાણીમાં કૂદી પડી એક ડૂબતી બાઇને બચાવી લીધેલી. અગાઉ પણ રેલ-હોનારતમાં ઘણાને ડૂબતા બચાવ્યા છે.

હસમુખ પારેખ (રૂા. ૧૦૦) રાજકોટના એક હોમગાર્ડ. ગામના કોઠારિયા નાકા પરના પાવરહાઉસ સબસ્ટેશનમાં લાગેલી આગ વખતે જીવના જોખમે ટ્રાન્સફોર્મર તરફ ધસી જઇ યુક્તિપૂર્વક વાલ્વ ખોલી આગને આગળ વધતી અટકાવી દીધી. અન્યથા બંને ટ્રાન્સફોર્મર ફાટીને જાનમાલની મોટી ખુવારી થાત. શહેરની અનેક આગમાં એમણે ઘણાંના જીવ બચાવ્યા છે.

ઉદય ત્રિકમલાલ ઓઝા : (રૂા. ૫૦) વડોદરાના જીવન સાધના વિદ્યાલયના ૧૪ વર્ષના આ વિદ્યાર્થીએ ચાંદોદથી ગંગનાથના રસ્તે અકસ્માત એક વિદ્યાર્થી ૧૫ ફૂટ ઊંડા નર્મદાના જળમાં પડી જતાં પાછળ કૂદી પડીને એને બચાવી લીધો અને શિક્ષકોએ ફેંકેલા દોરડાની સહાયથી બહાર કાઢયો. વ્યાયામ, રમતો ને આસનોના એ શોખિન છે.

પૃથ્વીરાજ ઝાલા : કચ્છ એસ. ટી. કર્મચારી યુનિયનના મંત્રી, **બલવંતસિંહ જાડેજા** : ડ્રાઈવર અને **લાભશંકર ગોર** : કંડક્ટર. (દરેકને રૂા. ૫૦) કચ્છના પશ્ચિમકાંઠે સિંધોડી નજીક પાકિસ્તાની હોડકાંએ ઉતારેલા ૧૪૦માંના ૨૮ જણ નાલિયાથી ભૂજ આવતી બસમાં કનકપુર અને કોઠારાથી ચડેલા. એમના પર શક જતાં ત્રણે જણે સંતલસ કરી બસને સીધી પોલીસ સ્ટેશને લઈ જઇને રોકી અને પેલા ૨૮ ઘૂસણખોરોને પકડાવીને પોતાની દેશદાઝ ને જાગરૂકતા દર્શાવી.

અનુસંધાન] **પ્રાથમિક સારવાર** [પૃ. ૩૦૫થી

વીજળીના આંચકા સિવાય બેભાનાવસ્થા આણનારાં બધાં કારણો આપણે જોઈ ગયા. આ વખતે દાક્તરી સારવાર અગત્યની છે વિલંબ જોખમકારી છે. બેભાન બનેલા રોગીને ખૂબ જલદીથી ઑસ્પિટલ ભેગો કરવાનો છે. પણ દાક્તર આવતાં અગાઉ કે રોગીને ઑસ્પિટલમાં ખસેડતાં અગાઉ નીચેની વિગતે પ્રાથમિક સારવાર આપવાની છે:

૧) રોગીને પુષ્કળ તાજી હવા મળી રહે એમ કરવું, બનાવટી દાંત વગેરે શ્વાસોચ્છ્વાસમાં હરકત કર્તા હોય તો તે કાઢી લેવા. ૨) શ્વાસોચ્છ્વાસ મંદ પડતા હોય કે બંધ પડયા હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા. ૩) જો રોગી શાંતિથી શ્વાસોચ્છ્વાસ લેતો હોય તો તેને ચતો સુવાડી રાખવો. માથા ને ખભા નીચે ઓશિકું ગોઠવવું. મોં એક બાજુએ ઢળતું રાખવું. ૪) જો શ્વાસોચ્છ્વાસ અવાજભર્યા કે ઘરર બોલતા બને તો તેને ઢળતો ઊંધો કરવો અને તેની આ અંગસ્થિતિ જળવાઈ રહે તે માટે ઉપરનો પગ વાળવો. ૫) સરળ શ્વાસોચ્છ્વાસ થવા માટે ગળા અને છાતી ઉપરનાં કપડાં ઢીલાં કરવાં. ૬) સ્થિતિ પ્રમાણે યોગ્ય પ્રાથમિક સારવાર આપવી. ૭) શરીર ઉપર ચોરસો કે ધાબળો ઓઢાડવો. બહુ ઓઢણ ઓઢાડીને રોગીને ઝાઝી ગરમી ન આપવી. ૮) રોગીને મોં વાટે કશું ન આપવું. ૯) દાક્તર આવતાં સુધી કે રોગીને ઑસ્પિટલમાં ખસેડતાં સુધી એની સંભાળમાં હાજર રહેવું. (ચાલુ)

અનુસંધાન] **મ્યુઝિકલ અને સાથી-સંશોધન** [પૃ. ૨૯૨થી

જોવા મળશે, એટલે કેટલાંક મથાળાં બાંધીને આપણે ન્યૂ યૉર્ક છોડીશું. કિશોર કિશોરીઓને એક્સાઈટમેન્ટ જોઈએ છે. એટલે કે (ગુજરાતીમાં લાયક શબ્દ નથી) ઉશ્કેરાટ. પણ એ શબ્દ બરાબર નહિ બેસે. લાગણીઓ સુષુપ્ત દશામાં હોય છે, સરસ્વતીચન્દ્ર અને કુમુદ મળ્યાં એટલે મળી દૃષ્ટોદૃષ્ટ, અને બંનેનાં હૈયામાં તરવરાટ થઈ ગયો; સારો, સ્વસ્થ, તંદુરસ્ત તરવરાટ થઇ ગયો. પણ આમ ભાવ જાગ્રત થયો એવો મોકો એવી ક્ષણ જીવનમાં તો એક જ વાર આવી, એ કેમ ચાલે? અમારે તો ભાવજાગૃતિ હરરોજ જોઇએ, વિવિધ પ્રકારની જોઇએ. ઓ ફૂટબૉલમાં સામાવાળાને પછાડ્યા, ઓ પેલા ચન્દ્રલોકમાં ગયા, ઓ પેલાએ બસો માઇલે મોટર હાંકી! વેગ, આવેશ, જોશ, લાગણીઓ સૂતેલી રહે તે પરવડે જ કેમ? એ માટે જેટલાં સાધન અને પ્રસંગ પ્રાપ્ત કરાય એટલાં કરવાં, રાતના બે વાગ્યા સુધી જાગતા રહેવું, નાચવું કૂદવું. જોબન છે એટલે એના લ્હાવા પૂરેપૂરી રીતે લઈ લેવા, જરા થાકયા એટલે ઊંઘ્યાં, પણ જાગ્યા ત્યારથી ફરી જોશજાગ્રતિ માણવાની ક્રિયા શરૂ કરવી. રાજકારણ નહિ તો સમાજકારણ, પણ 'ડલ' એટલે કે મંદ, માંદલું, નિરસ, મોળું સુસ્ત, કંટાળાભરેલું જીવન શી રીતે જીવાય?

એક પ્રવાસીઓ માટેનું ખાસ છાપું નીકળે છે–'વિઝિટર્સ ગાઈડ.' એમાં સિનેમા-નાટકની જાહેરખબરો તો મળે, પણ ડેટિંગ સર્વિસ યા મેઇટિંગ સર્વિસની જાહેરાત પણ જોવા મળે. ટેલિફોન નંબર સાથે તેઓ તમારી સાથે વાતચીત કરી સાથીદાર શોધી આપે, તમારે એ સંસ્થાના સભ્ય થવા માટે સામાન્ય ફી ભરવી પડે. ઢગલાબંધ જાહેર તેમજ ખાનગી ક્લબો હોવા ઉપરાંત પણ એક કરોડની વસ્તીવાળા આ શહેરમાં દરેક સવાલને પદ્ધતિસર હલ કરવા માટે યોજનાનુસ્ખા ઘડેલા તૈયાર છે. કૉમ્પ્યુટર તો હવે આપણા દેશમાં યે આવ્યું છે, એટલે એ વિષે આપણે જાણીએ, પણ એવું પણ કૉમ્પ્યુટર છે કે એમાં તમે તમારા જન્મ-સમય વર્ષ તારીખની ચિઠ્ઠી ફાડીને નાખો તો પટપટાપટ બે મિનિટમાં તમારું આખું વર્ષફળ તૈયાર થઈને બહાર પડે; એમ જ બે કિશોર-કિશોરીના જન્માક્ષર નહિ તો જન્મ તારીખ લઇને આ યંત્ર-જોષી પાસે જાઓ તો એ જ કૉમ્પ્યુટર તમારા વિવાહ મેળવી આપે, યા ના પણ પાડે. (ચાલુ)

ગુજરાતી સાહિત્ય મંડળ, કલકત્તા-૨૦: નાટયલેખન સ્પર્ધા

ગુજરાતી સાહિત્ય મંડળ, કલકત્તા દ્વારા યોજાએલી તૃતીય એકાંકી નાટયલેખન સ્પર્ધાના નિર્ણાયક શ્રી હરીન્દ્ર દવેના નિર્ણય અનુસાર નીચેનાં ત્રણ નાટકો (૧) ન ઊગનારો દિવસ (આબિદ સુરતી), (૨) ઈડિયટ (જસવંત મહેતા) અને (૩) ચ ર લ વ શ (ભૂપેશ અધ્વર્યુ)ને અનુક્રમે બીજું, ત્રીજું અને આશ્વાસન ઈનામ મળે છે. ચોથી નાટયલેખન સ્પર્ધા માટેની પોતાની મૌલિક કૃતિઓ તા. ૧૫-૧૦-'૬૯ સુધીમાં શ્રીમતી યોગિની પટેલ, ૩ બી એલ્ગિન રોડ, કલકત્તા ૨૦ એ સરનામે રજિસ્ટર્ડ એ. ડી.થી મોકલવાની છે.




પચ્ચીસ વર્ષ પહેલાં

ઑગસ્ટ ૧૯૪૪
અંક ૨૪૮

ફળોની મિષ્ટતા અજબ છે. એની ખુશબો આપણા જ્ઞાનતંતુઓને અનેરી શાંતિ અર્પે છે. ફળનો મિષ્ટ રસ આરોગતાં શરીરની સર્વ ધાતુઓને અવર્ણનીય શાંતિ મળે છે ને એ રસ આપણા મોંમાં લાલાસ્રાવ વહાવે છે. પરિણામે પાચકરસોનો સ્રાવ વધે છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને સકલ શરીરયંત્ર નૂતન તાજગી અનુભવે છે. જેટલી સહેલાઈથી ફળો શરીરમાં પચી જાય છે તેટલી સહેલાઈથી બીજો એક પણ ખાદ્ય પદાર્થ પચતો નથી. કુદરતી ક્ષારો, કુદરતી પાણી, કુદરતી ગળપણ! નત્રિલ (પ્રોટીન) ને કર્બોદિત (કાર્બોહાઇડ્રેટ) ખાદ્યોને પચાવવાની એમાં અજબ શક્તિ છે. કબજિયાતવાળા દરદીઓને તો ફળો ઉત્તમ ખાદ્ય પદાર્થ છે ઘણા રોગોમાં ફળનો રસ અમૃત જેવું કાર્ય કરે છે, કારણ કે ભગવાન સૂર્યનું ભર્ગ તેમાં ભરેલું છે.

ફળોનું મહત્ત્વ એમાંનાં ખનીજ ક્ષારોને લીધે છે. ફળમાં પાણીનું પ્રમાણ વિશેષ હોવાથી તે સારક અને મૂત્રલ છે. વળી ખનીજ ક્ષારો વધુ હોઈ ને તેના સેવનથી લોહી સાફ રહે છે. લોહીની અમ્લતાને ફળનો મધુર રસ ઓછી કરે છે. 'વિટામિન'ની શોધ પછીથી ફળોનું મહત્ત્વ ઘણું વધ્યું છે, કારણ કે ફળોમાં વિટામિન પ્રચુર પ્રમાણમાં છે અને શરીરના બંધારણ અને ચેતનતત્ત્વ માટે વિટામિન બહુ જરૂરી છે.

—બાપાલાલ ગ. વૈદ્ય



ફળની ખુશબો, મિષ્ટતા અને ગુણતત્ત્વ જેમ આહ્લાદક છે, તેમ તેમનાં અંદર-બહારનાં રૂપ ને રંગ પણ આકર્ષક હોય છે. આ ચિત્રમાં કેટલાંક ફળોનાં આંતરદર્શન કરાવ્યાં છે, જે પરથી તેમની મનોહરતાનો ખયાલ મળવા સાથે તેમની અંદરની રચનાનું—બી, પેશી, ગર્ભ, રેસા, છાલ, કોચલાં આદિનાં વિવિધ રૂપ અને સંયોજનનું—જ્ઞાન થશે. એમાંનાં સ્ટ્રૉબેરી, બ્લૅકબેરી, ગૂઝબેરી ચેરી, પેર, પીચ, પ્લમ ને બ્રાઝિલ નટ એ પશ્ચિમનાં ફળ આપણે ત્યાં અજાણ્યાં છે. બેરી અને ચેરી બોરના જેવાં, પેર જામફળ જેવાં ને પ્લમ આલુ જેવાં થાય છે. બ્રાઝિલ નટ આપણા નાળિયેર પેઠે કદમાં મોટું ને એવું સખત હોય છે કે ઉપરથી પડ્યું હોય તો માથું ફોડી નાખે કે બેહોશ બનાવી દે. તેની પેશીઓ નારંગીની પેશીઓને મળતી હોય છે, અને બજારમાં તે જ વેચાય છે. (World of Wonder)

લેખક
આર. ટી. પરીખ
ડિપાર્ટમેન્ટ ઑાવ મ્યૂઝિયોલૉજી,
એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા


રાષ્ટ્રીય સંગ્રહસ્થાન-નવી દિલ્હી

એક વાર એક વિદેશીએ દિલ્હીને માત્ર ઝાઝી વસ્તીવાળું ગામડું ગણાવેલું કારણ કે ભારત જેવા વિશાળ દેશનું પાટનગર હોવા છતાં ત્યાં રાષ્ટ્રીય સંગ્રહસ્થાન, રાષ્ટ્રીય નાટ્યગૃહ કે રાષ્ટ્રીય પુસ્તકાલય નહોતું. વાત પણ ખરી છે. પાટનગરમાં દેશના વિવિધ સંસ્કારનું પ્રતિબિંબ પણ દેખાવું જરૂરી છે જ.

જોકે દેશમાં રાષ્ટ્રીય સંગ્રહસ્થાન રચવાનો વિચાર તો છેક ઈ. ૧૯૧૨થી ચાલતો હતો, પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધ, આઝાદીની ચળવળો, ઈ. ૧૯૩૦ પછીની ભારે મંદી ને બીજા વિશ્વયુદ્ધને લીધે છેક ૧૯૪૫ સુધી આ દિશામાં ખાસ કંઇ થઈ શક્યું નહિ. એવામાં ભારતના પુરાતત્ત્વ મોજણી ખાતાના મહાસંચાલક તરીકે વિખ્યાત પુરાતત્ત્વવિદ્ સર મૉર્ટિમર વ્હીલરની નિમણૂક થઈ. એમણે અહીંનાં સંગ્રહસ્થાનોની કંગાળ સ્થિતિ તથા રાષ્ટ્રીય સંગ્રહસ્થાનની ઊણપની નોંધ લીધી ને એ દિશામાં પગલાં લેવાનું નક્કી કર્યું. દરમિયાન પુરાતત્ત્વશાસ્ત્રના કેન્દ્રીય સલાહકાર મંડળે પણ પુરાવસ્તુવિદ્યા તથા માનવવંશશાસ્ત્રને સમાવી લેતા રાષ્ટ્રીય સંગ્રહસ્થાનની સ્થાપના માટે આગ્રહ કર્યો. સરકારે આ અંગેનો દરેક પ્રશ્ન તપાસી જવા સર મૉરિસ ગ્વાયરના પ્રમુખપદે એક સમિતિ નીમી જે સમિતિએ પણ કલા, પુરાવસ્તુવિદ્યા ને માનવવંશશાસ્ત્રને સમાવી લેતા રાષ્ટ્રીય સંગ્રહસ્થાનની રચના કરવા અનુરોધ કર્યો.

પછી તો દેશ આઝાદ થયો. રાષ્ટ્રીય સંગ્રહસ્થાનનું મહત્ત્વ આપણી સરકારે પણ સ્વીકાર્યું. દરમિયાન લંડનમાં રૉયલ ઍકૅડેમીએ ભારત સરકારના સહકારથી ભારતીય કલાવારસાને રજૂ કરતું એક ભવ્ય પ્રદર્શન ત્યાંના બર્લિંગ્ટન હાઉસમાં યોજ્યું. સમગ્ર ભારતમાંથી ચૂંટીચૂંટીને એકઠી કરેલી કૃતિઓ તેમાં પ્રદર્શિત થએલી. રાજ્ય સરકારોએ, વિદ્યાપીઠોએ અને અંગત સંગ્રહોમાંથી એ નમૂનાઓ એકઠા થએલા. એ પ્રદર્શને દેશની કળા-સંસ્કૃતિ વિષે ઘણો ઊંડો પ્રભાવ પાડ્યો. ભારતીય કલાસંસ્કૃતિને પરદેશમાં આટલી વિશાળતા તથા ઉમદા રીતે અગાઉ ક્યારે યે રજૂ કરવામાં આવી નહોતી. તેથી આ સંગ્રહની ચીજો સ્વસ્થાને પાછી ફરતાં વિખરાઈ જાય એ પહેલાં ભારતની પ્રજાને પણ એ જોવાનો લાભ આપવાના ઉદ્દેશથી એ સમયના ગવર્નર જનરલ લૉર્ડ માઉન્ટબૅટને રાષ્ટ્રપતિભવનના દરબાર ખંડમાં પ્રદર્શિત કરવા મંજૂરી આપી. અહીં પણ એને એટલી જ સફળતા ને પ્રશંસા મળી; અને એ પરથી, એ સંગ્રહમાંની કૃતિઓ એના સંગ્રાહકો જો આપે તો એ મેળવીને રાષ્ટ્રીય સંગ્રહસ્થાનનું મંગલાચરણ કરવાનો ખયાલ વહેતો થયો. આ માટે એ સમયના શિક્ષણપ્રધાન મૌલાના અબુલ કલામ આઝાદે જાહેર વિનતિ કરી. એનો સારો ઉત્તર પણ મળ્યો ને એ રીતે પ્રાપ્ત થએલા નમૂનાઓથી રાષ્ટ્રીય સંગ્રહનો આરંભ થયો.

ભારતના પુરાતત્ત્વ ખાતાના મહાસંચાલકના હાથ નીચે આ રાષ્ટ્રીય સંગ્રહને મૂકવામાં આવ્યો. ધીમેધીમે મળતી જતી અવનવી ભેટો, ખરીદીઓ વગેરે દ્વારા એમાં વૃદ્ધિ થવા લાગી. 'સેન્ટ્રલ એશિયન ઍન્ટિક્વીટી કલેક્શન' નામે ઓળખાતો એક બહુમૂલ્ય સંગ્રહ સર ઑારેલ સ્ટાઈને મધ્ય એશિયાની પોતાની ક્ષેત્રતપાસ દરમ્યાન એકઠો કરેલો તે એમણે રાષ્ટ્રીય સંગ્રહસ્થાનને ભેટ આપી દીધો. આવી નાની મોટી ભેટોથી તથા અન્ય રીતે આજે રાષ્ટ્રીય સંગ્રહસ્થાનમાં લગભગ એક લાખ જેટલા વિધવિધ નમૂનાઓ એકઠા થયા છે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનની નજીક દોઢ કરોડથી યે વધુ ખર્ચે તૈયાર થએલા ભારતના આ રાષ્ટ્રીય સંગ્રહસ્થાનના ષટ્કોણાકાર મકાનના ત્રણ મજલામાં રચાએલી ૨૮ જેટલી વિથિઓમાં કલા, કારીગરી, હસ્તલિખિત ગ્રંથો, પ્રાગૈતિહાસિક અવશેષો, નૃવંશશાસ્ત્રને લગતા નમૂનાના, પ્રાચીન હથિયારો, ઝવેરાત, સિક્કા, ઈત્યાદિ અનેકવિધ સામગ્રી હિંદ ને અંગ્રેજી નોંધો સાથે પ્રદર્શિત થએલી છે. આ સમગ્ર સંગ્રહની જાળવણી માટે એક પ્રયોગશાળા પણ ત્યાં છે. અમુક ચોક્કસ વિષય પર પ્રદર્શનો, વ્યાખ્યાનો વગેરે પણ અવારનવાર થતાં રહે છે. ભારતીય જમીનમાંથી મળી આવતી કોઈ પણ સંગ્રહયોગ્ય ચીજ પર એનો પ્રથમ અધિકાર ગણાય છે. સોમવાર અને કેટલીક રજાઓ સિવાય હમેશાં સવારના ૧૦ થી ૫ સુધી એ ખુલ્લું રહે છે, અને શનિવાર સિવાય બધા દિવસે પ્રવેશ મફત છે. —સં.


આરંભમાં તો એકઠા થતા જતા આ સંગ્રહને રાષ્ટ્રપતિભવનમાં રાખવામાં આવ્યો હતો. ઈ. ૧૯૫૫ની ૧૨મી મેએ એ સમયના વડા પ્રધાન પં૦ નેહરુએ તેના આજના ભવનનો પાયો નાખ્યો. અને ૧૯૬૦ની ૧૮મી ડિસેમ્બરે રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને એનું ઉદ્‌ઘાટન કર્યું. જોકે સંગ્રહાલયની મૂળ યોજના પ્રમાણે તો એનો માત્ર ૪૫% ભાગ જ હજી બંધાયો છે. બાકીનો ભાગ ઈ. ૧૯૬૫ સુધીમાં પૂરો કરવાનો હતો તે ચીન-પાકિસ્તાનનાં આક્રમણો અને અન્ય રાષ્ટ્રીય મુશ્કેલીઓને કારણે હજી સુધી પૂરો થઈ શક્યો નથી.

આ સંગ્રહસ્થાનનો મુખ્ય હેતુ દેશ-વિદેશ સમક્ષ ભારતની અને અન્ય દેશોની, અનેકવિધ વિષયોનું જ્ઞાન આપતી ચીજવસ્તુઓ સંશોધન અને લોકશિક્ષણાર્થે રજૂ કરવાનો છે. એનું સંગ્રહક્ષેત્ર સમગ્ર ભારત અને બૃહદ્ ભારતને આવરી લે એ સ્વાભાવિક છે. સાથોસાથ તુલનાત્મક ખયાલ મેળવવા માટે પરદેશના કલાસંસ્કારનો ખયાલ આપતા નમૂનાઓ પણ પ્રદર્શિત કરવાની જરૂર સ્વીકારાઈ છે. આ દૃષ્ટિએ યુરોપ અને દક્ષિણ અમેરિકાનો કેટલોક સંગ્રહ પણ અહીં જોવા મળે છે.

સરળતા અને પદ્ધતિસરની રજૂઆત માટે સમગ્ર સંગ્રહ હાલ ૨૮ વિભાગમાં વહેંચાએલો છે. વળી, આ દરેકે દરેક વિભાગમાં પણ જે તે વસ્તુની રજૂઆત ઘણી અસરકારક એવી આધુનિક રીતે કરવામાં આવી છે.

અહીંના સંગ્રહની રજૂઆતના આરંભમાં ભારતમાં આદિ માનવ-





પંજાબમાં હડપ્પામાંથી મળેલા ઈ.પૂર્વે ૨૦૦ વર્ષ પહેલાંના એક શબપાત્રનું માટીનું ઢાકણ. એના પરનું હરણ અને ત્રણ ફૂલનું આલેખન એ કાળની પ્રાણિચિત્રણા અને સંખ્યાવાચક સંજ્ઞાનો પ્રચાર સૂચવે છે. અહીંનો આટલો પ્રાચીન સંગ્રહ ભારતમાં અદ્વિતીય છે. જમણી બાજુ: જહાંગીરના સમયના સોનાના એક સિક્કાની બે બાજુ. સંગ્રહસ્થાન પાસે છેક ઇ. પૂર્વે છઠ્ઠી સદીથી માંડી ૧૮મી સદી સુધીના વિવિધ પ્રકારના હજારો સિક્કાનો વિપુલ સંગ્રહ છે. -સં.

ની શરૂઆતથી છેક આજ સુધીના નમૂનાઓ ગોઠવેલા છે. જેમાં આદ્ય ઐતિહાસિક કાળના આરંભના, મધ્ય સમયના અને છેવટના પથ્થરનાં હથિયારો, ઈ. સ. પૂર્વે ૧૦૦૦ વર્ષ પહેલાંનાં તામ્રયુગનાં હથિયારો, એ પછી મેગાલિથિક યુગ (ઈ. પૂર્વે ૭૦૦થી ૩૦૦)ના નમૂનાઓ એમ કાલાનુક્રમે થતા રહેલા વિકાસને તાદૃશ કર્યો છે.

આ પછી ભારતના સાંસ્કૃતિક વિકાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી સિંધુ તટની સંસ્કૃતિના અવશેષો જોવા મળે છે, જેમાં મોંહે-જો દડો, હડપ્પા, લોથલ, કાલીબંગાન (રાજસ્થાન) વગેરે સ્થળોનાં ઉત્ખનનમાંથી પ્રાપ્ત થએલાં વિવિધ ઘાટનાં માટીનાં પાત્રો, હજી સુધી નહિ ઉકેલી શકાએલી ત્યારની ભાષાના લખાણવાળી મુદ્રાઓ સુવર્ણાભૂષણો, મણકાઓ તાંબાનાં વાસણો આદિ વિરલ વસ્તુઓ છે.

વિવિધ માનવવંશનો પરિચય આપતા વિભાગમાં વિખ્યાત માનવવંશશાસ્ત્રી વેરીઅર એલ્વિન પાસેથી ખરીદેલા નમૂનાઓનો સંગ્રહ ભારતની આદિવાસી જાતિઓ, એમના રંગબેરંગી પહેરવેશો, આભૂષણો અને રોજિંદા વપરાશની એમની ચીજવસ્તુઓ રજૂ કરે છે. આપણી જ ભૂમિ પર વિકસેલું આ વૈવિધ્ય પ્રણુ નવાઈ પમાડે એવું છે.

ભારતમાં જ તૈયાર થએલા અને થતા અનેકવિધ કાપડના નમૂના, હાથીદાંત, ચરાબ તથા કાચમાં કોરેલી કલાકૃતિઓ, રોજિંદા ઉપયોગની કલામય ચીજો, દેશના વિવિધ પ્રદેશોમાં વિકસેલી વિવિધ કારીગરીના નમૂનાઓ ઈત્યાદિનો સંગ્રહ પણ અભ્યસનીય ને પ્રેક્ષણીય છે.

આ રાષ્ટ્રીય સંગ્રહમાં જુદાજુદા સમયના લગભગ ૪૦,૦૦૦ સિક્કાઓ છે. હમણાં જ થોડા વખત પહેલાં ન્યૂ યૉર્કમાં જઈ વસેલા એક ભારતીય વેપારી શ્રી હીરામાણેક અને મિસિસ એલિસે અમેરિકાની પ્રી-કોલંબિયન કલાના ૩૫૫ નમૂનાઓ ભેટ આપ્યા છે જે મેક્સિકો, મધ્ય અમેરિકા, પેરૂ અને ૬૦ અમેરિકન પ્રદેશમાંથી એકઠા થએલા છે, ને તેમાં ઈ. પૂર્વે ૧૦૦૦થી માંડી ઇ.ની ૧૫મી સદી સુધીના સમયનાં માટીનાં વાસણ, પથ્થર અને કાષ્ઠનાં શિલ્પો, વસ્ત્રો, માટીનાં રમકડાં ને ધાતુકામના નમૂનાઓ છે. પરદેશનો આવો સંગ્રહ પણ ભારતમાં માત્ર આ સંગ્રહસ્થાનમાં જ છે.

આમ, દેશના અને અમુક અંશે પરદેશના સંસ્કારવારસાને પ્રદર્શિત કરતું આ રાષ્ટ્રીય સંગ્રહસ્થાન દિલ્હી ઉપરાંત આસપાસના પ્રદેશોમાં પોતાની અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે પણ વિખ્યાત છે. અવારનવાર અહીં માટીનાં રમકડાં અને વિવિધ પ્રતિમાઓ જોવા મળે છે. સિંધુ તટની સંસ્કૃતિના અવશેષોનો અહીંના જેટલો મોટો સંગ્રહ ભારતના અન્ય કોઈ સંગ્રહસ્થાનમાં નથી.

આ સંગ્રહ પછી ભારતીય શિલ્પકળાનો વિકાસ રજૂ કરી મૌર્ય કાળથી માંડી ઈસ્વી સનની સોળમી સદી સુધીની પ્રતિમાઓને પાંચેક વિથિઓમાં ગોઠવવામાં આવી છે. વગેરે ભારતની વિખ્યાત શિલ્પશૈલીઓના સુંદર નમૂનાઓ એના છે. ચોળ, વાકટક, પાલ, ચેદી, પ્રતિહાર, ગુજરાત, રાજસ્થાન, નેપાળ વગેરેનાં ધાતુશિલ્પો પણ તેમાં છે.

આ ભવ્ય ઈમારતના પ્રથમ મજલે એક ખંડમાં ચમ્બાના મહેલનાં ભીંતચિત્રો છે. અજંટા, ઇલોરા ને બાઘની ગુફાઓનાં ભીંતચિત્રોની પ્રતિકૃતિઓ પણ અહીં છે. જુદીજુદી ભાષાના હસ્તલિખિત અને સચિત્ર ગ્રંથોનો સંગ્રહ પણ મોટો છે એની સાથે રાજપૂત, મુઘલ, પહાડી, પશ્ચિમ ભારત, ઈરાન વગેરેની ચિત્રશૈલી રજૂ કરતા લઘુચિત્રોનો સંગ્રહ પણ ઉત્તમ ગણાય એવો છે. નેપાળ અને તિબેટના 'ટંકા' પણ અહીં સંઘરાયા છે. સર ઑરેલ સ્ટાઇનનો ભીંતચિત્રો, કાપડના નમૂનાઓ, સુંદર કોતરકામવાળા કાષ્ઠના અવશેષો, ખરોષ્ઠી લિપિના લખાણવાળી અનેક ગોળ મુદ્રાઓ વગેરેનો સંગ્રહ પણ ઘણો મૂલ્યવાન ગણાય છે.

બીજા મજલે ભારતની જુદાજુદા સમયની જુદીજુદી લિપિઓના તથા એશિયાની વિવિધ લિપિઓના વિકાસનો ખયાલ આપતા પ્રાચીન શિલાલેખોનો એક સારો સંગ્રહ અહીં છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિને સમજવા માટે વિવિધ સાંસ્કૃતિક વિષયો અંગે પ્રદર્શનો યોજાતાં રહે છે. અને અહીંના સંગ્રહને આધારે વિવિધ વિષયો પર વ્યાખ્યાનો પણ થતાં રહે છે. શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓને આમંત્રી એમને આ સંગ્રહનો સવિગત પરિચય આપી એમના અભ્યાસમાં પૂરક જ્ઞાનનો વધારો કરાય છે. હમણાં હમણાં વળી એક 'મ્યૂઝિયમ જીપ' શરૂ કરી આજુબાજુના પ્રદેશોમાં પણ આ સંગ્રહના આધારે જ્ઞાન પહોંચાડાય છે. આ રીતે, ભારતના પ્રાચીન ઇતિહાસ, કલા અને અન્ય સંસ્કારોના સંશોધન માટે પણ આ સંસ્થા ઘણી સહાયરૂપ બની રહી છે. આ માટે બહુ જ મદદરૂપ બની શકે એવું સમૃદ્ધ પુસ્તકાલય પણ આની સાથે સંકળાએલું છે જ્યાં અભ્યાસીઓને જરૂરી એવી બીજી સુવિધાઓ પણ છે.

સંઘરાએલા નમુનાઓની માવજત માટે એશિયાભરમાં મોટી એવી અદ્યતન પ્રયોગશાળા પણ આ સંગ્રહાલય સાથે સંકળાએલી છે. દેશના અને પરદેશના અન્ય સંગ્રહાલયો પણ એનો લાભ લે છે.

શૈક્ષણિક ઉપયોગ માટે અહીંના સંગ્રહમાંના મહત્ત્વના નમૂનાઓની પ્રતિકૃતિઓ પણ અહીંથી યોગ્ય કિંમતે મેળવી શકાય છે. આ માટે તો સંગ્રહાલય પહોંચી પણ ન શકે એટલી બધી માગ હમેશાં રહે છે.

આમ, આજે આપણી ઉન્નતિમાં ઘણો અગત્યનો ભાગ ભજવતા એક રાષ્ટ્રીય સંગ્રહાલય માટે આપણે સહેજે ગર્વ લઈ શકીએ.

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૨૯૫થી

ધ્વનિના ભૌતિક શાસ્ત્રથી માંડીને સ્વરો, લયો, રાગો અને તાલોના પ્રભાવના સૂક્ષ્મ ગાયન લગીનો રહ્યો છે. એમણે કર્ણાટકી અને પાશ્ચાત્ય સંગીતનું પણ હિંદુસ્તાની સંગીત સાથે તુલનાત્મક દર્શન કર્યું છે ગુજરાતી સાહિત્યના ૨૪મા દિલ્હી અધિવેશનના કલાવિભાગના પ્રમુખપદેથી એમણે આપણા લોકસંગીતની પણ ટૂંકી છતાં મર્મગ્રાહી મીમાંસા આપી છે. એ પ્રવચનમાં એમના વિવિધ રસનું, સંગીતશાસ્ત્રના ઊંડા જ્ઞાનનું, મીમાંસકતરીકેના તાટસ્થ્યનું અને પ્રયોગપૂત મૌલિક દૃષ્ટિનું આપણને પૂરતું દર્શન થાય છે. વળી એ ચર્ચામાં એમણે સંગીત મીમાંસાની નિર્વિકલ્પ પરિભાષાનો પરિચય પણ આપ્યો છે.

રાગદારી સંગીત સાથે ગુજરાતી સાહિત્યની ગીતકૃતિઓ પ્રત્યે પણ જનતાની અભિરુચિ કેળવાય એવા અભિલાષથી એમણે છેક ૧૯૨૪થી એક પહેલ કરી હતી: ગુજરાતના ખ્યાતનામ કવિઓની ગેય રચનાઓને દેશી, ભટિયાર, શ્રી, ગોરખી, આહીર જેવા અપ્રચલિત તેમ જ અન્ય રાગોમાં ઢાળી જુદીજુદી સંસ્થાઓ દ્વારા તેની રજૂઆત તેઓ કરાવતા. ગીતોના રાગદારી છતાં ભાવવાહી ઢાળો રચવાની એમની હથોટી અનોખી છે. એમાં એમનું ધ્યાન સંગીતના સૌંદર્ય તરફ જેટલું રહે છે તેટલું જ ગીતોના સાહિત્યગુણને પ્રગટાવી આપવા પ્રત્યે રહે છે. પદના શબ્દોની ખોટી ભાંગતોડ ટાળીને, શબ્દોના લઘુગુરુ ઉચ્ચાર સંભાળીને, ને પંક્તિનો અર્થ સુસ્પષ્ટ રહે તેમ વિરામચિહ્નો લક્ષમાં રાખીને ઢાળ બાંધવાની એમની દૃષ્ટિને શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ અને અન્ય સાહિત્યકારોએ ખૂબ બિરદાવેલી જાણી છે. સ્વ. બલવંતરાય ઠાકોરની ૭૫મી જયંતીએ સૂરતમાં યોજાએલા એક સમારંભ માટે એમણે બાંધેલી સુંદરમની કૃતિ 'સાંજને સમે સખી આવજે'થી એ દુરારાધ્ય વિવેચક (ઠાકોર) પણ એટલા પ્રસન્ન થયા હતા કે તેમણે સ્થાનિક 'પ્રતાપ' પત્રમાં પ્રગટ કરવા એને અંગે એક ખાસ લેખ મોકલેલો.

કંચનભાઈએ બાંધેલી એવી બંદિશોમાં 'જય જય ગરવી ગુજરાત' અને 'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ' ખૂબ પ્રસિદ્ધિ પામી છે. તેમાં 'વિરાટનો હિંડોળો' અને બીજી કેટલીક બંદિશો તો પંડિત ઓમકારનાથજીને પણ એટલી ગમી ગએલી કે તેઓ પોતાના જાહેર કાર્યક્રમોમાં એ બંદિશો કંચનભાઇનો નામોલ્લેખ વિનાસંકોચ કરીને રજૂ કરતા. વળી ૧૯૫૫માં મુંબાઈમાં 'સોનાવાટકડી' રજૂ થએલું તેનું સંગીતનિદર્શન કંચનભાઇએ કરેલું. એમાંનું ધ્રુપદમાં રજૂ થએલું એક ગીત સાંભળીને હરીફાઈના એક નિર્ણાયક સંગીતવિવેચક ડૉ. ડી જી. વ્યાસે અતિ પ્રસન્ન થઈને કંચનભાઇને ખાસ અભિનંદન આપેલાં.

આકાશવાણીના શ્રોતાઓને પણ એમની સ્વર બાંધણીની ખૂબીઓ જાણ્યેઅજાણ્યે માણવાના પ્રસંગો આવ્યા છે. ૧૯૫૮માં કવિ નર્મદની ૧૨૫મી જયંતીએ રેડિયોએ રજૂ કરેલા મ્યૂઝિકલ ફીચરનું સંગીતનિદર્શન કંચનભાઇએ કરેલું. એ જ રીતે ૧૯૬૩માં અકાદમી તરફથી પ્રગટ થએલાં શૌર્યગીતો પૈકી શ્રી ચંદ્રવદન મહેતાનાં બેએક ગીતોને ઢાળ આપીને એમણે રેડિયો પરથી રજૂ કરાવેલાં.

કંચનભાઈની કેટલીક બંદિશ જુદાંજુદાં સામયિકોમાં સ્વરલિપિ સાથે પ્રગટ થઈ હતી. ખાસ કરીને 'બે ઘડી મોજ'ના ૧૯૩૧ના કેટલાક અંકોમાં એવી રચનાઓ છપાઈ છે. ઉપરાંત કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનાં પદો એમણે ગુજરાતીમાં ઢાળ્યાં છે, જેમાંનાં બે સ્વરલિપિ સાથે 'પરબ'ના અંકમાં પ્રગટ થયાં છે. બાળગીતોને પણ કંચનભાઈ વીસર્યા નથી. તેમાંથી પણ એમણે સુંદર સ્વરરચનાઓ નિપજાવી છે. એમાંની કેટલીકની ગ્રામોફોન રેકર્ડ શ્રી વસંત નાયકે ઉતરાવેલી છે તે પરથી એમની બંદિશકલાનો પરિચય મળી શકે એમ છે. આમ એમણે કુલ હજારેક જેટલા સ્વરબંધ કર્યા છે. એમાં કેટલાકનાં તો રાગસંયોજન પણ એમણે મૌલિક રીતે પોતે કરેલાં છે. એ બધાને તેઓ ગ્રંથસ્થ કરીને વહેલી તકે લોક સમક્ષ મૂકી શકે તો આપણા સુગમ સંગીતની એ મહામૂલી સંપત્તિનું જતન થઈ શકે છે.

સંગીતવિવેચક તરીકેની કંચનભાઈની પ્રતિભાનો પરિચય ઉપર ઉલ્લેખાએલા દિલ્હી સાહિત્ય પરિષદ સંમેલનમાંની એમની મીમાંસા પરથી મળી રહે છે. એ વિવેચના ઉપરાંત કેટલાક ખ્યાતનામ સંગીતકારો વિશે આલોચનાઓ કરી છે તથા અન્ય વાર્તાલાપો એમણે આકાશવાણી પરથી રજૂ કર્યા છે. વળી આકાશવાણીના એવા સહ-વાર્તાલાપોમાં પણ એમણે ભાગ લીધો છે. એમને અંગત રીતે પંડિત ઓમકારનાથજી સાથે ચર્ચા કરવાના તો બહુ બહુ પ્રસંગ આવેલા. તેમાં ધ્વનિશાસ્ત્ર પરત્વે તેમજ રસ, લાલિત્ય ને વાગ્ગેયકારની દૃષ્ટિએ સંગીતકલા વિષયક ઘણો મહત્ત્વનો અને મૌલિક વિચારો રજૂ કરતો વિનિમય થતો. અને એમાં પણ કંચનભાઈની મૌલિક દૃષ્ટિનું અર્પણ થતું રહેતું. સદ્ગત રામનારાયણ પાઠકે તો પોતાના બૃહત્ પિંગળના સંદર્ભમાં સંગીત ને પિંગળ વિશેની ચર્ચાઓ એમને ત્યાં રહીને કરેલી. વળી ૧૯૪૮ની મુંબાઈની જ્યાર કમિટીના ગુજરાતી સભ્ય તરીકે આદર્શ સ્વરાંકન પદ્ધતિ વિશે પોતાના વિચારો દર્શાવતો એક આલેખ પણ એમણે રજૂ કર્યો હતો. ત્યાર પછી ઈ. ૧૯૫૯ '૬૦માં મુંબાઈ રાજ્ય તરફથી યોજાયેલા સંગીત મહોત્સવના સેમિનારમાં નડિયાદમાં એમણે પંડિત ઓમકારનાથજીને પ્રમુખપદે સંગીતવિષયક વિશદ વ્યાખ્યાન આપેલું અને ભરૂચ વગેરે સ્થળોએ સંગીત-સંસ્થાઓના સમારંભોમાં પ્રમુખસ્થાનેથી ઘણી મનનીય વાતો કરેલી.

કંચનભાઈ સંગીતના એક સારા શિક્ષક ને શિક્ષણકાર પણ છે. વડોદરાની મ. સ યુનિવર્સિટીની કૉલેજ ઑવ ઇન્ડિયન મ્યૂઝિકના લાંબા સમય પ્રિન્સિપલ રહેલા શ્રી આર. સી. મહેતા અને સૂરતના આગળ પડતા સંગીતકાર શ્રી મહાદેવ શર્મા શાસ્ત્રી જેવાની સંગીતની તાલીમમાં એમણે કોઈ વ્યવસાયી સંગીતકાર તરીકે નહિ પણ કેવળ સંગીતપ્રીત્યર્થે મહત્ત્વનું માર્ગદર્શન કરાવ્યું છે. એ સિવાય પણ બીજાં ઘણા સ્ત્રીપુરુષો કંચનભાઈનું શિષ્યભાવે ઋણ સ્વીકારે છે.

બાળકોને નાનપણથી જ સુરેલ ને લયદાર બનાવે એવી સરળ છતાં સચોટ તાલીમ આપી શકાય તે વિશે એમના વિશિષ્ટ ખયાલો છે અને તે દૃષ્ટિએ એમણે થોડો સમય સૂરતની 'જીવનભારતી' સંસ્થામાં ડૉ. મોન્ટેસરીનાં સંગીતવિષયક સાધનોને અનુલક્ષીને અખતરા કરવા પ્રયાસ આદરેલો. વળી ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી માટે સંગીતકલાનો એક વિશદ અભ્યાસક્રમ ઘડવામાં એમણે અગ્રગણ્ય ફાળો આપ્યો છે. ગુજરાત યુનિવર્સિટી તરફથી જનરલ એડ્યુકેશનના સંગીત વિષયને અનુલક્ષીને યોજાએલા કૉલેજોના અધ્યાપકોના સેમિનારમાં શ્રી ઉમાશંકર જોષીના પ્રમુખપદે એમનું પ્રયોગાન્વિત વ્યાખ્યાન રખાએલું તે સૌની પ્રશંસા પામેલું. ઉપરાંત શારદાગ્રામમાં ૧૯૬૭માં યોજાએલા સંગીતશિક્ષકોના ઓપવર્ગમાં 'સંગીતની તાલીમમાં માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણ' એ વિષય પર પ્રવચન આપતાં એમણે ઘણી નવી વિચારણા અને દૃષ્ટિ રજૂ કરેલી.

સત્તરેક વર્ષથી વડોદરા મ.સ. યુનિવર્સિટીની બોર્ડ ઑવ મ્યૂઝિક અને ફૅકલ્ટી ઑવ ફાઇન આર્ટ્સ પર એમની અવારનવાર નિમણૂક થતી

રહી છે. તે ઉપરાંત વડોદરા યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ તથા ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય-નાટ્ય અકાદમીની વિશારદ, અલંકાર અને એની સમકક્ષ પરીક્ષાઓના પરીક્ષક તરીકે પણ એ સેવા આપતા રહ્યા છે. અમદાવાદની આકાશવાણીની અભિજાત તેમજ હળવા સંગીતના ઉમેદવારોની પ્રતિભાની વરણી માટે ઑડિશન કમિટી પર પણ એઓ લેવાયા છે.

કંચનભાઇનો જીવ જ કલા માત્રનો છે. જોકે એમનો સૌથી વિશેષ ઉલ્લાસ સંગીતમાં રહ્યો છે પણ કલાનાં અન્ય ક્ષેત્રોમાં પણ એમણે પોતાની દૃષ્ટિની અનાયાસ છાપ સૂરતનાં વર્તુળોમાં પાડી છે. વતનમાં ને વિવિધ પ્રદર્શનોની પ્રવૃત્તિઓમાં તેમ જ વિદ્યાર્થી સંઘનાં સપ્તાહોની તથા અન્ય નાટ્ય પ્રવૃત્તિમાં પણ એઓ સદીની બીજી વીશીથી સેવા આપતા રહ્યા છે. સૂરતમાં ભરાએલા ગુજરાત કલાપ્રદર્શનની કાર્યવાહક સમિતિ પર રહી તેની એમણે મન મૂકીને સેવા બજાવી હતી. વળી હરિપરા કૉંગ્રેસના કલાશિલ્પ પ્રદર્શનનું આયોજન કરવામાં પણ એમણે હિસ્સો આપેલો.

સૂરતમાં '૨૮માં ચંદ્રવદન મહેતાનું 'દેડકાની પાંચશેરી' ભજવાયું તેમાં એમણે પોતેબ. ક. ઠાકોરનું પાત્ર હૂબહૂ ભજવેલું. એ નાટ્યપ્રસંગે તો હૉલને થિએટરના સ્ટેજરૂપે ફેરવી નાખતી સજાવટ એમણે સંભાળેલી અને મેક-અપ તથા વાયલિન પર સંગત કરવાની જવાબદારી પણ અદા કરેલી. નાટ્યપ્રયોગનું કામ આવે છે ત્યારે એમને સ્વાભાવિકપણે એવો રસ ચડે છે. કેમ કે નાનપણમાં ૧૬-૧૭ વર્ષની ઉમર સુધીમાં એમણે ૧૦૦ ઉપરાંત નાટકો જોએલાં અને નાટક કંપનીના માણસોનો નિકટ પરિચય મેળવેલો. નાટકના સુયોગ્ય શબ્દો અને સુરેખ વાક્યરચના ધરાવતા લયમધુર સંવાદો લખવાની હથોટી પણ એમને ખરી. કેટલાક મિત્રોએ લખેલાં નાટકોના સંવાદોમાં સુધારા સૂચવવા જતાં આખાય નાટકના સંવાદો એમણે નવેસરથી લખી આપ્યા છે ને તે વિદ્વાન આલોચકોની પ્રશંસા પામ્યા છે. વળી નાટકના સંવાદોના ઉચ્ચારણમાં સ્વરભાર કયા કયા શબ્દો પર હોઈ શકે એ વિષે પણ એમને ઝીણવટભરી સૂઝ છે.

ચિત્રકળામાં પણ કંચનભાઇને ખૂબ રસ છે. એમને હાથે જુદાંજુદાં હસ્તલિખિતોનાં ઘણાં સુશોભનો થયાં છે. એ સૌનાં રૂપરંગને ઉઠાવ આપવામાં એઓ ઘણી સહાય કરતા. શ્રી ચંદ્રવદન શાહે એમની સાથે મળીને એક હસ્તલિખિત 'ગરવી ગુજરાત' કાઢેલું તે એક સુંદર કલાસ્વરૂપ હતું. એમની દૃષ્ટિ એ સમગ્રના અંતસ્તત્ત્વ તથા આકાર તરફ અને તેનાં અંગોના લયમાધુર્યના મેળ તરફ રહેતી. એવી દૃષ્ટિથી પ્રેરાઇને એમણે શબ્દગુચ્છના સંકેતના ભાવ પ્રમાણે લિપિના નવનવા મરોડો પણ કરી બતાવ્યા છે. સૂરતની 'જીવન ભારતી' સંસ્થાના કે તેના કળાભવનના પ્રવેશદ્વાર પર એમની એ કળાના નમૂના નજરે પડે છે.


સૂરતના ગાંધીબાગમાંની નર્મદ-પ્રતિમા એમણે પોતાની દોરવણી હેઠળ તૈયાર કરાવેલી. વળી નાના સામાન્ય આકારોની કારુકલામાં પણ એમણે પોતાની સુરુચિના સ્પર્શ આપ્યા છે. હારમોનિયમનો રેડિયોધાટ સૌ પહેલો એમણે તૈયાર કરાવેલો. લિપિમુદ્રણના ક્ષેત્રમાં રસ લઈને ટાઇપોગ્રાફી પાસેથી પણ એમણે કળાધરની દૃષ્ટિથી કામ લીધું છે. એમ 'ગુજરાત મિત્ર'ના ઘણા દિવાળી અંકોએમની ચીવટથી મુદ્રણે રુચિકર બનીને દીપી ઊઠેલા.

આમ કંચનભાઇને સંગીત ઉપરાંત ચિત્રકલા, શિલ્પકલા, નૃત્યકલા, નાટ્યકલા, કાવ્યકલા ઈત્યાદિનો સારો રંગ લાગેલો. એથી પ્રત્યેક કલાની સૌન્દર્યલીલા વચ્ચેના સામ્ય અને એકમેકની પોષકતા વિશે ઊંડું મનન અને ચિંતન કરતાં એમણે પોતાની એક વિશિષ્ટ દૃષ્ટિ કેળવી છે. એ બધાના પાયામાં પુષ્ટિ સંપ્રદાયની જ અસર ગણી શકાય. એ સંપ્રદાયનો શુદ્ધ મર્મ ઝીલી ઝીલીને કંચનભાઈ પોતે રસમૂર્તિ બની ગયા છે. એમને મન જીવન આખું રસરૂપ છે, ને તેની પ્રતીતિ 'સૂરત સોનાની મૂરત' એ ગ્રંથમાં એમણે અર્પેલ 'સૂરતનો રસોલ્લાસ' પ્રકરણમાં મળી રહે છે. જીવનના એ ઝર્ંગી રસના અવગાહનમાં એમણે પોતીકું ખોઇને પણ અન્યને ઉત્તેજન આપ્યું છે – પોતીકું ધન અને પોતીકો સમય ખોઈને. એમને અંગત જીવનમાં જેવી તેવી કસોટી નથી આવી; પણ રસબ્રહ્મના આ ઉપાસકને એમની તપસ્યાના પાયા પરથી કોઈ ચલિત કરી શકી નથી.

આજે સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી તરફથી ગૌરવપુરસ્કાર મળતાં એમની જે કદર થાય છે તે સર્વથા ઉચિત જ છે. એ પહેલાં પણ એમની કદર જાણકારોમાં ઠેરઠેર થતી આવી છે. છતાં એમ કહેવું જોઇએ કે એમની સૌથી પહેલી કદર કરી એમનાં ધર્મપત્ની શ્રીમતી સુંદરમતીએ. એમના કુટુંબ પર વિપત્તિઓનો પ્રવાહ ચાલુ જ રહ્યો છે; તેમ છતાં એમણે કંચનભાઈના રસમાં રસ લઈ ને પતિના નાદને પુરસ્કાર્યો છે. ગુજરાતના કલાક્ષેત્રમાં કંચનભાઇએ જે સેવા આપી છે તેમાં સુંદરમતીબહેનનો ફાળો પણ ગણાવો જોઈએ.

અંતમાં એટલી પ્રાર્થના કે કંચનભાઈ સારું આરોગ્ય ભોગવતા રહે અને સંગીતની હજુ વધારે સેવા કરતા રહે. સંગીતકળા વિશેનાં એમનાં ઊંડાં ચિંતન અને મનનને પરિણામે એમના અંતરમાં કંઇક અવનવી કલ્પનાઓ અને વિવિધ દૃષ્ટિકોણથી વિચારેલી વાતો ઘોળાતી રહી છે. પણ એમની અષ્ટપહેલુ કલાપ્રીતિને કારણે એઓ એકાગ્ર બનીને સંગીતવિષયક લેખનકાર્ય અપનાવી શક્યા નથી. તો એટલી વિશેષ પ્રાર્થના કે એવી પ્રવૃત્તિ કરવા તરફ એઓ વધારે ઉત્સુક બને અને પોતાના જ્ઞાનનો સંચય ગ્રંથસ્થ કરે.

આ અંકના પૂઠામાં આવેલી ગાંધી શતાબ્દી નિમિત્તની બ્રિટનની ટપાલટિકિટના



આલેખક પણ એક ભારતીય શ્રી બિમનમલ્લિકછે. મૂળ સાહિત્યના વિદ્યાર્થી પણ રસ જાગતાં કારુકલાના અભ્યાસ માટે ૧૯૬૦માં બ્રિટન જઈને જ વસી હાલ તેઓ ઍડવર્ટાઇઝિંગ ડિઝાઈન, ટાઈપોગ્રાફી, બુક-ડિઝાઈન, પૅકેજિંગ અને ગ્રંથચિત્રો કરે છે. ટપાલટિકિટના ડિઝાઈનનો આ એમનો પહેલો જ પ્રયત્ન છે ને તેમાં કુલ સાત હરીફો સામે તેમની આ રચના પસંદગી પામી છે. (પ્રેષક: રમણિકલાલ. સોલંકી, લંડન)

રીજિયનલ કો-ઑપરેશન ફૉર ડેવેલપમેન્ટ (RCD) નામના, પાકિસ્તાન, તુર્કસ્તાન અને ઈરાનના એક સહકારસંઘની પાંચમી જયંતી નિમિત્તે ગઈ ૨૧ જુલાઈએ બહાર પડેલી જે ટિકિટો આ અંકના પૂઠામાં આપી છે તેમાં એ દેશોની કલાશૈલીનાં લાક્ષણિક ચિત્રો આપ્યાં છે. એમાં એક રૂપિયાની ટિકિટમાં તુર્ક ચિત્રશૈલીમાં શેખ અબ્દુલ લતીફનું સ્વાગત કરતો સુલતાન સુલેમાન ૫૦ પૈસાની ટિકિટમાં ૧૭મી સદીના રીઝા અબ્બાસી નામના ઈરાનની ઈસ્પહાન શૈલીના વિખ્યાત ચિત્રકારની કૃતિ અને ૩૦ પૈસાની ટિકિટ પર મુઘલ કલમનું, ઝરૂખામાં બેઠેલી ઉમરાવ સ્ત્રીનું ચિત્ર છે. આ ત્રણે ટિકિટો બહુરંગી હોઈ વધુ સુંદર લાગે છે.

(પ્રેષક: સદાનંદ જોષી-અમદાવાદ)




ઈસ્ટ ઈંડિયા કંપનીએ બાંધવા માંડેલાં વહાણો બેડોળ દેખાતાં. એમાં ચાર થંભ રહેતા. પાછલા બે પર ત્રિકોણ અને ટોચે ચોરસ સઢ લાગતા. એમના સિવાય ૧૭મી સદી સુધીનાં મોટા ભાગનાં વહાણો પર ત્રણથી વધુ થંભ રહેતા નહોતા. કંપનીનાં 'ઈસ્ટ ઈંડિયામૅન' જહાજ નીચાં, બુઠ્ઠા મોરાનાં પાછળના ભાગે વધુ ઊંચાં દેખાતાં, ઈસ્ટ ઇંડિયામૅન વેપારી અને લડાયક જહાજના મિશ્રણ જેવું બનતું. ચાંચિયાઓના સંભવિત હુમલા સામે જરૂર પડચે લડવાની પૂરતી તૈયારી રખાતી. ઇંગ્લિશ વહાણોમાં પાછળના ભાગને પાણીની સપાટીથી દસેક ફૂટ ઉપર સુધી વળાંક આપીને તે પછીની ઉપરની રચનાને ચોરસ બનાવાતી. ઈ. ૧૬૫૦ સુધીનાં ઈંગ્લિશ વહાણોમાં એ ખાસ જોવા મળે છે. (જુઓ નીચેનાં ચિત્રો) એમાં તળિયે કેટલીક વાર સીસાનું રક્ષક આવરણ પણ લગાડાતું. દરેક વહાણ પર એક દાક્તર રહેતો. કંપનીના ખલાસીઓની સારવાર મફત થતી. દરેક માણસને સફર પહેલાં બે માસનો પગાર અગાઉથી મળી જતો.

જાતે વહાણ બાંધવાના વીસેક વર્ષના અનુભવ પછી ઈસ્ટ ઈંડિયા કંપનીએ તૈયાર વહાણો ખરીદવાનું જ સ્વીકારી લીધું હતું.



ઈંગ્લિશ (ડાબી બાજુ) અને અન્ય યુરોપીય વહાણના પાછળના ભાગનો તફાવત.



એક વાર પૂર્વે, મા, અરિ-કર કેદી હતી તું જ્યારે,
છોડાવી'તી તને અમે, મા, શહીદની શત-ધારે;
આજે, મા, તારાં સંતાનો, અમે જ તારા દુશ્મન,
મુક્ત છતાં તું બંધનમાં—અમ જડતા-કારાગારે.
(નચિકેતા)

શ્રી ચિનુભાઈ પટવા 'ફિલસૂફ'

છેલ્લાં અઠ્ઠાવીસેક વર્ષથી 'ગુજરાત સમાચાર'માં દર શનિવારે 'પાનસોપારી' મથાળા નીચે હાસ્યકટાક્ષના લેખો લખી ગુજરાતના હાસ્યલેખકોમાં નિરાળું સ્થાન મેળવનાર 'ફિલસૂફ' ઉપનામધારી શ્રી ચિનુભાઈ ભોગીલાલ પટવાનું ગયા (જુલાઇ) માસની ૮મી ને મંગળવારે સાંજે ૫૮ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અવસાન થતાં આપણા અલ્પસંખ્ય હાસ્યલેખકોમાં મોટી ખોટ પડી છે. નિર્મળ ને નિત્ય પ્રસન્ન પ્રકૃતિના, નિરાડંબરી ને વિશાળહૃદયી, સ્વચ્છતાપ્રેમી ને ગુલાબી સ્વભાવના ચિનુભાઈ પટવા સમાજ, શિક્ષણ, સંસ્કાર ને રાજકારણના તટસ્થ ને સમભાવી નિરીક્ષક ને આલોચક હતા.

એમનો જન્મ ઈ. ૧૯૧૧ના ઑક્ટોબરની ૨૬મીએ, જાણીતા ગણિતજ્ઞ અને ખગોળના શૉખીન પિતા ભોગીલાલ કેશવલાલ પટવા અને પ્રેમાળ માતા મંગળાગૌરીના પુત્ર તરીકે મુંબાઈમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ અમદાવાદની નવી ગુજરાતી શાળા અને મિડલ સ્કૂલમાં લઈ તેઓ ઈ. ૧૯૨૯માં આર. સી. હાઈસ્કૂલમાંથી મૅટ્રિક પાસ થઈ ગુજરાત કૉલેજમાં જોડાયા. પણ ૧૯૩૦ની રાષ્ટ્રીય લડત વખતે પિકેટિંગ કરવા જતાં કૉલેજના ગોરા પ્રિન્સિપાલ શિરાઝે એમને બરતરફ કર્યા. પરિણામે એમને મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. થવું પડ્યું. ઈ. ૧૯૩૫-'૩૬માં પદવી પ્રાપ્ત કર્યા પછી તે વીમાના વ્યવસાયમાં જોડાયા, ને તેનું રાષ્ટ્રીયકરણ થતાં અમદાવાદ એલ. આઈ. સી. બ્રાન્ચમાં આસિસ્ટંટ મૅનેજર તરીકે વર્ષો સુધી કામ કર્યા બાદ નિવૃત્ત થયા. એમના હાસ્યલેખોમાં અવારનવાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉલ્લેખાતાં કંચનગૌરી સાથે એમણે ૧૯૩૮માં પ્રેમલગ્ન કર્યાં હતાં.

ઈ. ૧૯૨૯માં જાણીતા પત્રકાર તથા કાર્યકર શ્રી નિરુભાઈ દેસાઈ સાથે અમદાવાદથી મુંબાઈ સુધીનો સાઈકલ-પ્રવાસ ખેડનાર આ સાહસવીરે '૪૨ની ચળવળ વખતે નામાંકિત શહીદ વિનોદ કિનારીવાળાના મૃતદેહને સાર્જન્ટ પાસેથી મેળવી પોતાની કારમાં પહેલાં ઑસ્પિટલ ને પછી ઘેર પહોંચાડવાનું, ધોલેરા, ધારાસણા ને વીરમગામના સત્યાગ્રહોમાં ભાગ લેવાનું અને એ માટે કુલ ચાર વાર જેલવાસ ભોગવવાનું, તથા જેલનો નિયમ તોડી માથાના વાળ સલામત રાખવાનું—એવાં અનેક સાહસ કર્યાં હતાં. 'એલિસબ્રિજ આરોગ્ય સમિતિ'ના મંત્રી અને 'યુવક સંઘ'ના મંત્રી તરીકે એમણે જાહેરજીવનમાં ભાગ લીધો હતો અને નાટકનો અત્યંત શૉખ હોવાથી અમદાવાદના 'રંગમંડળ'માં પણ સક્રિય રસ લીધો હતો.



ચિનુભાઈની લેખનપ્રવૃત્તિનો આરંભ કૉલેજકાળથી જ થએલો. સ્વ. રામનારાયણ પાઠકે 'પ્રસ્થાન'માં 'આબુનો દેડકો' નામે એમનું કથાકાવ્ય પ્રસિદ્ધ કરી એમને પ્રોત્સાહિત કરેલા. જેલજીવનના અનુભવો, સર્વશ્રી ચૂનીલાલ વર્ધમાન શાહ અને

નિરુભાઈ દેસાઈનું અંગત પ્રોત્સાહન તેમજ મોલિયેર, બાલ્ઝાક ને જેમ્સ થર્બરની અસર એમના સર્જનકાર્યનાં પ્રોત્સાહક તત્ત્વો હતાં. ચાના અત્યંત શોખીન ચિનુભાઈએ 'નવસૌરાષ્ટ્ર'માં 'ચા પીતાં પીતાં' શીર્ષક હેઠળ હળવાં લખાણો લખવાં શરૂ કર્યાં એ પછી ૧૯૪૧ થી 'ગુજરાત સમાચાર'ની અત્યંત લોકપ્રિય કટાર 'પાનસોપારી' શરૂ થઈ, જે એમના જીવનના અંત સુધી ચાલુ રહી. એમનું પ્રસિદ્ધ થએલું પુસ્તક 'નવોઢા' હાસ્ય-વાર્તાઓનો સંગ્રહ છે, તો મુંબાઈ રાજ્યનું પારિતોષિક મેળવનાર 'શકુંતલાનું ભૂત' હાસ્ય-એકાંકીનો સંગ્રહ છે. એ બે ઉપરાંત ડઝનેક કૃતિઓ-'પાન સોપારી', 'ફિલસૂફિયાણી', 'ચાલો, સજોડે સુખી થઈએ', 'અમે ને તમે', 'સાથે બેસીને વાંચીએ', 'હળવું ગાંભીર્ય', 'ગોરખ અને મચ્છિન્દ્ર', 'ફિલસૂફને પૃછો', 'સન્નારીઓ અને સજ્જનો', 'અવળે ખૂણેથી', 'શકુંતલા', 'ચાલો, સજોડે પ્રવાસ કરીએ', એ હળવા હાસ્યનિબંધના સંગ્રહો છે. એમાંના 'પાનસોપારી', 'ચાલો, સજોડે સુખી થઈએ', 'હળવું ગાંભીર્ય' ને 'અવળે ખૂણેથી' એ ચાર સંગ્રહોને રાજ્ય સરકારે પારિતોષિકો આપી પુરસ્કૃત કર્યાં છે.

દેશના ને મહદ્ અંશે ગુજરાતના રાજકારણ, સમાજકારણ, શિક્ષણ ને સંસ્કારના ક્ષેત્રમાં બનતા બનાવો પર હળવા કટાક્ષ કરતા એમના લેખોમાં પ્રાસંગિકતા હોવા છતાં એમાંનાં માનવપ્રકૃતિનાં વૈચિત્ર્ય, અવળચંડાઈ ને મર્યાદાઓ પરના નિર્દેશ કટાક્ષો ચિરસ્થાયી તત્ત્વનું દર્શન કરાવે છે. એમનાં નિરીક્ષણો વક્રદૃષ્ટિનાં ને ક્યારેક અત્યુક્તિભર્યાં હોવા છતાં વાસ્તવિકતાના સ્પર્શથી અંકિત છે. ગોરખ-મચ્છિન્દ્રની જોડીના સંવાદોમાં ક્યારેક દેખાતો અંગત દ્વેષ બાદ કરીએ તો એમાં પ્રવર્તમાન રાજકારણની વિલક્ષણતાઓ સારી રીતે વ્યક્ત થઈ છે.

'ઠાકોરભાઈ આઠમા ને પાંચમા', 'માનાપ', 'મગન માધ્યમ' ઈત્યાદિ જેવા હાસ્ય પ્રેરક શબ્દપ્રયોગો લોકજીભે રમતા કરનાર, ગુજરાતના શિક્ષણ ને રાજકારણના સળગતા પ્રશ્નો હળવી રીતે રજૂ કરનાર, રમતગમત, વ્યાયામ, પ્રવાસ ને મિત્રમંડળીના શોખીન, કુશળ વક્તા ને પોતાના ઉપનામને સાર્થક કરતી તાટસ્થ્યભરી ને વિનોદી જીવનદૃષ્ટિ ધરાવનાર શ્રી ચિનુભાઈ પટવાના સર્જન માટે એમના પુસ્તક 'ચાલો, સજોડે પ્રવાસ કરીએ'માંનો આ અભિપ્રાય પૂરતો છે.

'સિદ્ધહસ્ત લેખકોની પેઠે માનસશાસ્ત્રીય વિશ્લેષણનો વિચાર કરવા પણ થોભ્યા વિના, તેઓ આપણા ચાલુ જીવનના નાનાવિધ પ્રસંગોમાંથી હાથે ચડયો તે ઉઠાવી લઈને, તેમાં રહેલી માનવ-સ્વભાવની નબળાઈઓ, બાધાઈઓ ને અવળચંડાઈઓનાં, ઘરગથ્થુ ભાષામાં, હળવા અને કાબેલ હાથે છોડિયાં ઉતારે છે! અને તેમ કરવામાં જરૂરી એવી તીક્ષ્ણ વ્યવહારબુદ્ધિ તથા તર્કયુક્ત દલીલશક્તિ ઉપરાંત, અવળવાણીની એમને જે ફાવટ છે તેની પ્રતીતિ કરાવી રહે છે. પ્રસંગની માવજત અને રજૂઆતની શૈલીની વિશિષ્ટતાએ કરીને ગુજરાતના હાસ્યલેખકોમાં એમણે નિરાળું સ્થાન મેળવ્યું છે.'

કટાક્ષલેખક તરીકે એમની નીડરતા, તેજસ્વિતા ને રમતિયાળ શૈલીથી તે જેટલા વાચકવર્ગમાં પ્રિય હતા એટલા જ લાડીલા તે પોતાના વિશાળ મિત્રમંડળમાં એમના ટીખળી, રંગીન મનોવૃત્તિવાળા અને ગુલાબી સ્વભાવને લીધે હતા. એ સર્વને મુલાયમ ઓપ આપતું એમનું સૌજન્ય સદા યાદ રહેશે.

જવારાનો ઉપચાર

ડૉ. ઍન વિગમોર (ડી.ડી., એન.ડી., પી.એસ.ડી., એમ.એસ.ડી., ડી.બી એમ., ડી.એચ.એમ.) નામનાં એક બાઈએ ઘઉંના કૂણા જવારા વડે રોગ મટાડવાનો ઉપચાર શોધ્યો છે.

આપણે નવરાત્રમાં વાવીએ છીએ તેમ, ખુલ્લામાં નહિ પણ કોડિયામાં ઘઉં વાવવા ને જવારા ઉછેરવા. સૂર્યપ્રકાશ તેના પર ન પડે તેની સાવચેતી રાખવી. આ રીતે નવ દિવસ સુધી તે ઉછેરી દસમે દિવસે કાપી લઈ, સ્વચ્છ પથ્થર પર ચટણી પેઠે ખૂબ લઢીને પાણીમાં ચોળી નાખવા, અને એ પાણી સ્વચ્છ કાપડ વડે ગાળીને રોગ પર પીવું.

આ રીતે ચાલુ પીવા માટે રોજ જવારાનો નવો સમૂહ ક્રમશઃ વાવ્યા કરવો જોઇએ, અને તે દરેક સમૂહ કાળજીથી અલગ રાખી, બરાબર તેના નવમે દિવસે ઉપયોગમાં લેવો જોઈએ. બીજી કાળજી એ રાખવી જોઈએ કે રસ તાજેતાજો લેવો જોઈએ; પડી ન રહેવો જોઇએ. અને તેની સાથે ફળનો રસ સુધ્ધાં લેવો ન જોઈએ.


પેટનાં, દાંતનાં, માથાનાં, આંતરડાંનાં બધાં દરદમાં આ ઉપચાર કામ કરે છે. તે ધીમેધીમે કામ કરતો હોવાથી ઓછામાં ઓછા ૨૭ દિવસ લેવો જરૂરી છે. એ વડે કૅન્સર મટાડયાનો, અને વાળ ધોળા મટીને કાળા થયાનો દાવો છે. —'લ્હાઈ સફર'માંથી

ઘઉંના જવારામાં માણસજાત માટે જરૂરી લગભગ તમામ વિટામિનો અને ક્ષારો છે. આથી આ રસ રોજ થોડો થોડો લેવાથી અનેકના માથા પરથી ખરતા વાળ અટકી ગયા છે એટલું જ નહિ, ટાલ પર પણ વાળ ઊગ્યા છે. ૪૫ વરસનાં એક બહેન આંખની તકલીફને લીધે વાંચી શકતાં ન હતાં. આઠેક દિવસ દરરોજ બે ઔંસ રસ લેવાથી હવે વાંચી શકે છે. વાડી, બંગલા અને મોટરવાળા અને ઘેરે દૂધ આપતી અનેક ગાયોવાળા એક ભાઈ કહે છે: 'આ રસ પીવાનો શરૂ કર્યો તે દિવસથી મારામાં અદ્ભુત સ્ફૂર્તિ આવી ગઈ છે.'

લો બ્લડ પ્રેશરના દર્દીને ઘઉંના જવારાના રસથી બે દિવસમાં આશ્ચર્યમુગ્ધ કરે તેટલો ફાયદો થયો. સુખી કુટુંબના બાર વરસના એક કિશોરને યુક્તાહારમાં હોવું જોઈએ તે બધું જ મળી શકે તેમ હતું—કઠોળ, દૂધ, દહીં, શાકભાજી અને ફળફળાદિ. આમ છતાં સાઇકલ ચલાવવાથી તેના પગમાં કળતર થતું; ઝડપથી લખવાથી કાંડામાં કળતર થતું. આ રસ લેવાનું શરૂ કર્યા પછી ચાર જ દિવસમાં આ કળતર હમેશને માટે મટી ગયું; વળી વજન નવ રતલ વધ્યું!

એક પત્ર: 'મારો પુત્ર હીરા ઘસવાનું કામ કરે છે. એ બારીક કામમાં એની આંખ ખેંચાતી, માથુ દુખી આવતું. ચાર-છ કલાક પછી કામ બંધ કરી દેવું પડતું. પરંતુ એકધારો ત્રણ માસ સુધી દિવસમાં બે વાર મધ, નાગરવેલનાં પાન ને ઘઉંના જવારાના રસના પ્રયોગ પછી એની ફરિયાદ મટી ગઈ. હાલ સારી પેઠે દસ દસ કલાક સુધી કામ કરે છે.'

('ગુજરાતમિત્ર') —લાભશંકર મહેતા



વૃદ્ધોના વસવાટ માટે હુસેલડોર્ફ (પ. જર્મની)ના આ મકાનમાં ઉપર-નીચે જવા આવવા માટે પગથિયાંને બદલે આવા વળાંકવાળા ઢાળની રચના કરી છે કે જેથી વૃદ્ધોને ચડવા-ઊતરવાનો ત્રાસ ન પડે.

અધિક મહિનો

દર ત્રણત્રણ વરસે આવતો અધિક માસ ભારતવર્ષના લગભગ પાંત્રીસેક કરોડ હિન્દુઓને એક જાતનો કાયાકલ્પ કરાવી નાખે છે. વિતેલાં ત્રણ વરસમાં શરીરમાં દાખલ થએલાં અનેક ઝેર ને રોગબીજોને દૂર કરી સામુદાયિકરીતે પ્રજાને તાજગી ને તંદુરસ્તી બક્ષે છે.

ઘણાંખરાં ગામની ભાગોળે નદી, તળાવ, સરોવર, નાળું, નહેરો, દરિયો ગમે તે એકાદ જળાશય હોય છે. અનેક લોકો સવારમાં વહેલા ઊઠી, પ્રાણવાયુથી સભર શીળી હવાને ભજનના લલકારથી ઉલ્લાસવંતી બનાવતા ને ચાલવાની કસરત કરતા જળાશયે જાય છે અને ખૂબ ઉમળકાથી શીતળ જળસ્નાન કરે છે.

કોઇ ડૉક્ટર કે વૈદ્ય દર્દીને આવી પરહેજી, આવી કસરત કે આવું તારાસ્નાન ફરમાવે તો દર્દી ભાગ્યે જ કરે. પણ હિંદુ વિચારકોએ પંચાંગગણનાના એક વિશિષ્ટ અપવાદને ધર્મનું સ્વરૂપ આપ્યું, અને એ ધર્મની સાથે નિસર્ગોપચાર રૂપી આરોગ્ય ધર્મને જોડી દીધો. એક મહિના સુધી મળસ્કાની ખુલ્લી હવા ને ઠંડા જળના કુદરતી સ્નાનથી શરીરને તાકાત, તાજગી ને સ્ફુર્તિનો ખજાનો મળે છે; સાથેસાથે ફળાહાર, રોજિંદું એકટાણું, એકાંતરો ઉપવાસ, કે છેલ્લા ત્રણ, પાંચ યા સાત દી, કે શરૂના ત્રણ પાંચ કે સાત દી ઉપવાસ કે એકટાણું યા આખો મહિનો અલૂણો ખોરાક. અગર આખો મહિનો ફક્ત દૂધ પર કે અમુક પદાર્થો છોડી દઈ જીભને કાબૂમાં રાખવાની.

તન અને મન બંનેને ધર્મને નામે સામુદાયિક રૂપે બળવાન બનાવવાની અધિક મહિનાની આ પરંપરા હિન્દુ આચારશાસ્ત્રીઓની બુદ્ધિનો વિચક્ષણ પરિપાક દાખવે છે. મોક્ષ અને સ્વર્ગ કે વૈકુંઠલાભની ગણતરી પર પ્રજા નિસર્ગમય જીવન જીવી નિસર્ગોપચારથી શરીરનો એક પ્રકારનો કાયાકલ્પ કરે છે.

(ગુજરાત સમાચાર) —નટવરલાલ માલવી

તલેગાંવની તરતી ઈંટો

વર્ધા નજીકના સેવાગ્રામથી ૪૧ માઈલ દૂર આવેલું તલેગાંવ પ્રાચીન ઇતિહાસના રાજા ભીષ્મકની રાજધાની કુન્દનપુરની ઉત્તરમાં નવેક માઈલ પર આવેલું છે. એ જગ્યાએ પથરાએલાં સૈકાનૂનાં ખંડિયેરોમાં દટાયેલી અસામાન્ય કદ (૧૪'' લંબાઈ, ૮'' પહોળાઇ ૩'' જાડાઈ અને ૪ કિલોગ્રામ વજન)ની મોટી ઈંટો જોઈ મારું કુતૂહલ જાગવાથી થોડી ઘેર લાવ્યો. એ કેટલું પાણી ચૂસી શકે છે એ જોવા પાણીના પીપમાં મૂકી પણ ડૂબી જવાને બદલે એ તરવા લાગી ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો ! મધ્યપ્રદેશમાં ધામ નદીના દક્ષિણ કાંઠે પૌનાર (પરમધામ) પાસેના ખંડિયેરોમાં પણ આ જ કદ અને વજનની તરતી ઈંટો મળી આવી છે. એ ખંડિયેરો સાતવાહન યુગનાં છે.

તરતી ઈંટો શા હેતુથી બનાવવામાં આવી હશે એ અનુમાનનો વિષય છે, કારણ કે સામાન્ય ઈંટો જેટલી એ મજબૂત નથી. એ જોતાં એની પાછળ બીજું કોઈ વિશિષ્ટ પ્રયોજન હોવું જોઈએ. પરંતુ એની બનાવટ મને સમજાઈ છે. પ્રાચીન કાળમાં વિદર્ભની ભૂમિ અન્નના ભંડાર સમી હતી. આ અનાજને કાચી માટીની કોઠીઓમાં સંઘરાતું ચોમાસામાં એ ગંધાઈ ઊઠતું. તે ફેંકી દેવાને બદલે ડાંગરનાં ફોતરાં સાથે ભેળવીને ખાંડી નાખવામાં આવતાં માવા જેવું બને. મેં તપાસેલી ઈંટોમાં એ માવા સાથે પ્રાણીઓના મળ જેવો પદાર્થ પણ જણાયો છે. તે ઘોડાની લાદ હોવાનો સંભવ છે. આ ઉપરાંત માટી અને હલકી જાતનો ચૂનો (ચૂનખડી) નાખીને આ ઈંટો બનાવી જણાય છે.

એનું સૂક્ષ્મ પૃથક્કરણ વિજ્ઞાનીઓ કરે અને એવો પદાર્થ આપણે બનાવી શકીએ તો એના અસંખ્ય ઉપયોગો થઈ શકે.

(મહારાષ્ટ્ર પરિચય) —પ્રોફે. ડી. જી. સોટે











હજી તો નવ જ વર્ષનું થયું હોવા છતાં ભારતનું રાષ્ટ્રીય સંગ્રહસ્થાન (જુઓ આ અંકમાંનો લેખ) ઈ. પૂર્વે અઢી હજાર વર્ષ પહેલાંનાં મોહેં જો દરો અને હડપ્પાથી માંડીને અહિચ્છત્ર, કૌસામ્બી, કોન્ડપુર, અખનૂર, નાલંદા, મથુરા, નાગાર્જુન કોન્ડ, દેવગઢ, ગ્વાલિયર, બિકાનેર, ઐહોળે, પટ્ટડકલ, સારનાથ, કોણાર્ક, હળેબિડ વગેરે સ્થળોની પ્રાચીન અને મધ્યકાલીન પથ્થરની તેમજ પકવેલી માટીની પ્રતિમા-ઓનું અનુક્રમે મૌર્ય, શુન્ગ, કુશાણ, ગાંધાર, સાતવાહન, ઈક્ષ્વાકુ, ગુપ્ત, પાલ, સેન, પૂર્વ અને ઉત્તરકાલીન પશ્ચિમી ચૌલુકય, હોયશળ, ચોળ, કાકટીય એમ સિલસિલાબંધ શિલ્પ-શૈલીઓમાં વર્ગીકૃત કરેલું સમૃદ્ધ શિલ્પધન ધરાવે છે. એમાંની કાલાનુક્રમે ચાર કૃતિઓ : ડાબી બાજુથી (૧) **યક્ષ** : પટણામાંથી મળેલી ઈ. પૂર્વે ૨૦૦ની પૂરા કદની આ મૂર્તિ ઘસીને ઓપ આપેલા રેતાળ પથ્થરની છે. એના પ્રૌઢ ઘડના ઘડતરમાં ઊંડે હડપ્પા શિલ્પશૈલીની અસર છે. આ ખંડિત પ્રતિમાના જમણા હાથમાં ચામર હશે એમ લાગે છે. એ ઉપરથી એ કોઈ પરિચારક યક્ષની મૂર્તિ માની શકાય. (૨) **શુક અને સુંદરી** રાજમહાલ (બિહાર)માંથી મળેલી ૬ઠ્ઠી–૭મી સદીના પથ્થરના બારસાખમાંનું એક લલિત શિલ્પ. (૩) **આકાશચારી વિદ્યાધરો** : ઐહોળે (વિજાપુર)નું ૬ઠ્ઠી સદીનું, સરની પશ્ચિમી ચૌલુકય શૈલીનું એક લયમધુર શિલ્પ. (૪) શિર પર જટા-મુકુટમાં બીજચંદ્રધારી **પાર્વતી**. ૧૭મી સદીની દક્ષિણ ભારતની એક શોભનસભર કાંસ્ય પ્રતિમા. —સં.



શિકાર કરતો પાદશાહ બાબર
'બાબરનામા' (ઈ. ૧૫૯૭)માં આલેખાએલું એક ચિત્ર. મુઘલ શૈલી
(ત્રણે ચિત્રો નૅશનલ મ્યૂઝિયમના સૌજન્યથી)



કાલીયદમન
ઈ. ૧૬૫૦ આસપાસના માળવાના
'ભાગવતપુરાણ'માંનું એક ચિત્ર.



વિપ્રલબ્ધા નાયિકા
રાજસ્થાની-મુઘલ શૈલીમાંથી
૧૮મી સદીમાં હિમાચલ પ્રદેશમાં
વિકસેલી કાંગડા શૈલીનું એક ચિત્ર

રાજસ્થાની, માળવા, મુઘલ, પહાડી, દખ્ખણી ને તાંજોર વગેરે, તથા અંગ્રેજોના આવ્યા પછી તેમની અસર પામેલી 'કંપની' શૈલીનાં હજારો ચિત્રોના વિકાસનો તબક્કાવાર પૂરતો ખયાલ આવી રહે એ રીતે એમાંથી ચૂંટી ચૂંટીને ત્યાં ચિત્રો પ્રદર્શિત કરવામાં આવે છે અને દર ત્રણ-ચાર મહિને તે બદલાતાં રહે છે. એથી, લાંબો સમય પ્રકાશમાં ખુલ્લાં રહી તે બગડી જવાના ભય સામે રક્ષણ પણ મળે છે અને પ્રેક્ષકને જે તે શૈલીના દ્યોતક વધુ ને વધુ નમૂનાઓ જોવા મળે છે. આ ચિત્રવીથિની બાજુમાં જ સંસ્કૃત, ફારસી અને અરબી સાથે હિંદની અનેક ભાષાના, અને તાડપત્રથી માંડીને ચર્મપત્ર ને કાગળ પર લખાએલા સંખ્યાબંધ હસ્તલિખિત ને સચિત્ર ગ્રંથોનો સંગ્રહ રજૂ કરેલો છે. એ પણ ત્રણ-ચાર મહિને બદલાતો રહે છે.—સં.

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં



તા. ૧, ૧૭૧૪: જર્મનીમાં હૅનોવરના અર્નેસ્ટ ઑગસ્ટના પુત્ર જ્યૉર્જને, એની માતા સોફિયા જેમ્સ પહેલાની પુત્રી હતી, એ નાતે, ગ્રેટબ્રિટન અને આયર્લૅન્ડની ગાદી મળી. એને અંગ્રેજી ભાષાનું જરાયે જ્ઞાન નહોતું એટલે રાજકાજમાં પ્રધાનો પર આધાર રાખવો પડતો. પરંતુ યુરોપના રાજકારણમાં એ સદા જાગ્રત અને સક્રિય રહેતો. ઈંગ્લંડમાં એનાથી હૅનોવરવંશનો આરંભ થયો.



તા. ૩, ૧૬૧૦: ઉત્તર અમેરિકાની પૂર્વ કંઠારે 'હડસન બે'-ઉપસાગરની શોધ. ઉત્તર ધ્રુવ પ્રદેશના સાગર-કિનારાઓથી પરિચિત હેન્રી હડસનને 'ડિસ્કવરી' નામના વહાણ સાથે પૂર્વના દેશોમાં જવા માટેનો વાયવ્ય દિશાનો સાગરમાર્ગ શોધવા 'મર્ચન્ટ ઍડવેન્ચર્સ' નામક પેઢીએ મોકલ્યો. ગ્રીનલૅન્ડ ને ડેવિસ સામુદ્રધુની પાર કરી તેઓ કિનારાની નજીક રહી દક્ષિણમાં આગળ વધ્યા, પણ વહાણ બરફમાં ફસાઈ પડ્યું ને ફરજિયાત આખો શિયાળો ત્યાં ગાળવો પડ્યો. એ પછી યે હડસને સફર આગળ લંબાવવાનો નિર્ણય લેતાં, ખલાસીઓએ એની સામે બંડ કર્યું અને તેને કેદ કરી, એના નાના પુત્ર તથા બીજા સાત જણ સાથે એક હોડીમાં રઝળતો મૂકીને નાસી ગયા. એ પછી હડસનના કોઈ ખબર મળ્યા નથી. જે વિશાળ ઉપસાગરમાં એણે પ્રવેશ કરેલો તે આજે 'હડસન બે'ના નામે ઓળખાય છે.

તા. ૭: કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનું અવસાન, ૧૯૪૧. યોગાનુયોગે ઈ. ૧૮૭૧માં આ જ તારીખે આ ઠાકુર કુટુંબમાં વિખ્યાત ચિત્રકાર અવનીન્દ્રનાથ ઠાકુરનો જન્મ થયો હતો.



તા. ૧૦, ઇ. પૂર્વે ૪૮૦: થર્મોપિલીનું યુદ્ધ. ગ્રીસમાં થીસિલીને માર્ગે આવતો આ એક સાંકડો ઘાટ છે. ઉત્તરમાંથી આવતા કોઈપણ સૈન્યને આ ઘાટમાંથી જ પસાર થવું પડતું હોઇ લશ્કરી વ્યૂહની દૃષ્ટિએ એનું ઘણું મહત્ત્વ હતું. ઈ. પૂર્વે ૪૮૦માં ગ્રીસ પર ચડી આવેલા ઈરાનીઓને આ ઘાટમાં સ્પાર્ટાના રાજા લીઓનિડસે માત્ર ૧૦૦૦ સૈનિકોની સહાયથી રોકી રાખેલા. પણ કોઈ એક ખૂટલ ગ્રીકના ફૂટી જવાથી ઇરાનીઓએ ગુપ્ત માર્ગે જઈને એમના પર પાછળથી પણ હુમલો કરીને બધા જ ગ્રીકોને રહેંસી નાખ્યા. ગ્રીસના રક્ષણાર્થે બહાદુરીથી લડાએલા એ યુદ્ધનું ત્યાંના ઇતિહાસમાં ઘણું મહત્ત્વ છે.

તા. ૧૭, ૧૮૯૭: સૌરાષ્ટ્રના વિલાતા જતા લોકસાહિત્યને સંશોધી-મૂલવીને જાળવી રાખવાનું અદ્વિતીય કાર્ય કરનાર ઝવેરચંદ મેઘાણીનો



જન્મ. સંસ્કૃત સાથે બી. એ. થઈ તેઓ કલકત્તામાં 'જીવનલાલ ઍલ્યુમીનિયમ'ના કારખાનામાં જોડાયા અને એના કામ અંગે ઈ. સ. ૧૯૧૮માં ઈંગ્લંડ પણ જઈ આવ્યા. ૧૯૨૨માં તેઓ સાપ્તાહિક 'સૌરાષ્ટ્ર' પત્રમાં જોડાયા ને એના સંપાદન સાથે એમણે લોકસાહિત્યનું જે ઉમદા સંશોધન કર્યું તેને ૧૯૨૮માં અમદાવાદની 'ગુજરાતસાહિત્યસભા'-એ 'રણજિતરામ સુવર્ણચંદ્રક'થી નવાજ્યું. સ્વાતંત્ર્ય ચળવળોમાં એમણે ગાએલી વીરવાણીએ એમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ અપાવ્યું. 'સૌરાષ્ટ્ર' પછી 'ફૂલછાબ'માં ને પછી 'જન્મભૂમિ'માં એમણે 'કલમ અને કિતાબ'નું સંચાલન કર્યું. ને ફરી 'ફૂલછાબ'માં આવ્યા અને ૧૯૪૬ સુધી તેનું સંપાદન કર્યું. રાજકોટ સાહિત્ય પરિષદમાં તેમને સાહિત્ય વિભાગનું પ્રમુખપદ અપાએલું. ૧૯૪૭માં ૧૫ માર્ચે એમનું એકાએક અવસાન થયું. સૌરાષ્ટ્રની વીરકથાઓ, સંશોધિત લોકગીતો, ટૂંકી વાર્તાઓ અને મૌલિક કાવ્યો–ગીતો ઉપરાંત એમની નવલકથાઓ પણ સારી પેઠે જાણીતી છે.

તા. ૨૭, ૧૮૮૩: જાવા તથા સુમાત્રા વચ્ચે આવેલો ક્રકતાવ જ્વાળામુખી ફાટ્યો, એમાં ૧૮ ચોરસ માઈલના ટાપુનો લગભગ $\frac{2}{3}$ ભાગ ઊડી ગયો. ૩૦૦૦ માઈલ દૂર એનો ધડાકો સંભળાએલો, ને ૩૫૧૪૭ માણસો માર્યા ગએલા.



જાગો, જુઓ દોરી રહી, દોસ્તો! પ્રભુની આંગળી;
આ પ્રાણપ્યારી માતના હોઠો ફરી મલકાવવા.

—મકરન્દ દવે

યુદ્ધમાં પરાજિત જર્મન ગામડાના એક ખેડૂતને સૈનિકોએ પકડી સીમમાં સારામાં સારો પાક ધરાવતું ખેતર બતાવવા આગળ કર્યો. રસ્તે પાકથી લચી પડેલાં ખેતરો વટાવતા એ ખેડૂતે, તેમને હજી આગળ ને આગળ છેક છેવાડાના એક ખેતર પાસે લઈ જઈને તે બતાવ્યું. એનો પાક જોઈ ચીડાએલા સૈનિકોએ પૂછ્યું: 'આનો પાક બીજાં ખેતરો કરતાં કોઈ રીતે ચડિયાતો નથી; છતાં અમને તું અહીં સુધી કેમ ઘસડી લાવ્યો?' ખેડૂતે જવાબ દીધો: 'આ મારું ખેતર છે. બીજા કોઈનું ખેતર લુંટાવવા કરતાં એ નુકસાન હું જ ખમું એ બહેતર છે.'

અનેકાર્થી શબ્દ: ચંદ્ર=પૃથ્વીની પ્રદક્ષિણા કરતો તેનો ઉપગ્રહ; પિંગળમાં અઠ્ઠાવીસ અક્ષરનો એક અક્ષરમેળ છંદ; 'એક'ની સંજ્ઞા; કપિલો-એક જાતનું સુગંધી દ્રવ્ય; કપૂર; છૂંદણું; રાતું મોતી; સર્પના ઝેર ઉપર વપરાતી એક ઔષધિ; સુંદર, કમનીય, ચાહવા યોગ્ય કે ચડિયાતું; હર્ષજનક; યોનિ.

ગણિતગમ્મત: ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ એમાં (૧×૨)+(૩×૪)+(૫×૬)+(૭×૮)=૧૦૦=૧૦². વળી એ જ રીતે ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, એ નવ આંકમાંથી એકએક અંક છોડીને અનુક્રમે આઘાંપાછાં જોડકાં લેતાં (૧×૩)+(૨×૪)+(૩×૫)+(૪×૬)+(૫×૭)+(૬×૮)+(૭×૯)=૧૯૬ થશે અને તેનું પણ વર્ગમૂળ નીકળશે ૧૪. (—મ. ના. ખત્રી)

કહેવત-કથા—'વચ્ચેનો કંદ, આરોગે નંદ': બેની તકરારમાં ત્રીજો ફાવી જાય એવો બોધ કરતી બે બિલાડી અને વાંદરાની વાત જેવી આ કહેવત પાછળની બોધકથા આવી છે:

ભિક્ષા માગતાં એક ઘેર ભેગા થઈ ગએલા એક બ્રાહ્મણ અને જોગીને ત્યાંથી ભિક્ષામાં બંને વચ્ચે શેરડીનો સાંઠો મળ્યો. પાદરે જઈ એનો ભાગ પાડતાં ટંટો થયો કે ઉપરનો ભાગ કોણ લે ને નીચેનો ભાગ કોણ લે. એવામાં ત્યાંથી નીકળેલા એક વાણિયાને બંનેએ પતાવટ કરવાનું સોંપતાં, તેણે 'અગ્રે અગ્રે વિપ્ર' એમ કહી આગળનો ભાગ બ્રાહ્મણને કાપી આપ્યો; અને 'જટાળો તે જોગી' એમ કહી છૂંછાંવાળો મૂળનો ભાગ જોગીને આપ્યો. અને પછી વચલો (મીઠો) ભાગ પોતાના મહેનતાણા તરીકે રાખી કહ્યું: 'વચ્ચેનો કંદ, તે આરોગે નંદ' (નંદ=વાણિયો).




સમ્રાટ નૅપોલિયનની ૨૦૦મી જયંતી નિમિત્તે બહાર પડનારી ફ્રાંસની ખાસ ટપાલટિકિટ.



બ્રિટનના મિ. રેજિનાલ્ડ એમ. ફિલિપ્સે ૧૯મી સદીની બ્રિટિશ ટપાલટિકિટોનો પોતાનો અદ્વિતીય સંગ્રહ અને પૌંડ ૫૦,૦૦૦ આપીને 'નૅશનલ પોસ્ટલ મ્યૂઝિયમ' સ્થાપ્યું છે' તેના મનમાં, બ્રિટનના ટપાલખાતાએ ટિકિટોની ઉત્કૃષ્ટ ડિઝાઈનો કરવા બદલ આ ત્રણ ઈંચના વ્યાસનો એક સુવર્ણચંદ્રક આપવાનું નક્કી કર્યું છે. પ્રથમ ચંદ્રક અત્યાર સુધીમાં ૪૨ ટિકિટોના ડિઝાઈનર ડેવિડ જેન્ટલમૅનને અપાયો છે.

કરોળિયાની જાળ



કરોળિયાની જાળનો તાંતણો એટલી આત્યંતિક બારીકાઈનો હોય છે કે કોઈ પણ ધાતુમાંથી એટલો બારીક તાર ખેંચી શકાતો નથી. જાણીને નવાઈ લાગશે કે એ મુલાયમ તાંતણો એવા કોઈ પણ ધાતુના તાર કરતાં યે મજબૂત હોય છે. મજબૂતમાં મજબૂત ધાતુના તાંતણા કરતાં પણ તે ત્રણગણી તાકાતવાળો હોય છે.

અને એ સુંવાળા તાંતણાને જો પોલાદ જેટલો અક્કડ બનાવી શકાય તો ઉત્તમ અસ્ત્રાની ધાર કરતાં યે તે પાંચ ગણો તેજ બને!

આકાશી પદાર્થોનાં નિરીક્ષણ માટેનાં તેજસ્વી દૂરબીનોમાં, તારાઓનાં અંતરોની ગણત્રી મૂકવાના માપ માટે બારીકમાં બારીક વસ્તુ જોઈએ; અને તેને માટે કરોળિયાની જાળનો તાંતણો જ વપરાય છે.

એ એટલો તો બારીક હોય છે કે તેજમાં તેજ હીરાકણીથી આંકી શકાતી બારીકમાં બારીક લીટીનો પણ તે ત્રીજો ભાગ થાય.

ઈંચમાં તેનું માપ જાણવું છે? કરોળિયાની જાળના એક તાંતણાની જાડાઈ $\frac{૧}{૧૦૦૦૦૦}$ થી $\frac{૭}{૧૦૦૦૦૦}$ ઈંચ સુધીની હોય છે!

હવે બીજું માપ જોઈએ: એક જ રતલ વજનની કરોળિયાની જાળ હોય તો તે આખી પૃથ્વીને આંટો ફરી વળે!



ખોટી વાત: રાતા સમુદ્રનું નામ તેના પાણીનો રંગ રાતો હોવાથી પડ્યું હોવાની વાત ખોટી છે. તેનું પાણી બીજા સમુદ્રો જેવું જ છે એ તો સૌ મુસાફરો જાણે છે. ત્યાંના કિનારાના જળપ્રદેશમાં ઢગલાબંધ ઊગતી એક જાતની વનસ્પતિનાં ટોચકાંના લાલાશ પડતા રંગને લીધે એ નામ પડયું હોવાનું એક કારણ મનાય છે; બીજું કારણ તેના કિનારે વસતા તામ્રવર્ણી લોકોને લીધે કદાચ હોય.



લગભગ એક અમેરિકન ડૉલરની કિંમતના, ગ્વાટેમાલાના આ સિક્કાનું 'કેટ્ઝલ' નામ ત્યાંના રાષ્ટ્રીય પક્ષીના નામ પરથી પડયું છે. ત્યાંના રાષ્ટ્રચિહ્ન, ધ્વજ ને ટપાલટિકિટ પર પણ એનું આલેખન થયું છે. ચળકતી લાલ છાતી ને ત્રણેક ફૂટ લાંબી પૂછડીવાળો આ નર દુનિયાનાં સુંદરતમ પક્ષીઓ પૈકી એક ગણાતો હોઈ સદીઓથી મધ્ય અમેરિકામાં લોકપ્રિય છે. પણ આજે હવે કપાતાં જતાં જંગલોને કારણે આ પક્ષી નામશેષ બનતું જાય છે.